॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા

# મૌનમંદિરનો મર્મ

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# મૌનમંદિરનો મર્મ

## મૌનએકાંતના સાધકો સમક્ષ
## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનો

સંપાદક
રમેશ મ. ભટ્ટ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૮૪ | ૨૦૦૦ | ત્રીજી | ૨૦૦૧ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૯૪ | ૧૦૦૦ | ચોથી | ૨૦૦૮ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૬+૧૦૮=૧૨૪

❑ પડતર કિંમત : **રૂ.** ૩૦/-

❑ વેચાણ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને હરિઃૐ આશ્રમ, સુરતની
નાનીમોટી જરૂરિયાતો અંગે ખ્યાલ રાખી વખતોવખત
તે દિશામાં સહાયક બની રહેનાર,
તેમ જ
આશ્રમની મુખ્ય એવી એક મૌનરૂમની સેવાપ્રવૃત્તિમાં
જેઓના સહારે એ કામગીરી નિયમિત રીતે ઘડિયાળના
ટકોરે વર્ષોથી ચાલી રહી છે, એમાં જે સેવકોની
સેવા પાયામાં પ્રવર્તે છે, એવા સેવકોના
ગણવેશ તૈયાર કરી આપવા માટે પણ જેઓ
સદાય તત્પર રહે છે,
એવાં સુરતનિવાસી
**શ્રીમતી તારાબહેન મગનલાલ પ્રેસવાળાને**
પૂજ્ય શ્રીમોટાની વાક્સુધા જેમાં ગ્રંથસ્થ થઈ છે,
એવા પ્રકાશન **'મૌનમંદિરનો મર્મ'**ની
આ ચોથી આવૃત્તિ સમર્પિત કરી અમો કૃતાર્થ
થયાનો ભાવ અનુભવીએ છીએ.

તા.૨૪-૮-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**
જન્માષ્ટમી હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | યાત્રાનું ભાથું | ૧ |
| ૨. | સમાજ અને કાળપુરુષ | ૫ |
| ૩. | મનુષ્યજીવનનું મહત્ત્વ | ૧૪ |
| ૪. | મહત્ત્વાકાંક્ષા | ૧૯ |
| ૫. | સનાતન સુખ | ૨૫ |
| ૬. | ચેતનનિષ્ઠનું ગૂઢ કાર્ય | ૩૨ |
| ૭. | શોધો તો જડશે | ૪૦ |
| ૮. | મૌનમંદિરમાં ધર્મસંસ્કાર | ૫૩ |
| ૯. | આ બધું દુઃખ શા માટે ? | ૫૮ |
| ૧૦. | નિરંતર અભ્યાસ કેળવો | ૬૭ |
| ૧૧. | મૌનમંદિર ઉત્તમ સેવા | ૭૫ |
| ૧૨. | ભેદમાં અભેદ | ૮૬ |
| ૧૩. | શબ્દનું આધ્યાત્મિક વિજ્ઞાન | ૯૪ |

॥ હરિઃૐ ॥

# સંપાદકનું નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, સુરતમાં દર અઠવાડિયે મૌનએકાંતના સાધકો સમક્ષ પ્રવચન આપતા. જે એક સપ્તાહ કે એથી વધુ દિવસ માટે મૌનમંદિરમાં પ્રવેશનાર તથા મૌનમંદિરમાં સપ્તાહ પૂરું કરી બહાર આવનાર સમક્ષ જે બોલતા એની નોંધ ઉપરથી આ પુસ્તક તૈયાર થયું છે. પૂજ્ય શ્રીમોટાની આ 'વાતો' છે. આવી વાતો દ્વારા પૂજ્ય શ્રીમોટાએ આધ્યાત્મિક જીવનની ઘણી રહસ્યમય બાબતો પ્રગટ કરી છે. એ કોઈ પણ શ્રેયાર્થીને પ્રસન્ન કરે અને પ્રેરણા આપે એવી છે.

પૂજ્ય શ્રીમોટાના વ્યક્તવ્યનું કેંદ્ર છે–'ભગવાનના નામનું સ્મરણ.' એ વિષયકેંદ્રને અનુવર્તીને જ તેઓશ્રી જે તે કાંઈ કહે છે. બીજું એટલું જ મહત્ત્વનું લક્ષબિંદુ એ નામસ્મરણનો હેતુ છે. નામસ્મરણનો હેતુ રાગદ્વેષ મોળા પાડવાનો છે. પૂજ્ય શ્રીમોટા આ હેતુ પરત્વે સભાન રહેવા માટે વારંવાર કહ્યા કરે છે. એની પાછળ મર્મ રહેલો છે. ભગવાનના નામનું રટણ કે સ્મરણ કરવા માત્રથી જ્ઞાનતંતુઓ મજબૂત બને છે, એ તો એનું અનિવાર્ય પરિણામ છે, પણ શ્રેયાર્થી સમજણપૂર્વક પોતે જે હેતુથી નામસ્મરણ કરે છે, એ પરત્વે જો લક્ષ રાખે, તો રાગદ્વેષ મોળા પાડવા માટે ભગવાનના નામનું સ્મરણ ઘણું જ કામયાબ નીવડે છે.

આની સાથે જ બેવડો લાભ છે. રાગદ્વેષ મોળા પડવાની ભૂમિકા રચાતાં મન, બુદ્ધિ અને ચિત્તમાં નામસ્મરણનો ઉઠાવ વળી અનોખી

રીતે થાય છે. હેતુની સભાનતા વિના થયા કરતા જપ કરતાં, આવી ભૂમિકાથી થતું નામસ્મરણ અંતઃકરણોનું શોધન કરવામાં અત્યંત વેગીલું અને ઊંડાણવાળું બને છે. આવા અનુભવ માટે પૂજ્ય શ્રીમોટા પ્રયોગ કરી જોવાનું કહે છે. આવો પ્રયોગ પોતે સિદ્ધ કરેલો છે. આથી, જે કોઈ એમના વચનબળ ઉપર શ્રદ્ધા દાખવીને આવા પ્રયોગનો અભ્યાસ કરવા માંડે, તો જીવનમાં વહેવારમાં એને રાગદ્વેષની પકડ ઢીલી પડેલી અનુભવાય છે.

પૂજ્ય શ્રીમોટાની રાગદ્વેષ અંગેની વાતમાં એક મર્મ રહેલો છે. તેઓશ્રીએ રાગદ્વેષને 'મોળા પાડવા'ની વાત કહી છે, રાગદ્વેષને નિર્મૂળ કરવાની વાત કરી નથી. રાગદ્વેષ જીતવા દોહ્યલા છે. એ કામ સહેલું નથી, પણ જે રાગદ્વેષાદિ અનેક દ્વંદ્વોથી પર થયેલા એવા ચેતનનિષ્ઠ-આત્મનિષ્ઠ પુરુષના વચનબળથી ઘણું કામ સિદ્ધ થઈ શકે છે. રાગદ્વેષની પકડથી આપણું જીવન દુઃખ, ક્લેશ, સંતાપ, અથડામણ અને વેદનાઓથી ભર્યું ભર્યું રહે છે. રાગદ્વેષની પકડ ઢીલી પડતી અનુભવાય ત્યારે એ સહેજ મોળા પડવાની ભૂમિકા રચાય છે એમ ગણાય. પૂજ્ય શ્રીમોટા, આ વાતો દરમિયાન વારંવાર કહે છે તેમ સુમેળ અને સદ્‌ભાવભર્યા વર્તાવથી જ જીવનનો વિકાસ થવાનો છે. જ્યારે આપણે જીવનમાં આચરણ કરવાનું આવે એ પળે આપણા હૃદયમાં, મનબુદ્ધિમાં કેવા પ્રકારનો ભાવ વર્તાય છે, એ ઉપરથી દરેકે પોતાની અવસ્થાનું માપ કાઢવાનું છે. ટેવ, મડાગાંઠ, માન્યતા, મતાગ્રહ વગેરેની ખેંચ ઘટે એવાં લક્ષણ સ્પષ્ટ વર્તાવાં જોઈએ. પૂજ્ય શ્રીમોટાની આ એક અજોડ વિશેષતા

છે કે પ્રભુમય જીવનની પ્રત્યેક ભૂમિકાનાં લક્ષણો એમણે સ્પષ્ટ તારવી બતાવ્યાં છે. જેથી, પ્રભુમય જીવન માટે સજ્જ બનેલી કોઈ પણ વ્યક્તિ ગાફેલ ન રહે.

જીવનમાં આવા પ્રકારના વર્તનની ભૂમિકા પ્રત્યે જાગૃત રહેવા માટે આપણને લગની લાગે, તમન્ના પ્રગટે અને પ્રબળ જિજ્ઞાસા રહ્યા કરે એ જરૂરી છે. એ માટે તેઓશ્રીએ મૌનએકાંત મંદિરોની રચના કરી છે. અને આ મૌનએકાંત દ્વારા તેઓશ્રીએ ‘ઉત્તમ સેવા’ કરી છે, એમ એમણે કહ્યું છે. અહીં ‘સેવા’ શબ્દનો સામાન્ય અર્થ ગ્રહવાનો નથી, પણ આત્માનુભવી પુરુષની સૂક્ષ્મ અને ગૂઢ ક્રિયાનો સંકેત કરતો એ શબ્દ છે, કેમ કે મૌનમંદિર એ કેવળ એકાંત પૂરું પાડતો અંધારો ઓરડો જ નથી, પણ એના વાતાવરણના સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુમાં પૂજ્ય શ્રીમોટાની ભાગવતી પ્રેમરૂપ ચેતનાની નિરંતર સક્રિયતા છે. મૌનમંદિરમાં પ્રવેશતા સાધકના હૃદયસ્થ પ્રભુભાવ સાથે એ ચેતના સંકળાય છે અને એને પોતાની પ્રકૃતિનાં જોશ તથા ઇંદ્રિયોની ગતિનું સ્પષ્ટ દર્શન કરાવે છે. મૌનમંદિરમાં રહેલો સાધક કશા જ પ્રયત્ન વિના આ પ્રક્રિયામાં આવી જાય છે, એ પૂજ્યશ્રીની ગૂઢ ચેતનાશક્તિનો પ્રભાવ છે. આ રીતે પ્રગટ પરમાત્મા, પ્રચ્છન્ન આત્માનું ‘સેવન’ અનુભવે છે. અને ચેતન પુરુષની આવી ‘સેવવાની ગૂઢ ક્રિયાથી જે જીવાત્મા મૌનમંદિરમાં છે, એનામાંથી કંઈક ને કંઈક ‘નવું જન્મતું’ અનુભવાય છે. મૌનમંદિરમાં શ્રેયાર્થીને જે અવનવા આંતરિક અનુભવો થાય છે કે અકારણ આનંદ, ઉમંગ, ઉત્સાહના ઊભરા અનુભવાય છે, એ પૂજ્ય શ્રીમોટા જેને ‘સેવા’ કહે છે, એવી સૂક્ષ્મ સેવનની ગૂઢ ક્રિયાનું પરિણામ હોય છે.

માટે, તેઓશ્રી કહે છે કે 'સંસારવહેવારમાં પ્રારબ્ધયોગે જે કોઈ મળે, એના જીવનને ભાવનામાં ઊંચે પ્રગટાવવાનો આ સ્થાને મળવાનો હેતુ છે. એટલા ખાતર ગુરુમહારાજની કૃપાથી આશ્રમ કર્યો છે. હું તમારો સંબંધ ઇચ્છું છું ખરો, પણ તમારે પળભર ચસવું ન હોય કે તમારામાં જરાસરખો પણ ફેરફાર થવા દેવો ન હોય, તો એવા સંબંધની જરૂર નથી. એના કરતાં મારે ભગવાન સાથેનો સંબંધ સારો છે. તમારે રાગદ્વેષનાં કૂંડાળાંમાં પડ્યા રહેવું હોય, તો મારી સાથેના સંબંધનો કશો અર્થ નથી.' આનો સ્પષ્ટ અર્થ એ છે કે પૂજ્ય શ્રીમોટા સાથેના સંબંધથી રાગદ્વેષનાં કૂંડાળાંમાંથી નીકળવા માટે મથવાની શક્તિ પ્રગટ થાય છે.

આ હકીકતનો અનુભવ મૌનમંદિરમાં થાય છે. હવે, પૂજ્ય શ્રીમોટા સાથેનો સંબંધ સૂક્ષ્મ નિમિત્તો દ્વારા થઈ શકે છે. અક્ષરસ્વરૂપ-અક્ષરદેહ એ એમની સાથેના સંબંધનું ઉત્તમ નિમિત્ત છે. તેઓશ્રી શબ્દો દ્વારા એના વાંચનાર સાથે જાણે પ્રત્યક્ષ વાત કરે છે. આવા નિમિત્ત દ્વારા સંબંધમાં આવનાર જિજ્ઞાસુ-શ્રેયાર્થી પૂજ્ય શ્રીમોટાની ચેતનાનો સૂક્ષ્મ સ્પર્શ અનુભવે છે અને એનું પરિણામ પ્રમાણી શકે છે. આવા સ્પર્શનો અનુભવ કરવાનું સ્થળ મૌનમંદિર છે.

મૌનમંદિરમાં પૂજ્ય શ્રીમોટાની ચેતના સાધકનાં અંતઃકરણોને એની જેવી ભૂમિકા હોય, એ રીતે એ એટલા પ્રમાણમાં ભાવનાની સ્થિતિમાં ઊંચે લાવે છે. આ રીતે જે ઊર્ધ્વ ભાવમાં સાધક આવે છે એનું કારણ એનાં અંતઃકરણોમાં તેમ જ એના સૂક્ષ્મ શરીરમાં રહેલાં ચક્રોને એ ચેતનાશક્તિ ભેદે છે. સૂક્ષ્મ શરીરનાં સૂક્ષ્મ ચક્રો ભેદવાની પ્રક્રિયા

તેઓશ્રીએ સમજાવી છે. ('ચેતનનિષ્ઠનું ગૂઢ કાર્ય'). પોતે સૂક્ષ્મ ચક્રો ભેદવાની વિદ્યાના જાણકાર છે. 'એ ચક્રોની વિદ્યાનો સૂક્ષ્મમાં વ્યક્ત અને અવ્યક્ત ભાવ છે. એવા અવ્યક્ત ભાવની સ્થિતિમાં કે એવા અવ્યક્ત ભાવથી કે શબ્દથી એ વિદ્યાનો જાણકાર અન્યને એમાં ગતિ કરાવે છે' એમ તેઓશ્રીએ સ્પષ્ટ કહ્યું છે.

સામાન્ય જીવાત્મામાં આવી ગૂઢ-સૂક્ષ્મ ક્રિયા દ્વારા પૂજ્યશ્રી ઊર્ધ્વ ભાવોની જાગૃતિ કરાવી આપે છે. આ વિદ્યા વિશેષતઃ મૌનમંદિરમાં શક્ય હોય છે, કેમ કે સાધકનાં અંતઃકરણો ત્યાં ભાગ્યે જ અવરોધ કરનારાં હોય છે. પૂજ્યશ્રીના હૃદયમાં પ્રગટેલી પ્રેમચેતનાનું આ કાર્ય એમને પ્રારબ્ધયોગે મળેલાં અને મૌનએકાંતનો આશ્રય લઈ જીવનને ઉન્મુખી ભાવનામાં પ્રેરવવા ઝંખનારા જીવોમાં આવી અનેક ગૂઢ ક્રિયાઓ રૂપે થતું હોય છે. આવી સૂક્ષ્મ વિધિ દ્વારા સાધકમાં ઘણા જ પ્રમાણમાં સાત્ત્વિક ગુણો પ્રગટતા હોય છે.

માટે, તેઓશ્રીએ સ્પષ્ટ લખ્યું છે કે 'મૌનમંદિરમાં બેસો તો ભાવનામાં ઊંચા થવાય. જેઓ મથે એને સંસ્કારો પડે. એ ક્યાં જવાના ? અંદર બેસનારને એવા અનુભવ થાય છે. તર્કની રીતેય પ્રકાશનો અનુભવ થાય છે. કોઈ લાખ રૂપિયા આપે એના કરતાંય આ પ્રકાશનો અનુભવ થાય એ વિશેષ છે, કેમ કે એના સંસ્કાર છેક કારણશરીરને સ્પર્શે છે.' એ પછી તેઓશ્રીએ કારણશરીરની હકીકત સમજાવી છે.

મૌનમંદિરના આવા ગહન-ગૂઢ મર્મની હકીકત આ પુસ્તકના શબ્દે શબ્દે છુપાયેલી છે. હાર્દ ગ્રહણ કરવાના હેતુથી વાંચનાર શ્રેયાર્થી પૂજ્ય શ્રીમોટાની વાણીની રહસ્યમયતા પામી શકશે અને મૌનમંદિર દ્વારા થતાં મહાન કાર્યનું આધ્યાત્મિક મૂલ્યાંકન કરી શકશે.

અગાઉનાં બંને પુસ્તકોએ - 'મૌનએકાંતની કેડીએ' તથા 'મૌનમંદિરનું હરિદ્વાર' - ઘણા જિજ્ઞાસુઓને મૌનએકાંતની સાધના પ્રત્યે અભિમુખ કર્યા છે અને પ્રેર્યા છે. એ જ શ્રેણીનું આ ત્રીજું પુસ્તક 'મૌનમંદિરનો મર્મ' એટલું જ માર્ગદર્શક અને પ્રેરક બનશે જ. આ સંપાદન નિમિત્તે પૂજ્યશ્રીની ઉપાસના થાય છે એનો આનંદ છે. આવા કાર્યના નિમિત્ત બનાવવા માટે હરિઃૐ આશ્રમના ટ્રસ્ટીઓ અને પૂજ્ય શ્રી નંદુભાઈનો હૃદયપૂર્વક આભારી છું.

**રમેશ મ. ભટ્ટ**

• • •

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, સુરતમાં દર અઠવાડિયે મૌનએકાંત લેનાર સ્વજનો સમક્ષ મૌનએકાંતની સાધના પદ્ધતિ વિશે તથા જીવનના વિકાસ પ્રરત્વે કેવી રીતે સાવધાન રહેવાય એ વિશે થોડીક મિનિટો બોલતા હતા. એ વાતોની નોંધ સદ્‌ગત ભાઈશ્રી ચૂનીભાઈ તમાકુવાળાએ તથા ભાઈશ્રી ચંપકભાઈ ભૂતવાળાએ કરેલી. એ વ્યક્તવ્યોની નોંધ પૂજ્ય શ્રીમોટા વાંચી જતા હતા. આથી, એ નોંધો અધિકૃત ગણાય. આ પ્રવચનોની હસ્તલિખિત નોટબુકો સુરતનાં મૌનમંદિરોમાં રાખવામાં આવતી હતી, કેમ કે એ વાંચવાથી કોઈક સાધકને પ્રેરણા મળે.

એક વખત ભાઈશ્રી ધીરુભાઈ મોદીએ આ નોટબુકો પોતાના મૌનએકાંત દરમિયાન વાંચી. પરિણામે એમના જીવનમાં એમને ઘણી પ્રેરણા મળી. આથી, આ લખાણ છપાય તો ઘણા લોકોને લાભ મળે એવા હેતુથી એનું પ્રકાશન કરવાની એમના દિલમાં ભાવના જાગી. પરિણામે એમણે, મણિનગર (અમદાવાદ)નાં શ્રીમતી ડાહીબહેન ચીમનલાલ પટેલના સહયોગથી ‘મૌનએકાંતની કેડીએ’ પુસ્તક છપાવીને હરિઃૐ આશ્રમને અર્પણ કર્યું. એ પુસ્તક ખૂબ જ લોકપ્રિય બન્યું અને ઘણાંને પ્રભુસ્મરણના માર્ગે પ્રેર્યાં. એ પુસ્તક વાંચીને મુંબઈના સુપ્રસિદ્ધ ડૉક્ટર શરદભાઈ દેસાઈને પ્રેરણા જાગી એટલે એમણે એ જ નોટબુકમાંનાં બીજાં વ્યાખ્યાનોનું પુસ્તક ‘મૌનમંદિરનું હરિદ્વાર’ પ્રકાશિત કર્યું. પૂજ્ય શ્રીમોટાનાં બીજાં ઘણાંય પ્રવચનો છપાયાં વિનાનાં બાકી હતાં.

આમ, આ શ્રેણીની હારમાળા થવા સર્જાયું હશે-આ ત્રીજું પુસ્તક ‘મૌનમંદિરનો મર્મ’ના પ્રકાશનનો તમામ ખર્ચ શ્રીમતી ડૉક્ટર સરોજબહેન જિતેન્દ્રભાઈ શાહે (આંખના સર્જન-સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ) પ્રેમભાવે આપ્યો છે. તેવા તેમના ભાવ માટે અમો ઘણા

ઘણા તેમના આભારી છીએ. હજી બીજાં બે પુસ્તકો આ શ્રેણીમાં થાય એટલાં પ્રવચનો અપ્રગટ અમો પાસે છે, જે હવે પછી એની કૃપાથી પ્રગટ થશે તેવી આશા છે.

અગાઉનાં બંને પુસ્તકોની જેમ જ આ ત્રીજા પુસ્તકનું સંપાદનકાર્ય ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે કર્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભાવની વૃદ્ધિને કાજે એ આ કાર્ય કરે છે. એવી એમની ભાવનાની અમે દિલથી કદર કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનું આ પુસ્તક જિજ્ઞાસુઓને જરૂર પ્રેરક અને માર્ગદર્શક નીવડશે એવી શ્રદ્ધા છે. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણની આવક તેઓશ્રીના આદેશ અનુસાર નાનાં ગામડાંઓમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવી આપવાનાં કાર્યમાં વપરાય છે.

તા. ૧૩ જુલાઈ, ૧૯૮૪ **-નંદુભાઈ**
સં. ૨૦૪૦, ગુરુપૂર્ણિમા મૅનેજિંગ ટ્રસ્ટી
હરિઃૐ આશ્રમ, નડિયાદ-સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, સુરતમાં દર અઠવાડિયે મૌનએકાંત લેનાર સ્વજનો સમક્ષ મૌનએકાંતની સાધના પદ્ધતિ વિશે તથા જીવનના વિકાસ પરત્વે કેવી રીતે સાવધાન રહેવાય એ વિશે થોડી મિનિટો બોલતા હતા. એ વાતોની હસ્તલિખિત નોટબુકો મૌનમંદિરમાં રાખવામાં આવતી હતી. આ નોટબુકો ઉપરથી મૌનએકાંત વિશેનાં પુસ્તકો છપાયાં. જેવાં કે-**'મૌનમંદિરમાં પ્રભુ', 'મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા', 'મૌનએકાંતની કેડીએ', 'મૌનમંદિરનું હરિદ્વાર'** અને **'મૌનમંદિરનો મર્મ'.**

**'મૌનમંદિરનો મર્મ'** પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૮૪માં શ્રીમતી ડૉક્ટર સરોજબહેન જિતેન્દ્રભાઈ શાહના, બીજી આવૃત્તિ ૧૯૯૪માં ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના નિવૃત્ત વડા ડૉ. જયંતીભાઈ શાહે એમનાં માતાપિતાની પુણ્યસ્મૃતિમાં આર્થિક સહયોગ આપી પ્રકાશિત કરેલી. ૬ વર્ષ પછી આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તકનું સંપાદનકાર્ય ડૉ. રમેશભાઈ ભટ્ટે કર્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભાવની વૃદ્ધિને કાજે એ આ કાર્ય કરે છે. એવી એમની ભાવનાની અમો દિલથી કદર કરીએ છીએ.

આ પુસ્તકના ટાઈટલને ચાર કલરમાં છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયશભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારનાં પુસ્તકોને આવકારવા બદલ અધ્યાત્મરસિક ગુજરાતી પ્રજાને ધન્યવાદ પાઠવીએ છીએ.

**સી. ડી. શાહ**
મૅનેજિંગ ટ્રસ્ટી

હરિઃૐ આશ્રમ,
નડિયાદ,
જાન્યુઆરી, ૨૦૦૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનો 'શબ્દ' વિવિધ સ્વરૂપે વ્યક્ત થયો છે અને જળવાઈ રહ્યો છે. હરિઃૐ આશ્રમ, સુરતના મૌનમંદિરના લાભાર્થીઓ સમક્ષ પૂજ્ય શ્રીમોટાએ જે બે શબ્દો વ્યક્ત કર્યા હતા, તેને એક સ્વજને નોંધી લીધા હતા. આ નોંધના આધારે તૈયાર થયેલ પ્રકાશનો પૈકી **'મૌનમંદિરનો મર્મ'**ની અત્યાર સુધીમાં ત્રણ આવૃત્તિની ચાર હજાર પ્રત સ્વજનો પાસે પહોંચી ગઈ છે.

હાલમાં આ પ્રકાશનની એક પણ પ્રત ઉપલબ્ધ ન હોવાથી તેમ જ સરળ ભાષામાં જીવન જીવવા માટેનો પૂજ્ય શ્રીમોટાના સંદેશ પ્રત્યે સ્વજનોની રુચિ વધી રહી છે, ત્યારે આ પુસ્તકની ચોથી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો ઘણા આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા.૨૪-૮-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**
જન્માષ્ટમી હરિઃૐ આશ્રમ, સુરત

# મૌનમંદિરનો મર્મ

❑

પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

॥ હરિઃૐ ॥

# ૧. યાત્રાનું ભાથું

## યાત્રાનો હેતુ

યાત્રા કરવાનો હેતુ તો મંગલમંદિર ખોલવાનો છે. મૂળમાંથી ફેરફાર કરવા માટે યાત્રા છે. જે વાતાવરણમાં આપણે જકડાયેલા છીએ એમાંથી છૂટી જવું, હળવાશ મેળવવા માટે બહાર ફરવું અને જુદી જુદી જગાઓ જોવી, એને લોકો યાત્રા કહે છે, પણ એ ખોટું છે. એ એક પ્રકારનો દંભ છે. યાત્રાનો ખરો હેતુ તો આપણી ભાવના કેળવવા માટે છે, આપણા હૃદયમાં રહેલું મંગલમંદિર છે, એ ખોલવાનો છે. એ મંગલમંદિરને ખોલવા માટે આજે આશ્રમમાંથી બે ભાઈઓ યાત્રા કરવા જાય છે.

## યાત્રા કેવી રીતે કરવી ?

આજે મારે તેમને એટલું જ કહેવાનું છે કે હરતાંફરતાં એવા પ્રકારની વાતો કરજો કે જેથી તમારા હૃદયમાં ભાવના કેળવાય. તમે તપ કરવા જાઓ છો. વળી, આશ્રમ વતી જાઓ છો. માટે, એક પાઈનો પણ ખોટો ખર્ચ કરશો નહિ. તમારો સામાન તમારી જાતે જ ઊંચકજો. તમે ફરવા કે શહેરો જોવા જતા નથી એનો ખ્યાલ રાખજો. મોજ-મજા કરવા ખાતર જશો તો તો ઊંધા પ્રકારના સંસ્કાર દિલમાં દાખલ કરશો. આ યાત્રા દ્વારા હૃદયમાંનું મંગલમંદિર ખોલવાનું દિલમાં જાગ્યું હશે, તો જરૂર ભાવના કેળવાશે. એવી ભાવના કેળવવાને એવા પ્રકારની જ વાતો કરજો, એવા પ્રકારનું વાંચજો અને એવી રીતે રહેજો.

## શિલ્પમાં ભાવના

દક્ષિણમાં મંદિરો જોઈને ખ્યાલ આવશે કે અસલ કેવી ભાવના હતી. એક એવો મત પણ છે કે ભાવનાપ્રધાન રાજાઓએ લોકો પાસે બળજબરીથી બધું બંધાવ્યું છે, પણ જો બળાત્કારથી આ બધું થયું હોય, તો પથ્થરોમાં જે દિલ રેડાયું છે એ ન બનત. માત્ર વેઠિયા જેવું કામ થાત. કુંભકોણમ્‌માં એક મંદિર છે. એની શિલ્પકળાનાં વખાણ 'કુમાર' માસિકમાં પ્રગટ થયેલાં. વેઠ કરાવીને કે બળાત્કારથી આવાં કામ નીપજે નહિ.

## સંસ્કારની અસર

રશિયામાં પણ બળજબરીથી - બળાત્કારથી કામ કરાવાય છે, એ ખોટી વાત છે. લોકોમાં એવા સંસ્કાર જરૂર રેડ્યા છે કે કોઈ ઓછું કામ કરે નહિ. દરેકને એમ જ થાય કે રાષ્ટ્રને વધારેમાં વધારે કામ આપું, વધારેમાં વધારે ઉત્પાદન આપું. ત્યાં પ્રજામાનસમાં આવા સંસ્કારો રેડવામાં આવ્યા છે. પ્રજાનું માનસ સંસ્કારો દ્વારા સમગ્રપણે કેળવી શકાય. રશિયાએ આ મોટામાં મોટો પ્રયોગ દુનિયા આગળ મૂક્યો છે. આપણા ઋષિમુનિઓએ કથા-વાર્તા-આખ્યાનો દ્વારા આ જાતની જ પ્રણાલી પાડી છે. તેઓ મશાલ લઈને સતત ફર્યા કરેલા. આથી, અનેક ગામોને એનો લાભ મળેલો. એના ધાર્મિક લાભો સમૂહગત રીતે ઊગેલા. એ સંસ્કારને લઈને લોકોમાં ભાવના રહેલી.

## યાત્રા - એક માધ્યમ

આ મનુષ્યજીવન છે. તે ખાઈ-પીને મજા કરવા કે સુખી થવા માટે નથી, પણ એનો ઉચ્ચ હેતુ છે. એવા હેતુ માટે

ભાવના કેળવાય એ માટે જુદાં જુદાં માધ્યમો-સાધનો શોધેલાં. આ યાત્રાએ જવાનું શોધાયું, એ પણ ભાવના કેળવવાનું એક માધ્યમ છે. પહેલાંની યાત્રા એટલે ખૂબ મુશ્કેલીનો માર્ગ. રસ્તામાં લૂંટાવાનો તથા જંગલી પ્રાણીઓનો ભય રહેતો. એટલે એવી યાત્રા કરવા ભાવનાવાળાઓ જઈ શકતા. આજે તો ગમે તે વ્યક્તિ જઈ શકે છે.

## રખડશો નહિ

આજે જે ભાઈઓ જાય છે, એ શહેરો આવે તો એ જોવા માટે જતા નથી, પણ ભગવાનની ભાવના દિલમાં ઊગી શકે એ માટે જાય છે. દક્ષિણમાં તો આપણા સુરત જેટલું અડધું શહેર સમાઈ જાય એવાં જબરજસ્ત મંદિરો છે. ત્યાંનું કડિયાકામ તથા કોતરકામ જોતાં આપણને લાગે કે દિલમાં ભાવ જાગ્યા સિવાય તે ઉપજાવી ન શકાય. માટે, એવા પ્રકારની ઉચ્ચ ભાવના કેળવજો અને જીવનમાં એવો મોટો ફેરફાર કરીને આવજો. એવું ન કર્યું તો યાત્રાનો હેતુ ફળવાનો નથી. એવા ને એવા પાછા આવશો તો હું બધાંની વચ્ચે કહીશ કે 'આ રખડવા ગયેલા.'

## આપવાનો હેતુ

મારા ગુરુમહારાજે પહેલાં કહેલું કે 'જેટલું ખરચવાનું હોય એટલું મેળવવાની દાનત રાખ.' મારા ગુરુમહારાજે તો મને કાચો પારો આપેલો છે. માટે, તમે તો જે આપશો તે પચી જશે, પણ તમે તો ઊંટ લઈને સોયનું દાન કરો છો એ બરાબર નથી. માટે, આપીને ભાવના મેળવવાનું કરશો. નહિતર આપેલું પણ નકામું જશે.

## કરકસર અને પરિશ્રમ

યાત્રામાં બે જ વખત જમવું. સામાન માથે ઊંચકવામાં કશી શરમ રાખવી નહિ. આશ્રમમાં હું એ પ્રમાણે કરતો. એક વખત નરહરિભાઈ પરીખ સામે મળેલા ત્યારે એમણે પૂછેલું કે 'આમ કેમ ?' મેં કહેલું કે 'માટલું માથે મૂકીને જ વાતમાં મજા આવે છે.' તમે કરકસરથી રહેજો. આશ્રમ વતી જાઓ છો એટલે ભાવના કેળવજો, ભજનો કરજો, 'મોટા'ના અનુભવના પ્રસંગોની વાતો કરજો. જેનાથી તમારા દિલમાં ભાવના કેળવાયા કરે એવી વાતો એકબીજાને કરવી. કોઈ બીજી વાત કરે તો બે સંભળાવી દેવી. તમે એવું ભાથું બાંધીને આવજો કે અમે ટટ્ટાર થઈ કાંઈ કહી શકીએ.

*તા. ૧૬-૭-૧૯૬૧*

॥ હરિઃૐ ॥

# ૨. સમાજ અને કાળપુરુષ

## નિરંતર નવસર્જન

મનુષ્ય સમાજને આગળ વધવાનું હોય તો તેવો કાળ પાકે. એની સામે કોઈ આદર્શ હોય તો એ માટે મરી ફીટવાની તમન્ના જાગે. જો સમાજ પાસે કોઈ આદર્શ હોય, તો ચડતીના કાળમાં એ ઊંચો આવે. આખી દુનિયામાં આવો ચડતી-પડતીનો ક્રમ ચાલ્યા જ કરે છે. એક સમાજ ચડતીમાં આવે તો બીજો સમજા પડતીમાં આવે. આમ, સમાજનું નવસર્જન થયા કરે છે અને કાળે કરીને તેમ જ ક્રમે કરીને માનવસમાજ ઊંચો આવે છે.

## સમાજ કેવી રીતે ઉત્થાન પામે ?

જ્યારે સમાજમાં કાળની ભીંસ આવી પડે છે, દુઃખના દાવાનળ પ્રગટે છે, ત્યારે એ સમાજ ઘોર તંદ્રામાંથી સળવળાટ અનુભવે છે અને નવી જાગૃતિને પામે છે. એ વખતે તેની પાસે ઊંચો આદર્શ હોય અને એ પ્રકારની પ્રવૃત્તિમાં પડેલો હોય, તો એનામાં ઊંચી ભાવના પ્રગટવાનો ઉત્સાહ પ્રગટે છે. એ ન પ્રગટે ત્યાં સુધી પુનરુત્થાન શક્ય નથી. જ્યારે પુનરુત્થાન થવાનું હોય ત્યારે એવી વ્યક્તિ પણ જન્મે છે. એવી વ્યક્તિને લીધે સમાજમાં હિંમત-બળ આવે છે. વ્યક્તિમાં કાળનું જબરજસ્ત લક્ષણ હોવાથી કાળનો મરણિયો નિર્ધાર પ્રગટે છે. એ સંકલ્પ વિસ્તારની દશામાં આવે છે અને મનુષ્ય હૃદયને પડકાર કરે છે. એ ઘોર તામસમાં પડેલા સમાજને

જગાડે છે. એ માત્ર એને જગાડીને બેસી રહેતો નથી, એને ગતિમાં પણ પ્રેરાવે છે.

## મીઠાના સત્યાગ્રહનું ગાંધીજીનું દૃષ્ટાંત

ગાંધીજીનો દાખલો મોજૂદ છે. દાંડીકૂચ વખતે જેમ જેમ દિવસ પસાર થતો તેમ તેમ ઉત્સાહનાં પૂર પ્રગટેલાં. તેઓ એમાં પડેલા એથી બીજામાં પણ તેવો જ ઉત્સાહ પ્રગટેલો. આરંભે તો દાંડીકૂચની વાત હાંસીરૂપ લાગતી હતી. સમાજને જાગ્રત કરવાની આવી પદ્ધતિ અનેક કાળથી ચાલી આવેલી છે. શુભ ભાવનાનું પ્રતીક લઈને લડત ચાલતી. આપણે ત્યાં મીઠું શુકનવંતું ગણાયું છે. તેનો ભાવનામાં ઉપયોગ થાય છે. ઘર બદલીએ ત્યારે પણ કુંભની સાથે એનો ઉપયોગ કરીએ છીએ. તે સ્વાદ લાવનારું અને શરીરના આરોગ્યને માટે પણ જરૂરી છે. એ સ્વાદે ખારું હોવા છતાં રસોઈમાં ઉત્તમ પ્રકારનો સ્વાદ પ્રગટાવે છે. આથી, આપણને ખૂબ સંતોષ થાય છે. મીઠા પાછળની આવી ભાવના પકડીને એમણે મીઠાનો સત્યાગ્રહ કરેલો અને એ દ્વારા એમણે દિલનો એક સંકલ્પ પ્રગટાવી દીધો. એવા દિલના સંકલ્પ સાથે જે સમાજનો સંપર્ક હોય એ સમાજના દિલને પણ એ સંકલ્પ સ્પર્શે. ભાવના ગતિશીલ-ચેતનવંતી છે.

## માળા પણ પ્રતીક

પૃથ્વી ઉપરના અનેક ધર્મપંથોએ માળાને સાધન તરીકે સ્વીકારી છે. મુસલમાન, ખ્રિસ્તી, બૌદ્ધ વગેરે ધર્મમાર્ગોમાં તેનું આગવું સ્થાન છે. માળાને કારણે ભાવનાને જીવતી

રાખવામાં આવી છે. માટે, ભાવનાને પુનર્જીવન પમાડવા તથા એને ટકાવી રાખવા માટે માળા જરૂરી છે. ભાવનાના પ્રતીક તરીકે મુસાફરીમાં પણ માળા ગાંધીજીની સાથે જ રહેતી. જે પ્રકારની ભૂમિકા કેળવાવી જોઈએ એ પ્રગટાવવામાં ભગવાનનું નામસ્મરણ એ ઉત્તમ સાધન છે. ઉચ્ચ પ્રકારની એવી ભાવનાથી દ્વંદ્વાતીત-ગુણાતીત સ્થિતિ-ચેતનની દૃષ્ટિ પણ પ્રગટી શકે છે.

**-એ ખરું દર્શન નથી**

મોરલી વગાડતા કૃષ્ણનું દર્શન થયું એ ચેતનનું લક્ષણ છે એમ કેટલાક કહે છે, પણ એમના દિલમાંથી રાગદ્વેષ તો મટ્યા જ નથી. એટલે એ દર્શનનો કશો અર્થ નથી. એનું મૂલ્ય તો એ દૃશ્ય સિનેમામાં કે ફોટામાં જુઓ એટલું જ રહેવાનું. જો દર્શનથી જીવનનો નવો તબક્કો ન પ્રગટે. રાગદ્વેષ મોળા ન પડે, સહાનુભૂતિ ન પ્રગટે ત્યાં સુધી થયેલાં દર્શનનો કશો જ અર્થ નથી. ખરેખરાં દર્શનનો અનુભવ થાય ત્યારે મનુષ્ય જીવદશાની ભૂમિકામાં રહી શકતો નથી. એનામાં રહેલાં કામ, ક્રોધ, આશા, તૃષ્ણા વગેરે ભાવનામાં પ્રગટે છે, એ બધાંનું ઊર્ધ્વગમન (Sublimation) થાય. એ જીવનની પ્રવૃત્તિમાં પડેલો હોવા છતાં એનું મોઢું ચેતન તરફ હોય છે. એ રાગદ્વેષથી પ્રેરાતો નથી, તેવી પ્રવૃત્તિમાં પ્રેરણા પામતો નથી, અને જે કર્મો કરવાનાં હોય છે, એ ઉચ્ચ ભૂમિકાથી કરતો હોય છે.

**ભગવાનનું નામ લેવાનો શો અર્થ ?**

ભગવાનનું સ્મરણ ઉચ્ચ તબક્કે પ્રેરાવનારું સાધન છે. અનેક પ્રકારની ગૂંચોથી, કોયડાઓથી અલિપ્ત રખાવનારું

અલૌકિક સાધન છે. આમ તો આ એક લાંબા કાળથી ચાલી આવેલી ઘરેડ છે. એ તો જે એ દવાનો ઉપયોગ કરે એને જ સમજ પડે. કામ, ક્રોધ, મોહ, મત્સર વગેરે મોળા પડવા કે ટળી જવા એ સહેલી વાત નથી. જો એ ન બને તો ભગવાનનું નામ લેવાનો અર્થ શો ? જોકે તેવું થતાં વાર લાગશે, છતાં આ પ્રયોગ કરી લેવા જેવો છે. ગૂંચ - કોયડો ઊભો થાય કે મુશ્કેલી વેળાએ માનસ તંગ સ્થિતિ અનુભવે તેવી વેળાએ એકાંત ઓરડામાં મોટેથી સ્મરણ કરી જુઓ. પંદર - વીસ મિનિટ આમ કરશો તોપણ હળવાશ પ્રગટશે. તંગદિલી ઓછી થઈ જશે. માનતા હોઈએ કે ના માનતા હોઈએ, પણ પ્રયોગ કરવાથી ખાતરી થશે. ભગવાન-ચેતન-પરત્વેના સંસ્કારો આપણા ચિત્તમાં સુષુપ્ત રીતે પડેલા હોય છે. અને વાતાવરણમાં પણ એવા સંસ્કારો હોય છે. સાથે ચેતનાત્મક શબ્દના રટણથી - મોટા ઉચ્ચારણથી - પરિણામ આવ્યા વિના રહેશે નહિ.

## પ્રભુસ્મરણથી નિર્ભયતા

કેટલાક માણસ કહે છે ખરા કે પોતે રાત્રે ગમે ત્યાં જાય તોપણ એમને બીક ન લાગે. આવું કહેનારાનાં ચિત્ત સમાજમાં બીક કે ભયના સંસ્કારોને ગ્રહી લેતાં હોય છે અને એવા સંસ્કાર જાગ્રત થાય એવા પ્રકારનો પ્રસંગ સાંપડે ત્યારે કેવી સ્થિતિ થાય છે એની ખબર પડે છે. 'બીક નથી લાગતી' એવું કહેનારને પણ પરસેવો છૂટી જાય છે. શરૂઆતમાં મને પણ એવું થતું. જોકે હવે એવું કશું થતું નથી. ભૂતપ્રેતાદિના ભયના સંસ્કારો સમાજના વાતાવરણમાં રહેલા હોય છે. એનો પણ

જ્યારે ઉદયવર્તમાન થાય છે ત્યારે પણ ખબર લેવાઈ જતી હોય છે. આ પ્રકારના ભયના સંસ્કારો નામસ્મરણને પરિણામે ઓછા થઈ શકે છે.

## સેવા કરતાં સાવધાન

જો આપણે હેતુ પ્રત્યેની જાગૃતિ રાખીને નામસ્મરણ કરીએ, તો આપણાં અંતઃકરણોનું રૂપાંતર થવાનું શરૂ થાય છે. એ રીતે ભગવાનનું નામ લેવાથી બીક ઓછી થતી જાય છે. નામસ્મરણ વડે આપણા રાગદ્વેષ મોળા પડે એવા હેતુનું જ્ઞાન બહુ ઓછાને પ્રગટે છે. સેવાના ક્ષેત્રમાં પડેલાઓને પણ એનું જીવતુંજાગતું જ્ઞાન નથી. સેવા પણ પોતાના આત્માના વિકાસ માટે છે, પોતાના જીવનના ઉદ્ધાર માટે છે, એવો ભાવ ધારણ કરીને સેવા કરાય, તો રાગદ્વેષથી મુકત થવાય. જો આપણામાં ભાવના વધતી હોય, તો સેવા એ પણ ઉચ્ચ પ્રકારનું કર્મ - સાધન છે. મેં પ્રભુકૃપાથી વીસ વર્ષ લગી સેવાનાં ક્ષેત્રમાં કામ કર્યું છે. મેં જોયું છે કે આ પ્રકારનો ખ્યાલ બહુ ઓછાને હતો. મેં તો ગુરુમહારાજની કૃપાથી જાણ્યું કે સેવા પણ આપણા પોતાના માટે છે. એમની કૃપાથી હું જાણી શક્યો કે આપણે રાગદ્વેષથી મુક્ત થવાનું છે.

## પ્રભુની અજોડ ઓથ

જેવી રીતે પાણીના પ્રવાહમાં લાકડું તણાય એમ આપણે સમાજમાં ચાલતી ઘરેડ - પ્રવાહમાં ઘસડાઈએ છીએ. એમાંથી મુક્ત થવા માટે આ સેવાનું ક્ષેત્ર મળેલું છે. ભગવાનની કૃપાથી અને આગલા જન્મના સંસ્કારના પ્રતાપે સંકટની અનેક વેળાએ આશ્વાસન પામવા માટે ભગવાનના નામરૂપી મિત્ર સદા હાજર રહ્યો છે. કોઈક મિત્ર હોય એ પણ એટલું આશ્વાસન

આપી શકતો નથી કે જેથી આપણે સાબદા થઈ શકીએ. ભગવાનની ઓથ એટલી જબરજસ્ત છે કે આ જગતમાં એની તોલે બીજું કોઈ આવી શકે એમ નથી. જેનામાં એવી ઓથ પ્રગટે તેનામાં સાહસ, ધૈર્ય, હિંમત પ્રગટે છે. એ જાણીએ તો દંગ થઈ જવાય. સને ૧૯૨૪માં 'નવજીવન'માં 'લોઢાના ચણા' વિશેનો ગાંધીજીનો લેખ વાંચીને મારામાં ખૂબ શૌર્ય પ્રગટેલું. આજે પણ એ યાદ આવે છે. એ તો અંગ્રેજ સલ્તનતને પડકારનાર સિંહ હતો. એ હતો તો આપણા જેવો જ, પણ આવું સિંહપણું ભગવાનના સ્મરણથી જ મેળવેલું. અનેક ભક્તજનના જીવનમાં આવી હકીકતો બનેલી છે.

## આપણી ગતિ-પ્રગતિ ?

ભગવાનનું નામસ્મરણ આપણી ભાવનાને કૂણી કૂણી રાખીને ચેતનવંતી બનાવે છે. આ દુનિયામાં એના જેવું બીજું સાધન નથી. જો આપણે એનું સાતત્ય કેળવી શકીએ, તો રાગદ્વેષમાંથી મુક્તિ પામી શકીએ. આપણી બુદ્ધિ સ્વતંત્ર હોતી નથી. એમાં પણ અનેક પ્રકારનાં સવળાં-ઊલટાં અને સામ-સામાં વલણો ઊઠે છે. જે પ્રમાણે વલણો ઊઠે છે, એ પ્રમાણે બુદ્ધિ ઉકેલ આપે છે અને આપણું અહમ્ એમાં ગતિ કરાવે છે. ખરું જોતાં તો આપણે સ્થગિત થઈ ગયેલા હોઈએ છીએ. આમ, આપણે ગતિ કરીએ છીએ એવું ભાસે ખરું, પણ એ ગતિ ઘાંચીની ઘાણીએ જોતરેલા બળદ જેવી હોય છે. ગતિમાન જણાતા હોવા છતાં આપણી ગતિ આગળ થતી નથી. આમાંથી મુક્તિ મેળવવા માટે જો લોભાઈએ કે ઝંખના પ્રગટે, તો તે જ રીતે તે વસ્તુ પ્રત્યે મનનું ખેંચાણ રહે. એવી ઝંખનાનાં પરિણામનો અનુભવ જિંદગીમાં થયા વગર રહેતો નથી.

## જાગૃતિપૂર્વક ગતિ

જો સદ્‌વૃત્તિ, સદ્‌ભાવના તરફ ઝંખના જાગે, તો ગતિમાન થયેલા જીવને ઊંચે પ્રગટવાની સ્થિતિ થાય છે. એમાંથી બહાર નીકળવાનું હોય, તો સભાનપણાવાળી સંપૂર્ણ જાગૃતિ રાખીએ તો જરૂર મુક્ત થઈ શકીએ. કોઈ ઘટમાળમાંથી મુક્તિ મેળવવાનું સરળ સાધન એ ભગવાનનું સ્મરણ છે. માટે, આપણે અનેક પ્રકારનાં વલણને ઉચ્ચ દશામાં પ્રગટાવીએ, તો તે ચેતનના રસ્તે દોરી જાય છે.

## આવતા કાળની આગાહી

હિંદુસ્તાનની સંસ્કૃતિમાં સંત-સંસ્કૃતિની પરંપરા છે. આજે પણ એ પરંપરા ચાલુ છે. આપણે ઉચ્ચ છીએ એવું અભિમાન રાખીએ છીએ, પણ આપણે તેવા પ્રકારનું અભિમાન રાખવાને લાયક નથી, કેમ કે હાલના કાળમાં આપણામાં ઘોર તામસ પ્રગટેલું છે. તેને જગાડવા કાળ પ્રગટશે અને કાળના પરિબળથી આ ઘોર તામસનો નાશ થશે. આ આજે નહિ તો કાલે એ પ્રગટ થવાનું છે. આવતો પચીસ ત્રીસ વર્ષનો ગાળો દુઃખની પરંપરાવાળો જવાનો છે. હું જ્યોતિષશાસ્ત્રના જ્ઞાનથી કહેતો નથી, પણ અનુભવના જ્ઞાનથી કહું છું.

## દુઃખો કેવી રીતે આવશે ?

આમ છતાં દુઃખ વગર સિદ્ધિ નથી. દુઃખ આવે તો જ મનુષ્ય વિચાર કરે છે. આથી, સમાજના ઉત્થાન અને પુનરુત્થાન માટે ઘોર દુઃખનું પ્રાગટ્ય જરૂરી છે. અત્યારનું દુઃખ તો નજીવું છે. આજે જળપ્રલય કે એવું થાય છે. પૃથ્વીની અંદર તેમ જ બહાર એક સૂક્ષ્મ વાતાવરણ હોય છે. એ વાતાવરણને આપણે જોઈ શકીએ નહિ. એ તો જેને એવી

દૃષ્ટિ પ્રગટી હોય તે જ એ જોઈ શકે. આપણી આગળ-પાછળ, ઉપર-નીચે એક વાતાવરણ છે. એમાં ફેરફાર થઈ શકે છે. પાંચ તત્ત્વોના વાતાવરણની સમતુલામાં ગમે તે કારણે ક્ષોભ પ્રગટે એટલે સમતુલા તૂટે. પરિણામે વાતાવરણમાં ફેરફાર થાય. ધરતીકંપ, વંટોળ, પ્રચંડ રેલ આવા ક્ષોભના કારણે થાય છે. આપણે ત્યાં જળની રેલ આવી છે. એણે સમાજની કરોડ ભાંગી નાખી છે. છતાં સમાજશરીરનું બંધારણ તૂટ્યું નથી. સમાજ તો ઘોર તામસમાં પડેલો છતાં એ ટકી શક્યો છે, પણ એટલો ઉત્થાન પામેલો નથી કે તામસમાંથી બહાર નીકળી શકે.

## કાળપુરુષ પાકશે

મદ્રાસમાં રહેતા મારા એક મિત્રે જર્મનીની ભંગાર સ્થિતિ જોયેલી. તે વખતે ત્યાં પાંઉના એક ટુકડા માટે પડાપડી થતી. આજે છેલ્લા દાયકામાં એ ખમીરવંતું અને ટટ્ટાર બની ગયું. તે મુશ્કેલીઓ સહન કરી શક્યું ત્યારે આજે એ બીજાને મદદ આપવા તત્પર થઈ ગયું છે. દુઃખમાંથી સાચો માર્ગ કાઢે એવું કોઈ સાધન હોય, તો ભગવાનનું સ્મરણ પણ છે. એ દરેક જીવને માટે છે, પણ બધાંને માટે એ શક્ય નથી, કારણ કે બધાં એ ગ્રહણ કરી શકતાં નથી. એનો સ્વીકાર કરવો દોહ્યલો છે. એ તો એવો કાળ કે કાળપુરુષ પ્રગટે તે જ સમાજમાં ભાવના પ્રગટાવી શકે. ભાવનાને જીવતીજાગતી પ્રગટાવી શકવાનું કામ કાળપુરુષનું છે.

પણ એવો કાળપુરુષ ક્યારે પાકે ? જ્યારે સમાજમાં દુઃખની ઘોર પરંપરા પ્રગટશે ત્યારે એમાંથી બહાર કાઢવા માટે કાળપુરુષ પાકવાનો છે, પણ આપણે તે કાળ વહેલો પકવવાની

તૈયારી કરી શકીએ અને તે પણ દિલની ભાવનાથી કરીએ તો વધારે સારું. મળેલા જીવો સાથે શૂન્યવત્ થવાનું અને વર્તવાનું કરી શકીએ તોપણ સારું છે.

## કાળ કેવી રીતે પાકે ?

બીજાના અવગુણો ન જોવાનું અને માત્ર ગુણો જોવાનું કરીને સુમેળથી - સારી ભાવનાથી જોવાનું અને અનુભવવાનું થઈ જાય તોપણ ઠીક. ગમે તેમ કરીને પણ કાળને વહેલો પકાવવા અને એ પ્રગટાવવા માટે આટલું તો જરૂર થઈ શકે. મળેલાંઓ સાથે સદ્ભાવથી, પ્રેમથી, ત્યાગની ભૂમિકાથી વર્તતા થઈ જઈએ, તો પુનરુત્થાન વિશેષ પ્રકારે થઈ શકે. વહેવારમાં દરેક સમાજથી તેમ થતું નથી. તેવું પ્રગટવું સહેલું નથી. તેવી ભાવના પ્રગટાવવા માટે ભગવાનની ભાવના પ્રત્યેનું ધ્યેય પ્રગટે તો થઈ શકે. ત્યાગની ભૂમિકા અનેક પ્રકારે પ્રગટે. ત્યાગની ભૂમિકા પ્રગટ્યા વિના મનુષ્યજીવન ઊંચે આવવું શક્ય નથી. બીજાનું ઉદારતાથી, પ્રેમથી સહન કરીએ, તો એ પણ મોટું તપ છે, પણ સામાન્ય માણસને આમ વર્તવાનું દિલ થતું નથી. માટે, એવી ભાવના સૌ કોઈમાં જાગતી થાય અને કોઈ પ્રકારે એના દિલને જરા જેટલું પણ ઊંચે પ્રગટાવી શકાય છે, એવો મારો અનુભવ છે. એ માટેનો તરણોપાય ભગવાનનું સ્મરણ છે. માત્ર આજ પૂરતું જ નહિ પણ લાંબા કાળ લગી તે જીવતું રહેવાનું છે, કેમ કે એ પ્રકારના સારી જાતના સંસ્કાર વાતાવરણમાં છે.

*તા. ૧૦-૧૦-૧૯૬૧*

॥ હરિઃૐ ॥

# ૩. મનુષ્યજીવનનું મહત્ત્વ

## જીવનરૂપી રત્ન

શાસ્ત્રકારો અને અનુભવીઓ કહી ગયા છે કે મનુષ્યશરીર દ્વારા જ મુક્તિ મળી શકે. દેવો માટે પણ મુક્તિ દુર્લભ છે. દેવોને પણ મુક્તિ મેળવવા માટે મનુષ્યજીવન ધારણ કરવું પડે. આપણને મનુષ્યજીવન રૂપી મોટું રત્ન મળ્યું છે. આપણે તેની કિંમત જાણતા નથી. આપણને તેનું રહસ્ય સાંપડ્યું નથી. આપણે મનુષ્યજીવનનો અર્થ સમજતા નથી અને પશુની માફક જીવન જીવી રહ્યા છીએ. પશુનું જીવન આપણા જીવન કરતાં સારું છે, કેમ કે તેમને પાપપુણ્યનું બંધન નથી. મનુષ્ય તો એના કરતાં બદતર પ્રાણી છે. એ અનેક પ્રકારનાં પાપ કરે છે અને પુણ્ય ઓછાં કરે છે. આપણે તો સુમેળ સાધવાનો છે. એકબીજાની મદદમાં લાગવાનું છે, પણ તે આપણાથી બનતું નથી. એથી ઊલટું આપણે નિંદા, અદેખાઈ વગેરે પેદા થવા દઈને પાપાચરણ કરીએ છીએ.

## વૃત્તિનો ઉપભોગ

માનવીનું શરીર એકલું જ નહિ, પણ મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત અને અહમ્ બધું જ કાદવમાં રગદોળાયેલું છે. પ્રાણીશરીરને બંધન નથી, કેમ કે એ તો ભોગયોનિ કહેવાય છે. માટે, એ તો ભોગવ્યા કરે. એને તો ચાર વૃત્તિ છે : આહાર, નિદ્રા, ભય અને મૈથુન - આપણને પણ આ ચાર પ્રકારની વૃત્તિઓ છે. એ દ્વારા આપણે અનેક પ્રકારનાં પાપ

કરીએ છીએ. પણ પ્રાણીઓ એ વૃત્તિઓ દ્વારા પાપ કરતાં નથી, કેમ કે તેઓ કુદરતના નિયમો પાળે છે, કુદરતના કાયદા પ્રમાણે મૈથુન ભોગવે છે. ત્યાર પછી તેની વિસ્મૃતિ થઈ જાય છે. સ્વાદ લાગ્યો માટે આહાર કરતાં ઝાપટવું એવું પ્રાણીઓમાં નથી. એમને તૃષ્ણા અને લોલુપતા નથી. વૃત્તિઓનો ઉપભોગ સ્વાભાવિક થાય એમાં પાપ નથી, પણ એને માટે લોલુપતા, ઝંખના થાય તો એ પાપ છે. મનુષ્ય આ વૃત્તિઓમાં એટલો બધો અટવાયેલો છે કે તેને બીજું ભાન જાગી શકતું નથી. જીવનમાં સદ્ભાવ અને સદ્ગુણ પ્રગટાવવા જોઈએ. જેનાથી કરીને જીવન દીપે-શોભે એવું આચરવાનું એને ગમતું નથી. અનુભવીઓએ તો જોયું કે મનુષ્ય પશુ કરતાં પણ ખરાબ થાય છે. એક કર્મ કરતાં અનેક કર્મો ઊભાં કરે છે. એક જન્મ લઈને અનેક જન્મોનું ભાથું ઊભું કરે છે.

## હરિઃૐ આશ્રમનો હેતુ

મનુષ્યે મનુષ્ય તરીકે જીવવું જોઈએ તેનું પણ તેને ભાન નથી. એકબીજાના અવગુણો ન જોવા. દેખાય તો મનમાં સંઘરવા નહિ. સુમેળથી રહેવું. રાગદ્વેષ મોળા પાડવા. કામના, ક્રોધ, લોભ, મોહ, મત્સર, તૃષ્ણા, લોલુપતા વગેરે મોળાં પાડવાં, પણ આવું તો કોઈ કરતું નથી. જો આ પ્રમાણે થાય તો જ તે ગૌરવ પમાડે. આપણે આ દૃષ્ટિએ બુદ્ધિથી વિચારીએ તો પશુયોનિ કરતાં પણ આપણે ખરાબ છીએ. આ માનવ-શરીર મળ્યું છે, એનું ભાન જાગે એટલા માટે તમને બધાંને કહેવાનું છે કે અહીં આવીએ ત્યારે આપણા મનમાં જીવનની ઉચ્ચતાનો સવાલ લઈને આવીએ. આજે મંગળવારે પ્રાર્થનાના દિવસે પણ આપણે એની એ જ વાત લઈને ના આવીએ.

મનુષ્યજીવન વિશેનો વિચાર કરવાનો ના હોય, તો અહીં આવવાનો કશો અર્થ નથી. સંસારવહેવારમાં પ્રારબ્ધયોગે જે કોઈ મળે એના જીવનને ભાવનામાં ઊંચે પ્રગટાવવાનો આ સ્થાને મળવાનો હેતુ છે. એટલા ખાતર ગુરુમહારાજની કૃપાથી આ આશ્રમ કર્યો છે. હું તમારો સંબંધ ઈચ્છું ખરો, પણ તમારે પળભર ચસવું ન હોય કે તમારામાં જરા સરખો પણ ફેરફાર થવા દેવો ન હોય, તો એવા સંબંધની જરૂર નથી. એના કરતાં મારે ભગવાન સાથેનો સંબંધ સારો છે. તમારે રાગદ્વેષનાં કૂંડાળાંમાં પડ્યા રહેવું હોય, તો મારી સાથેના સંબંધનો કશો અર્થ નથી.

## સ્વભાવ પરિવર્તન અનિવાર્ય

કોઈ કહેશે કે આવું કહેશો તો પછી આશ્રમ કેવી રીતે ચાલશે ? તો આ મારું જીવન એના ઉપર નથી. આશ્રમ નહિ ચાલે તો અમે બંધ કરી દઈશું. માટે, તમે એ વિશે વિચારશો નહિ, પણ અહીં આવવા ઘેરથી નીકળો અને પાછા ઘેર પહોંચો ત્યાં સુધી એક જ ભાવમાં રહો. લોકો તો મંદિરમાં દર્શન કરવા જાય ત્યારે અલકમલકની વાતો કરતાં જાય. એ રીતે વાતો કરવા આવવાનો કશો અર્થ નથી. એના કરતાં નહિ આવો તો વધારે સારું. નથી ભગવાનનું નામ લેવું અને નથી સ્વભાવ બદલવો, સંસારમાં એકબીજા માટે જતું કરવાની સહનશક્તિ નથી કેળવવી, તો પછી અહીં આવવાનો કશો અર્થ નથી.

## 'મોટા'ની શરત

કોકને થશે કે મોટા પહેલાં તો બહુ બોલતા ન હતા, પણ હવે તો બહુ ઝાડે છે. પહેલાં તો હું પરિચય કેળવતો હતો.

મેં તો લોકોની વચ્ચે રહીને ભગવાનની ભક્તિ કરી છે. તમે બધાં મળેલાં છો, તો તમે ઊંચા આવો એમાં મારો સ્વાર્થ છે. મારે મારી શક્તિ વેડફી નાખવી નથી. ભાવનાથી ઊંચે આવવાનું કરો તો સંબંધ રાખવો છે. આ તો 'અમે કહીએ ત્યારે તમે ખપમાં આવો, પણ તમે કહો ત્યારે હું ખપમાં નહિ લાગું' આવા એકમાર્ગી વહેવારની અમારે જરૂર નથી. તમે ઊંચા આવો તો અમે તમને ભગવાનની કૃપાથી મદદ કરી શકીએ, પણ ખરડાયેલા રહો તો મારે સંબંધની જરૂર નથી. અમારો ભગવાન અમને મદદ કરશે.

## 'મોટા'નો સમર્પણ યજ્ઞ

અમારે કશો સ્વાર્થ નથી. માત્ર તમારા ખપમાં આવવું છે, પણ તમારે પ્રયત્ન કરવો પડશે. અમે તો અમારું જીવન સર્વસ્વ રીતે અને સર્વ ભાવે કરીને આપી દીધું છે, છતાં અહર્નિશ એમ લાગ્યા કરે છે કે ભગવાનને આપ્યા કરીએ. સમર્પણનો ક્યારેય અંત નથી અને આટલાથી સંતોષ નથી. તમારી પાસે પણ સમર્પણ કરાવી કરાવીને ભગવાનનાં ચરણકમળે તમારી ભેટ આપવાની છે. એમ થાય તો અમારું જીવન સફળ થાય.

## મુક્તના જીવન દ્વારા પ્રભુકૃપા

માટે, મનુષ્યજીવન શેના માટે છે એ સમજો. કડવાશ છોડો. બીજાની નિંદા કરવાનું છોડો. અવગુણો જોવાની દૃષ્ટિ છોડો. એકબીજાના દુ:ખમાં કેવી રીતે મદદમાં આવી શકાય એ જુઓ. એકબીજાના જીવનમાં મોકળાશ પ્રગટે એ જુઓ અને આમ કરતાં કરતાં ભગવાનનું નામ લઈએ તો ભગવાનની કૃપા તો છે જ. તે તો સદા-સર્વદા વિકસેલી છે. ફૂલ બાગમાં હોય છે એની સુવાસ ચોમેર પ્રસરે છે. તેમ મનુષ્યસમાજમાં

અનંત પ્રકારની ભાવનાથી પ્રકાશી રહેલા આત્માઓની સુવાસ પ્રગટેલી છે, એવા લોકોના જીવન દ્વારા ભગવાનની કૃપા પ્રસરે છે, એનું ભાન આપણને જાગતું નથી.

## 'મોટા'ની તૈયારી

'મોટા'ના સંબંધમાં આવ્યા છો તો વિચારો. કોરા ને કોરા ન રહેશો. મારી તો ઉત્કટતાવાળી તત્પરતાવાળી તૈયારી છે. બુદ્ધિથી વિચારીને નહિ પણ ભગવાનની પ્રાર્થના કરીને મદદમાં આવવા પ્રયત્ન કરું છું. મારા દિલમાં તો તમને ઉપયોગમાં આવવા માટેની ખરેખરી ઝંખના છે, પણ એ સાથે ભાવનાથી કરીને ઊંચે આવવાની તમારી પણ તૈયારી જોઈએ.

## પ્રભુ ગરુડે ચડીને આવશે

જીવનમાં એકબીજા સાથે જતું કરીને પણ સદ્‌ભાવ, સુમેળ પ્રગટાવીને જીવીએ. બીજા વિશે ઓછી વાતો થાય એમ કરીએ. આપણા ઘરમાં - કુટુંબમાં એકબીજાના દોષોની વાતો ન કરીએ. આટલું પણ કરવાની ટેવ પાડીએ તોય પૂરતું છે. નહિતર ટાઢમાં અહીં આવવાનો અર્થ નથી. મનુષ્યજીવન દોહ્યલું છે. આપણાથી બની શકે તો રાગદ્વેષ મોળા પાડીએ. કોઈના કદાચ અવગુણ જોવાઈ જાય તોપણ આપણે બદબોઈ ના કરીએ. આટલું કરીએ તોય, મને લાગે છે કે ઘણું કર્યું છે. આમ કરશો તો ભગવાન ગરુડે ચડીને વહારે ધાશે. નહિ તો પ્રભુ મદદ નહિ કરે.

*તા. ૩૧-૧૦-૧૯૬૧*

॥ હરિઃૐ ॥

# ૪. મહત્ત્વાકાંક્ષા

## અભિલાષા સાકાર કરો

જીવનમાં આનંદ પ્રગટાવવો હોય તો મહત્ત્વાકાંક્ષા સેવવી જોઈએ. એટલું જ નહિ પણ એ મહત્ત્વાકાંક્ષાને આકાર પમાડવા શું કરવું જોઈએ તેનો ખ્યાલ પણ આવવો જોઈએ. તેમ જ એ માટે વિચારપૂર્વકની યોજના થવી જોઈએ અને એ પ્રમાણે તે જીવન વિતાવતો હોવો જોઈએ. આમ થાય તો જ તે માનવી અભિલાષા પૂર્ણ કરી શકે. ગમે તે પ્રકારની મહત્ત્વાકાંક્ષા હોય પણ તેને માટે જે જંપ રાખીને બેસતો નથી તેને આનંદ પ્રગટી શકવાનો છે. જે એકલી માત્ર અભિલાષા રાખે અને કાંઈ કશું કરે નહિ, તેમ જ આડંબર રાખે પણ નાનામાં નાના નિશ્ચયને પ્રગટાવી શકતો નથી એવો જીવ કયા પ્રકારની અભિલાષા પૂર્ણ કરી શકે ?

## આનંદ અને રસ એ જ જીવન

જેની અભિલાષાનો પ્રકાર ઊંચો હોય તેને વિશેષ સહન કરવાનું હોય છે. એ માટે શૌર્ય, ઉદારતા, ધૈર્ય, સાહસ, હિંમત આદિ ગુણોનું ભાથું જોઈએ. તેવો જીવ અભિલાષાના માર્ગે જઈ શકે. તેના જીવનમાં આનંદ હોય છે. જેઓ એમ કહે છે કે અમને જીવનમાં રસ નથી, તો એ વાત મુદ્દલ ખોટી છે. જેના જીવનમાંથી રસ ચાલ્યો જાય છે, એનું જીવન જતું રહે છે. મનુષ્યજીવન આનંદ અને રસ માટે છે.

## મહત્ત્વાકાંક્ષાની નિશાની

આપણા ઘણા દિવસો સુખાકારીમાં જાય છે. શરીરના દુઃખના બહુ ઓછા દિવસો હોય છે, છતાં દુઃખના દિવસોનો કાળ ઘણો લાંબો લાગે છે. આરોગ્યનો કાળ એટલે કલ્યાણ, હિત અને શ્રેયનો કાળ. સુખાકારીનો ગાળો જેમ લાંબો તેમ આનંદનો ગાળો પણ લાંબો. હવે, આપણને જે ગૂંચ અને મુશ્કેલી વધારે પીડાકારી લાગે છે, તેનું કારણ એ છે કે આપણે એમાં ડૂબી જઈએ છીએ, પણ જેને ખરેખરી મહત્ત્વાકાંક્ષા પ્રગટેલી હોય છે, એ કશામાં પણ ડૂબી જાય નહિ. એ મહત્ત્વાકાંક્ષાની નિશાની છે.

## અનુભવ કરીને સમજો

મનુષ્ય ગમે તેમ આનંદ ભોગવે છે, તેનો કશો અર્થ નથી. મનુષ્ય સિવાયની યોનિના જીવોને દ્વંદ્વ નથી. જે દ્વંદ્વાતીત અને ગુણાતીત દશામાં જીવે છે, તેને આત્મા કહેવાય. જેના જીવનમાં મહત્ત્વાકાંક્ષા પ્રગટતાં જ તેને માર પાડવા માટે તેનામાં ઉત્સાહ પ્રગટે, તે મયૂરની માફક થનગનાટ કરતાં નાચે, એનામાં હર્ષનો ઉન્માદ પ્રગટે, તેવો જીવ મહત્ત્વાકાંક્ષા સાકાર કરી શકે. એ હકીકત શબ્દોમાં વર્ણવી ન શકાય. એ તો અનુભવ કરીને જ સમજાય.

## બ્રહ્મની વાતોનો ભ્રમ

હવે, મુદ્દાની વાત ઉપર આવું. સામાન્ય માણસો ગમે તેવી વાતો કરે તેનું તો કશું મહત્ત્વ નથી, પણ આધ્યાત્મિક પ્રકારની વાત કરનારાઓ જ્યારે બ્રહ્મની અને એવી બીજી વાતો હાંકે છે, એમને હું કહું છું કે તારું જીવન તો જો. બ્રહ્મની વાતો કરે છે, એ સાંખી શકાતું નથી. મારા

ગુરુમહારાજની તો આજ્ઞા છે કે તેવાઓનો તો ભ્રમ તોડવો. તેવાઓ જો પોતાના જીવનમાં સુધારો નહિ કરે, તો દારૂ પીને દારૂડિયો ગમે તેમ બકે તેવી વાત કહેવાય. સંસારવહેવારમાં, દુનિયાદારીમાં મહત્ત્વાકાંક્ષાને સાકાર કરવા સતત પ્રયત્નવાન રહે ત્યારે એ સાકાર થાય છે.

**તારી જાતને તપાસ**

ભગવાનની વાત કરનારા જીવો કશી મહેનત કરતાં નથી. તેમના વિચાર અને વર્તનમાં કશો ઢંગધડો નથી. એવા જીવો ભગવાનની વાતો કરે ત્યારે મને ખૂબ લાગી આવે છે. એવા લોકો જ્યારે બીજાઓ વિશે વાત કરે ત્યારે કહું છું કે તારી જાતને તપાસ. તું કેટલે ઊંચે ગયો છે, કેટલે ઊંડે પડ્યો છે, તેનો વિચાર કર. બીજાનું જોવાનું છોડી દે.

સંસારી માણસો વાતો કરે છે તો ભલે કરે. એ તો સ્વાર્થમાં જ પડેલા છે, પણ ભગવાનના રસ્તે જવાની વાત કરનારાઓને તો બેધડક કહેવું એવી ગુરુમહારાજની આજ્ઞા છે. નાનો સરખો પણ અભિલાષ સાકાર કરી શકશો તો આત્મવિશ્વાસ પ્રગટશે કે મારાથી કાંઈ થઈ શકશે. અભિલાષા વગરનું જીવન કદી પણ ન જીવવું. અભિલાષા ન હોય તો લાચાર બની જવાય. અભિલાષા વગરનું જીવન ચીંથરેહાલ સ્થિતિ જેવું છે. થોડોક આનંદ અને રસનો જેણે અનુભવ કરવો છે એણે અભિલાષા રાખવી. એ માટે ખંત, ઉત્સાહ, શૌર્ય વગેરે ગુણો ખિલવવાની જરૂર પણ છે. જીવન એ સ્થૂળ નથી, પણ ઉચ્ચ પ્રકારની અભિલાષા સાકાર કરવાનું એક મહામૂલું સાધન છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ ઓજારો છે. આપણા જીવનને આ પાંચ ઓજારો વડે આકાર પમાડી શકાય.

## મનુષ્યજીવનમાં સામર્થ્ય

આની સામે કેટલાક પ્રારબ્ધની વાત કરે છે. મને પૂછે છે કે આ પ્રકારનું જીવન અમારા પ્રારબ્ધમાં ન હોય તો કેવી રીતે બની શકે ? અલ્યા, તું શું જાણે કે તારું પ્રારબ્ધ કેવું છે ? સંસારમાં ઘણા માણસોએ ધાર્યું પાર પાડ્યું છે, તો પાછા એ લોકો કહે છે કે એમના પ્રારબ્ધમાં હશે. આવી દલીલ કરનારને હું કહું છું કે તમને તમારી જાતમાં વિશ્વાસ નથી.

તમારામાં તેવા ગુણો નથી એમ માનીને બધું પ્રારબ્ધ ઉપર છોડી દો છો. માટે, તમને કહું છું કે જે કંઈ નાની અભિલાષા હોય એને સાકાર કર્યા વિના જંપો નહિ. જો તું મહેનત કરીને પોતાની વસ્તુને આકાર આપી શકશે, એને પૂરેપૂરી પાર ઉતારશે તો તારામાં શ્રદ્ધા પ્રગટશે. એ જો પ્રગટે તો આપણે જીવનને સમૃદ્ધ બનાવી શકીએ. મનુષ્યયોનિમાં જે ચેતન છે, એને સંપૂર્ણપણે અનુભવવાની શક્યતા છે અને એ માત્ર મનુષ્યજીવન દરમિયાન જ શક્ય છે. પશુયોનિ, દેવયોનિ તેમ જ પૃથ્વી સિવાયના લોકમાં ચેતનના અનુભવની શક્યતા નથી. જ્યાં આ પાંચ તત્ત્વોવાળાં શરીર છે ત્યાં આ બધા ચેતનને અનુભવવા સમર્થ છે.

## મફતનું ના પચે

ઘણા લોકો સંસારની વાતો કરે ત્યારે પણ તેમનામાં ભાવના, ઉમળકો પ્રગટેલાં નથી હોતાં. અહીં આવીને એવા લોકો પ્રશ્નો પૂછે છે અને અમે જવાબ પણ આપીએ છીએ, પણ તેથી એનું દળદર નથી ફીટતું, કેમ કે કેવળ બુદ્ધિની ખંજવાળથી પૂછે છે. પ્રભુકૃપાથી એમની ગતિ પણ સમજી શકાય છે. જ્યાં સુધી સત્સંગની ભાવના પ્રગટી નથી ત્યાં લગી તમારું

કશું વળવાનું નથી. વગર મહેનતે માગ્યે કશું મળતું નથી. તમારે કોઈ અપેક્ષા હોય તો મહેનત કરો, આશ્રમનું કામ કરો, ફળ તો મળવાનું હોય તો મળશે. મફતનું કોઈનું પણ લેશો નહિ, કેમ કે મફતનું લીધેલું પચતું નથી. અમે તો મહેનતનું ખાઈએ છીએ. અહીંનું તો ભગવાનની કૃપા અને તમારાં બધાંની ઓથ છે તેથી ચાલે છે.

## ઊંચી વાત સાથે નરકમાં ?

કોઈ મહાત્મા કશું જ એમ ને એમ આપી દેતો નથી. મથ્યા વગર જીવનમાં કશું પામી શકાતું નથી, તો પછી ભગવાનની ભાવના કેમ કરીને પામી શકવાના છો ? હજી તો મન આડુંઅવળું ભમ્યા કરે છે. સંસારનું તારું કાર્ય તો કર્યા કર. ઊંચી વાત લઈને નરકમાં ફર્યા કરે એ કેમ ચાલે? જે લોકો ભગવાનની વાત કરતા હોય તેમને જરૂર કહેવું કે તે પોતાની સ્થિતિ સમજી શકે.

## મહત્ત્વાકાંક્ષાનું બળ

સૌ પ્રથમ તો મહત્ત્વાકાંક્ષાની જરૂર છે. એનાથી જીવ આત્માને પામી શકે. બ્રહ્મ પણ બની શકે, પણ એ માટે લોહીનું બિંદુએ બિંદુ ખર્ચવાની તત્પરતા હોવી જોઈએ. જેનામાં એ પ્રગટેલી છે, એ નરકના ખાડામાં પડેલો હોય તોપણ પોતાને ઊંચે લઈ જવાની એનામાં શક્તિ પ્રગટે છે. આપણે આપણા ધ્યેયના માર્ગે સીધા અને સરળ રીતે જઈ શકીએ ત્યારે જાણવું કે આપણામાં સાચી મહત્ત્વાકાંક્ષા પ્રગટેલી છે. એવા પ્રકારની મહત્ત્વાકાંક્ષા જે જીવમાં પ્રગટે છે, એ જીવ

આજે કે કાલે બ્રહ્મને અનુભવી શકવાનો છે. જેનામાં એવી મહત્ત્વાકાંક્ષા નથી એ લૂલો છે. એવાને બ્રહ્મની વાતો કરવાનો અધિકાર નથી. તેવા લોકો ભલે પ્રાર્થના કરે, ભજન કરે તોપણ એમાં કશો દમ પ્રગટવાનો નથી. એના કરતાં તો લોકો સાથે સદ્‌ભાવ અને પ્રેમથી વર્તે તો તે સારું છે.

**ભગવાનના માર્ગ માટે**

વેપાર કરવો હોય છે તોપણ આવડત, કુનેહ, કળા, પૈસાની શક્તિ, આપણને કોણ મદદ કરશે એની જાણકારી વગેરેનો વિચાર કરાય છે, તો ભગવાનના માર્ગે જવા માટે પણ આ પ્રકારનો વિચાર કરવાનો છે. ઉચ્ચ ધ્યેય રાખીને શક્તિનો પૂરો ઉપયોગ કરીને આનંદમાં રહી શકાય અને એ પ્રમાણે જીવન જીવવાનું કરાય તો જ બની શકે.

આ બધું તમને કહેવાનો મારો હેતુ એ છે કે ભગવાનની કૃપાથી આપણે મળ્યાં છીએ અને એમ ને એમ જીવીએ એનો કશો અર્થ નથી. જીવનમાં એકબીજાની સહાનુભૂતિ મેળવીએ. આજે કરવાનાં કાર્યોને ગતિ-ઉમળકાથી શરૂ કરીએ, તો આપણામાં શક્તિનો સંચાર થશે. એ કર્મ કરતાં કરતાં ભગવાનનું સ્મરણ કરીએ, તો જીવનમાં મળ્યાંનો અર્થ છે. આપણને મળેલું કામ આજે બરાબર ન કરી શક્યા, તો ભગવાનનું કામ શી રીતે કરવાના ? બધાં કાર્યો નિરાસક્ત, નિર્મમત્વ અને નિરહંકારભાવે ભગવાનને સમર્પીને કરો. આવી ધારણા રાખીને આપણે કર્મ કરીશું, તો ભગવાનની ભાવના કેળવવાની ભૂમિકા મેળવીશું.

*તા. ૧૪-૧૧-૧૯૬૧*

॥ હરિઃૐ ॥

# ૫. સનાતન સુખ

## સિંહનું બચ્ચું - ઘેટાંનાં ટોળાંમાં

સમાજમાં ઘણા લોકો બોલે છે કે મનુષ્યજીવન દોહ્યલું છે. એટલી સમજ લોકોને છે, પણ મનુષ્યશરીર–એ જીવન શા માટે દોહ્યલું ગણાય છે, એ બહુ ઓછા લોકો જાણતા હોય છે. આપણે ચેતનને 'ભગવાન' 'પરબ્રહ્મ', 'પુરુષોત્તમ' એ બધાં નામો વડે ગણીએ છીએ. તેનું જ વ્યક્ત સ્વરૂપ આ માનવશરીર છે, તેમ છતાં એ ચેતનનું પૂરેપૂરું રૂપ નથી. માટે, એ ચેતનને અનુભવવા કાજે આ મનુષ્યજીવન મળેલું છે, પણ આપણને એ વાતનું ભાન નથી. સિંહનું બચ્ચું ઘેટાંનાં બચ્ચાં જોડે રહે, તેની સાથે હરેફરે તો એ તેના જેવું જ બની જાય છે. તેનામાં સિંહનું સામર્થ્ય રહેતું નથી. એને ઘેટાંનાં જીવનનો અભ્યાસ પડી જાય છે. એ રીતે આપણે ચેતનમય હોવા છતાં દ્વંદ્વ અને ગુણમાં પ્રગટેલા હોવાથી આપણને ચેતનનું જ્ઞાન રહ્યું નથી. એ ચેતનને અનુભવવા આ માનવદેહ મળેલો છે. તેના સિવાય ચેતનનો અનુભવ થતો નથી.

## શ્રીકૃષ્ણ ભગવાન

દેવયોનિ પણ ભોગવવાની યોનિ છે. પુણ્ય ખલાસ થાય એટલે પાછો મનુષ્યયોનિમાં જન્મ લેવો પડે. જ્યારે ભક્ત લોકો દુષ્ટ લોકોથી હેરાન થાય ત્યારે એ ભગવાનને પોકારે છે કે 'હે ભગવાન, આ પૃથ્વીરૂપી ગાયને છોડાવો'. તેમના આવા પોકારથી ભગવાન મનુષ્યનું જીવન ધારણ કરીને ભક્ત લોકોને

ત્રાસમાંથી મુક્ત કરે છે. એ મનુષ્યસમાજને ઊર્ધ્વ ગતિ પ્રેરાવવાને ધક્કો મારે છે. શ્રીકૃષ્ણ સાક્ષાત્ ભગવાન હતા. એમના કુટુંબીજનો-યાદવો એમને ન ઓળખી શક્યા. તેઓ સત્તાના મદમાં અંધ બની ગયેલા. ઋષિમુનિઓની પણ મશ્કરીઓ કરતા હતા. આખરે દારૂ પીને માંહોમાંહે કપાઈ મૂઆ. મહાભારતના યુદ્ધમાં કેટલાયે મનુષ્યોનો સંહાર થઈ ગયો. અર્જુન કહેતો હતો કે આ લડાઈમાં મને ન પ્રેરો. યુદ્ધને પરિણામે જે વર્ણસંકર પ્રજા થશે તેનું પાપ મને લાગશે. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે ‘તું મારો ભક્ત થઈ જા. પછી ગમે તે કરીશ તોપણ પાપ નહિ લાગે.’

ભગવાન પૃથ્વી ઉપર ઊતરે છે, એનો હેતુ હોય છે. છતાં બધાં તેનો લાભ લઈ શકતાં નથી. એ તો જે ભક્ત હોય એ જ એનો લાભ લઈ શકે છે.

## જ્ઞાનભક્તિથી નિકટતા

કોઈ મહાત્મા ચેતનમાં પ્રગટેલા હોય તેની પાસે ચાળીસ વર્ષ સુધી રહે તોય કોરા ધાકડ જેવા જ હોય છે. એનામાં રાગદ્વેષ પણ વધારે હશે. ઉપનિષદ એટલે પાસે હોવું-એમ જે અર્થ થાય છે, એનો મર્મ એ છે કે જ્ઞાન અને ભક્તિથી પાસે રહેવું જોઈએ. આ માટે પણ ચેતન પરત્વે અભિમુખતા જોઈએ. ચેતનમાં દિલ મળેલું હોવું જોઈએ. જ્યારે ચેતનમાં નિષ્ઠા પામેલા જીવની વાતો સાચી લાગે ત્યારે તેના જીવનમાં એ ઊતરશે. ત્યાગ કરતા થાઓ. સ્વાર્થભાવનાને ઊંચે પ્રગટાવવા માટે મથો, તો વિશેષ લાભ થાય. રાગદ્વેષ મોળા પાડીએ, તો જ ભાવના ઊંચી થાય.

## ભૂમિકા તૈયાર કરો

આપણામાં ભાવના તો છે, પણ એનો જલદી ઉઠાવ થતો નથી. આપણે રાગદ્વેષથી ઘેરાયેલા છીએ. પતંગ ક્યારે ઊંચે જાય ? પવન તો હોય, પણ આપણે એને દોર આપીએ તો જ ઊંચે જાય. ભાવનાને ઉઠાવ આપવા આપણામાં ભૂમિકા પ્રગટે એ માટે હંમેશાં બીજાને સુખ આપવાનો વિચાર કરો. બીજાને સુખ આપશો તો જ તમે સુખી થશો.

## ભ્રમણામાં ન રહેશો

પ્રારબ્ધ તો વહેવારમાં છે. ભગવાનની ચેતનાત્મક ગતિમાં ઊડવા માટે પ્રારબ્ધ બિલકુલ ખલેલ નહિ પાડે. મનુષ્યજીવન મળ્યું છે, એ જ બતાવી આપે છે કે ચેતનને અનુભવવાની શક્યતા છે, પણ એ માટે આપણામાં જ્વાળામુખી જેવી ધગધગતી ભાવના પ્રગટેલી નથી. ઈચ્છા થવી એ જરૂરી છે, પણ એનો વિચાર આવતો નથી. વિચાર આવે તો ભગવાનની ભક્તિ કર્યા વિના રહેવાય નહિ. ભાવનાનું ઘટ સ્વરૂપ ભક્તિ છે. કોઈ માણસ ભગવાનનું નામ લીધા કરે, બેસીને માત્ર એ જ કર્મ કર્યા કરે, છતાં પણ રાગદ્વેષમાં જ રહેતો હોય, તો એ ક્રિયાને પણ હું તો દંભ જ કહું છું. લોકો કહે છે કે રોજ કરોડ જપ કરો, તો મોક્ષ મળી જાય. એવું કહેનારાઓને હું કહું છું કે એ વાત ખોટી છે. લોકોને ભ્રમણામાં ન રાખો. જો રાગદ્વેષ મોળા ન પડે, કામ, ક્રોધ, લોભ, દ્વેષ, ઈર્ષ્યા ઘટાડી ન શક્યા, તો સતત જપનો પણ ઊઠાવ નહિ આવે.

## પ્રભુના પ્યારા બનો

ગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ એમ બધું જુદું

જુદું બતાવ્યું છે. કુદરતનો વિચાર કરો. જુઓ, આમ લીમડો એક જ છે, પણ એના જુદાં જુદાં રૂપો છે. મનુષ્ય પણ એક જ છે, પણ રૂપ જુદાં છે. ભગવાન એકરૂપે હોવા સાથે જુદાં જુદાં રૂપે એ પ્રગટે છે. દરેકને એક જ સાધન લાગું નહિ પડે. માટે કહ્યું છે કે જ્ઞાન, ભક્તિ, કર્મ, મંત્ર, લય, યોગમાંથી કોઈ ચડિયાતું નથી. આ જ્ઞાન પહેલાંનું છે, પણ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે 'તું મારો પરમ શિષ્ય છે. એટલે તને આ જ્ઞાન આપું છું.' એટલે તમે ભગવાનને પ્રિય થઈ પડો.

## અર્જુનનો અધિકાર-મૈત્રી

મહાભારતમાં એક વિચારવા જેવી બાબત છે. ધર્મરાજા યુધિષ્ઠિર સત્યવક્તા હતા. છતાં ભગવાન શ્રીકૃષ્ણે આત્મજ્ઞાન તો અર્જુનને આપ્યું અને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવ્યું, કેમ કે અર્જુન એમનો પ્રિય સખા હતો. એ પ્રિય થઈ પડેલો હતો. તમે કેવળ સત્યનું પાલન જ કરશો અને એની સાથે જો ભક્તિ નહિ હોય, તો સત્યપાલનનું અભિમાન આવશે. ગીતામાતા ચાવી આપે છે કે ભગવાનના ભક્ત થવું હોય, તો ભગવાનના પ્રિય થઈ પડો. પ્રભુને પ્રિય થવા માટે સંસાર મળેલો છે. આપણે સુખી થઈએ, એ કરતાં આપણાથી બીજાઓ કેમ કરીને સુખી થાય એવા વિચાર કરો. ભગવાનને રસ્તે જવું હોય, તો મમતારહિત અને અનાસક્તભાવે વર્તીને બધાના પ્રિય થઈશું તો ભગવાનના વહાલા થઈશું. આપણે ભગવાનના સ્મરણ સાથે આ રીતે વર્તવાની ધારણા રાખીશું, તો જ ભગવાનની મદદ મળ્યા કરશે.

## ભગવાનનું સરનામું

ભગવાન અદ્ધર લટકતો નથી. એ તો આપણા હૈયામાં પડેલો છે. આપણને એને બોલાવવાનું જ્ઞાનભાન નથી. આજે તો એવું ચાલ્યું છે કે આપણે માત્ર આપણો જ વિચાર કરીએ છીએ. ભલેને તમે આઠ પ્રહર ભગવાનનું નામ લો, પણ જીવનમાં ભાવના ટકાવ્યા સિવાય કશું જ વળે નહિ. આપણને જે કાંઈ સંપત્તિ મળી છે, તે આપણા એકલાને માટે નથી. શરીરસંપત્તિ મળી હોય, તો એ બીજાને હેરાન કરવા માટે નથી, પણ બીજાને મદદ કરવા મળેલી છે. પહેલાં આપણો સમાજ સુખી હતો, કેમ કે લોકો ભગવાનનો વિચાર કરીને ચાલનારા હતા. આજે કોઈ તેનો વિચાર કરતું નથી. સમાજ ક્યાં જઈને અટકશે તેનો કોઈને ખ્યાલ નથી.

## કઠણ કાળમાંથી કેવી રીતે ઊગરીશું ?

આ પ્રપંચકાળમાંથી ઊગરવાનું સાધન જ્ઞાનભક્તિપૂર્વકનું ભગવાનનું સ્મરણ છે. એનાથી ભાવના પ્રગટે. રાગદ્વેષ મોળા પાડવાનું કરીએ, તો કાળ નહિ નડે. મહાભારતનું યુદ્ધ એ કઠણ કાળ હતો. અર્જુનને એ નડેલો. એને ગભરામણ પણ થઈ હતી, પણ ભગવાન શ્રીકૃષ્ણને રથ સોંપ્યો. એમણે રાગદ્વેષ મોળા પાડવાનું કહ્યું. કઠણ કાળ આવે ત્યારે લોકો દાન કરતા અને અનુષ્ઠાન કરતા. તમે અનુષ્ઠાન કરવા રાગદ્વેષ મોળા પાડો. પ્રથમ બીજાનું સારું તાકો, તો કઠણ કાળ નડી શકવાનો નથી. બીજાને નડે, પણ તમને નહિ નડે. બધાય ગ્રહોની યુતિ થવાની હશે ત્યારે થશે. અલ્યા, તું શા માટે ગભરાય છે ? તારી પાપવૃત્તિ ગભરાય છે. એવું લાગે તો બીજાને સુખ આપવાનો વિચાર કર. સંસારવહેવારમાં પણ આ જરૂરનું છે.

## દ્વંદ્વનો હેતુ

હવે, મૂળ વાત ઉપર આવીએ. આપણે પ્રકૃતિથી ઘેરાયેલા છીએ. સુખ-દુઃખ, લાભ-ગેરલાભ, નીતિ-અનીતિ, પ્રકાશ-અંધકાર જેવાં દ્વંદ્વ સાથે ને સાથે જ છે. આ રચના હેતુપૂર્વકની છે. આમ, સામસામે હોવાથી આઘાત-પ્રત્યાઘાત અને સંઘર્ષણ થાય છે, એથી સમજણ પ્રગટે છે. આમ, સંઘર્ષણ થતાં એમાં ડૂબી જવાથી કોઈ આ હેતુ વિશે વિચારતું નથી. કોઈ ભૂમિકાવાળો જીવ જ તેવું વિચારે છે. માણસને સુખ અને લાભ ગમે છે. ચેતન તો આનંદ સ્વરૂપ છે. એટલે આનંદ તો ગમે જ. માટે, કેવી રીતે આનંદ પ્રગટે એ વિચારો.

## આવ્યા એવા જઈશું ?

માણસ જ્યારે સુખમાં હોય છે, ત્યારે દુઃખ નથી એમ હોતું નથી. ઘરે મોટર-ગાડી, નોકર-ચાકર સુંદર આરોગ્ય હોવા છતાં-બધું ભોગવે છતાં-પણ ઘરનાં બૈરાં દુઃખી હોય છે. એને એનો ત્રાસ હોય છે. જીવનનિર્વાહની પ્રવૃત્તિમાં અનેક પ્રકારના ત્રાસ હોય છે. મનુષ્ય તો એમ વિચારે છે કે સતત એકધારું સુખ ભોગવાય એવું થાય તો સારું. ભગવાન બુદ્ધ પણ એ જ કારણે ઘર છોડી ગયા. માટે, ભગવાને કૃપા કરીને આ દ્વંદ્વની રચના કરી છે. છોકરાંઓ સારુ ખોલીમાં કે જમીનમાં આટલા પૈસા દાટી મૂક્યા, પણ મરતાં પહેલાં કહેવાનું ભૂલી ગયા. છોકરાંઓ પણ વિચારે કે કમાતા બહુ, પણ હાથમાં કંઈ આવતું નથી. આપણી પાસે બધું જ છે, પણ હાથમાં કંઈ આવતું નથી, કેમ કે તું જીવદશાની વૃત્તિમાં લગાતાર મંડ્યો રહે છે.

માટે, ભાવના તો પડેલી જ છે, પણ તેનો ઉઠાવ થઈ શકતો નથી. આ દ્વંદ્વની રચનાનો હેતુ છે, તેને સાર્થક કરીએ, નહિતર આવ્યા એવા જઈશું અને વળી ગયા એવા પાછા આવીશું. માટે, ચેતન તરફની અભિમુખતા જાગે એ માટે મથીએ.

મારા ગુરુમહારાજ પૂજ્ય બાળયોગીજી એલિસબ્રિજથી ટાઉનહૉલ તરફ જતાં જમણાં હાથે રહેતા હતા. એમની સાથળમાં કીડા પડેલા. એ કીડા જો બહાર પડી જાય, તો એને પકડીને પાછા સાથળના ઘામાં મૂકી દેતા. તે વખતે મને આ બાબતનો કશો અનુભવ નહિ, પણ ભગવાનની કૃપાથી એમણે મને બોલાવી મંગાવ્યો. એમની આવી સ્થિતિ જોઈને મને અચરજ થયેલું. દુઃખ હોવા છતાં દુઃખ નથી એવું થાય એ વિશે મને ઘણા દિવસ લગી વિચાર આવેલો કે આવી સ્થિતિ થઈ શકે ખરી ?

ચેતનનો સ્વભાવ-એનું લક્ષણ આનંદ છે. ગમે તે સ્થિતિમાં હોઈએ-એકમાત્ર સુખનો અનુભવ થયા કરે, એ જાતની સમજણ આ દ્વંદ્વની રચનાથી જ પ્રગટી શકે અને તે મનુષ્યયોનિમાં જ શક્ય છે.

*તા. ૧૨-૧૨-૧૯૬૧*

॥ હરિઃૐ ॥

# ૬. ચેતનનિષ્ઠનું ગૂઢ કાર્ય

## શરીરની સ્થૂળ-સૂક્ષ્મ રચના

આપણા શરીરમાં હાડકાં, સ્નાયુઓ, આંતરડાં, ફેફસાં, હૃદય, જ્ઞાનતંતુ વગેરે ક્યાં આવેલા છે અને એનું શું કાર્ય છે, એનું જ્ઞાન આપનાર શાસ્ત્રને અંગ્રેજીમાં સાયન્સ ઑફ ઍનેટૉમી કહે છે. ઍલોપથી ઉપચાર - પદ્ધતિથી ભણનારને આનો અભ્યાસ કરવો જ પડે. આયુર્વેદમાં પણ શરીરરચનાનું શાસ્ત્ર તો હતું, પણ એનો અભ્યાસ એટલો વિકસ્યો ન હતો. નિષ્ણાતો કહે છે કે આપણે ત્યાં સર્જરી પણ હતી, વાઢકાપનાં ઓજારો પણ હતાં. આ બધી વાત ઠીક છે. માત્ર એટલું જ સમજવાનું છે કે શરીરરચના સંબંધે જાણકારી માટે જે વિકાસ થયો છે એ બાહ્ય છે, એ જ રીતે અંદરની સૂક્ષ્મરચના વિશે આપણા ઋષિમુનિઓએ વિચાર્યું છે.

## સૂક્ષ્મ શરીરરચના

શરીરની સ્થૂળરચનાને પ્રેરણા આપનાર કોઈ આધાર તો હોવો જોઈએ, એમ માનીને સૂક્ષ્મનો વિચાર થયો. ધન્વંતરિ મુનિએ વનસ્પતિનું સૂક્ષ્મ પૃથક્કરણ કર્યું છે. એમણે પ્રત્યેક વનસ્પતિ સાથે તાદાત્મ્ય અનુભવ્યું. ચેતનનું આ લક્ષણ છે. એ ચેતન સાથે ચેતનરૂપે અને જડ સાથે જડરૂપે રહે છે. ધન્વંતરિએ ચેતનના અનુભવ દ્વારા વનસ્પતિના ગુણધર્મ જાણ્યા. એ જ પ્રમાણે શરીરરચનાના આધારરૂપ રહેલા સૂક્ષ્મ તત્ત્વને જાણવા ઋષિમુનિઓએ સૂક્ષ્મ શરીર સાથે તાદાત્મ્ય

સાધ્યું. એમણે જે પ્રત્યક્ષ અનુભવ્યું એને આધારે એમણે બુદ્ધિથી સ્વીકાર્યું છે કે સૂક્ષ્મ શરીર છે અને એના પણ જુદા જુદા ભાગ છે. સ્થૂળ શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ, જ્યારે કેટલાંક સૂક્ષ્મ શરીર ત્રણ તત્ત્વોનાં બનેલાં હોય છે અને બહુ થોડાંક આકાશતત્ત્વનાં બનેલાં હોય છે, એવાં શરીરનો સંબંધ સકળ બ્રહ્માંડ સાથે હોય છે.

## કરોડરજ્જુ અને સૂક્ષ્મ ચક્રો

આપણા ઋષિમુનિઓ સાયન્સ ઑફ ઍનેટૉમીથીય ઘણા આગળ ગયેલા છે. આપણા શરીરમાં જ્ઞાનતંતુઓનો રાજા કરોડરજ્જુ છે. દરેક જ્ઞાનતંતુને એ હુકમ આપે છે. એ સૂક્ષ્મ શરીરમાં રહેલા છ ચક્રોને આધારે કામ કરે છે. આ સૂક્ષ્મ ચક્રો વિશે શરીરરચના-શાસ્ત્ર (ઍનેટૉમી)માં કશું જ જણાવાયું નથી. કોઈ મોટો બંગલો બંધાવવો હોય એ પહેલાં એનું મૉડેલ બનાવવું પડે, એવું આ સ્થૂળનું મૉડેલ સૂક્ષ્મ શરીર છે. તેમાં જુદી જ શક્તિઓ છે. હિંમત, પરાક્રમ, સાહસ, બુદ્ધિ, ઉત્સાહ, ઉમંગ, સહનશીલતા, લાગણી વગેરેનો ઉદ્ભવ જુદે જુદે ઠેકાણેથી થાય છે. આ બધા ગુણોનો ઉદય આ છ ચક્રો વડે થાય છે, પણ મુખ્ય કામ તો કરોડરજ્જુનું છે. કરોડરજ્જુનો છેક છેલ્લો મણકો ગુદા પાસે છે, ત્યાં પહેલું ચક્ર હોય છે, એનાથી ઉપર અને એથીય ઉપર એમ બીજાં ચક્રો છે. છેક ઉપર છેલ્લે છઠ્ઠું ચક્ર બ્રહ્મરંધ્રમાં છે. એ છ ચક્રોને ગતિમાન કરીને સૂક્ષ્મમાં પ્રવર્તવાની વિધિ-વિદ્યા પણ છે, પણ આ વિદ્યા કાળે કરીને લુપ્ત થતી ગઈ, છતાં તે વિદ્યા ગુપ્ત રીતે -

બીજરૂપે છે અને ગુરુઓની પરંપરા દ્વારા ટકેલી છે. એ ચક્રોની વિદ્યાનો સૂક્ષ્મમાં વ્યક્ત અને અવ્યક્ત ભાવ છે. એવા અવ્યક્ત ભાવની સ્થિતિમાં કે એવા અવ્યક્ત ભાવથી કે શબ્દથી એ વિદ્યાનો કોક જાણકાર અન્યને એમાં ગતિ કરાવે છે.

## ચક્રોની ગતિ કેવી રીતે ?

હવે, આ ગતિનો સ્થૂળ શરીરમાં ઉઠાવ થતો નથી, તો પછી સૂક્ષ્મમાં જે પડેલું છે એનો ઉઠાવ ક્યારે થાય ? જ્યારે એ ભાવનું અનુસંધાન રહ્યા કરે ત્યારે એમાં સાતત્ય પ્રગટે. આ પ્રકારના અનુસંધાનના અભ્યાસનો અભાવ હોય એટલે સાતત્ય રહેતું નથી. જો એનું સાતત્ય રહે તો તેનો વિકાસ એટલો બધો થાય કે જાણે આપણે હિમાલય પર્વત કૂદતા હોઈએ એવું આપણને લાગે. આજે પણ આ પ્રકારની વિદ્યા હયાત છે.

## આપણી તામસ સ્થિતિ

પશ્ચિમમાં ઍનેટૉમીનો જેટલો ઊંડો અભ્યાસ થયો છે, એટલો સૂક્ષ્મ શરીરનો વિચાર થયો નથી, પણ એ લોકો સૂક્ષ્મ શરીરના અભ્યાસમાં ઊંડા ઊતરશે ત્યારે આપણા કરતાં આગળ જશે અને ચેતનનો અનુભવ પણ કદાચ ઝડપથી કરે. એ લોકોમાં એવો ગુણ છે કે જેમાં એ પડે તેનો ઉકેલ લાવીને જ રહે અને તેનું શાસ્ત્ર રચે. એવાં ઉમંગ, ઉત્સાહ, સળંગ વળગી રહેવાની તાકાત આપણા સમાજમાં નથી. આપણો સમાજ તો ઘોર તામસમાં પડેલો છે.

## એ વિદ્યા કોને મળે ?

ઋષિમુનિઓએ આપેલી વિદ્યાનું બીજ આપણામાં છે, પણ એ અંગે આપણે વિચારતા નથી. એ જાણવાની આપણામાં

જિજ્ઞાસા નથી. આપણે તામસમાં પડેલા છીએ. એટલે સ્થિતિસ્થાપક છીએ. તેથી, આપણે આગળ વધી શકતા નથી. આપણે આપણા પૂર્વજોનું ગૌરવ કર્યા કરીએ, પણ એમાંથી અત્યારે કશો લાભ મળતો નથી. મારા બાપદાદા કરોડપતિ હતા, પણ આજે તો હું ગરીબ છું. આથી, એ બાપદાદા પાસેથી આપણને કશો આધાર મળતો નથી. આપણી આગળ વધેલી સંસ્કૃતિ પાસે પ્રેરણા કે ઉત્સાહ મળે, પણ જ્યારે આપણામાં સાચી જિજ્ઞાસા પ્રગટી હોય અને જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના પ્રગટી હોય, તો જ એવી હકીકત શોધવાથી મળી જાય, એનો કોઈ જાણકાર પણ મળી જાય. આપણી જિજ્ઞાસાની ભૂમિકા એને આકર્ષ્યા વિના રહે નહિ. ચેતનનો ગુણધર્મ એવો છે કે તે એને શોધી કાઢે.

## મહાપુણ્ય યોગ

કોઈની ભૂમિકા પ્રગટી ન હોય તોપણ એ વિદ્યાના જાણકાર મળે, કેમ કે ચેતનમાં નિષ્ઠા પામેલાનું પ્રારબ્ધકર્મ આવા જીવો સાથેનું ઘણા જન્મોમાં જન્મેલું હોય છે. એટલે એ પ્રારબ્ધ કર્મના યોગે એવા જીવોને તેમના પ્રત્યે આકર્ષાવીને એનો સંબંધ કરાવી આપે.

## ચેતનનિષ્ઠનું વર્તન

ચેતન સતમાં પણ છે અને અસતમાં પણ છે. માટે, ચેતનમાં નિષ્ઠા પામેલા એવા મહાત્માઓનું મનુષ્યશરીર હોવાથી તેઓ આપણી જેમ જ વર્તે છે. તેઓ પ્રેમ પણ કરે, ક્રોધ પણ કરે. સ્પૃહા-નિસ્પૃહા પણ કરે. લોકોને તો એ પ્રેમ

કરે, સ્પૃહા કરે તો એવી એની દશા ગમે. અમે કહ્યું કે આશ્રમમાં સાંજના ન આવવું, પછી ગમે તે હોય, પણ અમુક શેઠને એ વાત ગમે નહિ. આવો જીવ કઠોર પણ હોય. એને કોઈની પરવા પણ ન હોય. એવે વખતે આપણે એના વિશે ગમે તેમ વિચારીએ એ બરાબર નથી. એનું કારણ આપણામાં શિસ્ત નથી. આપણે શિસ્ત રાખવી જોઈએ.

અહીં અમારે અંગત કામકાજ હોય કે નહિ ! અમે આશ્રમ લઈને બેઠા છીએ. એક મિલના મૅનેજર તો રાત્રે આવ્યા. તેઓ કહે છે કે 'સંત કા દર્શન કો સમય ક્યા ?' મેં તો કહ્યું, 'હું કોઈ મહાત્મા નથી. અમારે ત્યાં આવું નહિ ચાલે.' અહીંનું વાતાવરણ શાંતિ અને પ્રસન્નતાવાળું રહે એમ અમે ઇચ્છીએ છીએ. કેટલાક લોકો માત્ર ફરવા નીકળેલા, તે ટોળાંબંધ આવવા લાગ્યા અને અશાંતિ પ્રગટાવતા હતા. અમે તો એ લોકોને પેસવા જ ન દીધા. માટે, હું તો ચોખ્ખું કહું છું કે હું જ્યારે પ્રેમ કરું ત્યારે તો બધાંને ગમે, પણ જ્યારે કઠોર થાઉં ત્યારે કોઈનેય ના ગમે, તો પછી મારી સાથે સંબંધ ન રાખવો. તેવે વખતે ઓછું લગાડે એમને માટે આ ચેતવણી છે. મારા ગુરુમહારાજનો હુકમ છે કે સ્પષ્ટ કહી દેવું. મારે તો તમારામાં ભાવના પ્રગટાવવી છે.

## સમજવું અઘરું છે

એટલે તો ચેતનનિષ્ઠને ઓળખવો દુર્લભ છે. કોઈ પળે એવો જીવ કોઈક જીવની સાથે એકાગ્રતામાં હોય, ત્યારે તે જીવ જેવી દશામાં હોય તેવી જ રીતે એ વર્તે. તે વખતે કંઈ પ્રસંગ બને તો બીજા જીવ ઉપર એ ગુસ્સે થઈ જાય, ત્યારે લોકો કહે છે કે આ તો ખોટો ક્રોધ કરે છે. હકીકત કેવી રીતે

બને છે, એને હું ભાષા દ્વારા સમજાવી શકું, પણ એ સમજવું અઘરું છે.

## પોતાને સમજો

આવા મહાત્માઓ સાથે કોઈક પ્રારબ્ધયોગે મેળ પડી જાય, તો એ કહે તેમ કરવું. તેમને સમજવા દોહ્યલા. માટે, એમને સમજવાનું મૂકી દેવું. જ્યાં સુધી આપણે પોતાને જ સમજ્યા નથી ત્યાં સુધી કશું ન સમજાય. માટે, પોતાને જ સમજવાનો પ્રયત્ન કરવો. આપણી જાતને સમજીએ તો કદાચ એમ બની શકશે.

## ચેતનનિષ્ઠનું અંતર્યામીત્વ

નડિયાદમાં મારા ગુરુમહારાજે મને કહ્યું હતું કે બીજાને ઓળખવાની ગડમથલમાં પડીશ નહિ. તેઓશ્રીએ મને દીક્ષિત કરેલો. એક દિવસ એક રસ્તે જતા માણસને પથ્થર મારવાનું કહ્યું. ગુરુમહારાજનો હુકમ તો પાળવો જ જોઈએ. પથ્થર માર્યો પણ ઘા એવી રીતે કર્યો કે પથ્થર પેલા માણસથી બેત્રણ ફૂટ આગળ પડ્યો અને પથ્થર એને વાગ્યો નહિ. છતાં એ તો મને ગાળો દેવા લાગ્યો. મેં તો કહી દીધું કે આ ગુરુમહારાજને કહે. એમણે મને કહ્યું છે. એટલે એ તો દોડતો ઉપર ગયો અને ગુરુમહારાજને પગે પડીને રડવા લાગ્યો. હું એની પાછળ ગયેલો એટલે જોયું કે આંખમાંથી ચોધાર આંસુ વહ્યે જ જાય. એણે રડતાં રડતાં કહ્યું કે 'આજે તો દુષ્ટમાં દુષ્ટ કર્મ કરવા જતો હતો. તેનું વર્ણન પણ ન થઈ શકે. તમે મારા ઉપર બહુ કૃપા કરી.' આ સાંભળ્યું ત્યારે ગુરુમહારાજના હુકમનું હાર્દ હું સમજ્યો. આવો હુકમ બુદ્ધિથી ન વિચારતાં

પ્રેમભક્તિથી પાળવો એ ધર્મ છે, પણ જ્યાં સુધી ભાવનાનું સાતત્ય પ્રગટતું નથી ત્યાં સુધી બુદ્ધિ બખાળા કરે છે.

### સંતરામ મહારાજનું મંદિર

નડિયાદમાં સંતરામ મહારાજનું બહુ મોટું મંદિર છે. તેઓ એકસો ત્રીસ વર્ષ પહેલાં થઈ ગયા. અવધૂત નગ્નદશામાં જંગલમાં પડ્યા રહેતા હતા. અત્યારે જ્યાં મંદિર છે, તે જગામાં એક ભાઈ તેમને લાવ્યા. એ વખતે ત્યાં બાવળી હતી. એમાં તેઓ પડ્યા રહેતા. કોક ખાવાનું લાવે તોપણ એ ફેંકી દેતા. પછી તો મંદિર થયું. ૧૯૩૨માં એ મંદિરને સો વર્ષ થયાં હતાં. મહારાજના ભક્તોમાં હરિજનો ઘણા હતા. મંદિરની શતાબ્દી ઊજવાઈ ત્યારે બારતેર લાખ માણસો આવેલા. એમાં પચીસેક હજાર હરિજનો હતા. તેમની વ્યવસ્થા કરવા મને નીમેલો. ત્યાં હરિજનો સમક્ષ ખ્રિસ્તી પાદરીઓ ભાષણ આપવા આવે. હું તેમને મળ્યો અને કહ્યું કે 'આ ઠીક નથી. હિંદુઓનો ઉત્સવ છે ત્યાં તમે ભાષણ કરશો તો બખેડો થશે.' તેઓ તો રામકૃષ્ણની પણ વિરુદ્ધ બોલતા હતા. તેઓ માન્યા નહિ એટલે મેં કલેક્ટરને અરજી કરી. પોલીસ પાર્ટી આવી. એમણે સૂચવ્યું કે દૂર જઈને ભાષણ કરે. મેં સંતરામ મહારાજને વાત કરી. તેઓ તો બહાર નીકળે જ નહિ. માત્ર મહા સુદ પૂનમના દિવસે બહાર નીકળે અને સાકર વહેંચે.

એ વખતે ખ્યાતનામ મંડળેશ્વરો પણ પધારેલા. તેઓને કહ્યું કે 'બહાર આવીને તેઓ પ્રવચન કરે', પણ કંઈક વાંધા લાવીને બહાર આવવાનો ઈન્કાર કરે. મેં દલીલ કરી કે નરસિંહ, મીરાં, કબીર સાહેબ, જ્ઞાનદેવ વગેરે તો હરિજનો પાસે પણ

ગયાં હતાં. તમને પ્રવચન આપતાં શું થાય છે ? આટલા બધા હરિજનો હિંદુધર્મને માનનારા છે. ગાયમાતાને, તુલસીમાતાને પૂજે છે. આંગણાં સ્વચ્છ રાખે છે, એમને તમે દર્શન પણ ન આપી શકો ? એ તમારાં દર્શન ઝંખે છે. હવે, તમે નહિ માનો તો હું બધાંને કહીશ તો તમારા ઉપર હલ્લો કરશે. ઘણા પ્રયત્નો પછી દર્શન આપવા માન્યા, પણ દર્શન કેવી રીતે આપવાં એનો ઉકેલ મારી પાસે માગ્યો.

મેં કહ્યું, 'તમે બધા બહાર આવીને એક લાઇનમાં ઊભા રહો. બધાં એક પછી એક લાઇનમાં આવીને દર્શન કરી જશે.'

આ કહીને મારે કોઈની અવગણના નથી કરવી, પણ અનુભવી પુરુષમાં મડાગાંઠ કે ભેદ હોય નહિ. માટે, બધા મહાત્માઓ અનુભવી હોય એવું હોતું નથી. અનુભવી તો કોઈક જ હોય. મુદ્દો એ છે કે અનુભવી મહાત્માને સમજવા બહુ દુર્લભ. તમે સંસારમાં કોઈ માણસને પારખી શકતા નથી, તો આવાને કેવી રીતે પારખવા ?

એટલે જ્યાં આપણી ભાવના વિકસતી હોય, પ્રસન્નતા લાગતી હોય ત્યાં જવું. દરેક વિભૂતિનાં દર્શન પ્રેમભાવથી કરવાં, પણ એક ઉપર એકાગ્ર થવાય તો અનેકનો સંસર્ગ થઈ શકે. માટે, આ આશ્રમ પરત્વેનો ભાવ તમારી ગરજે તમારા લાભ માટે રાખજો. તમને ગરજ પ્રગટી હશે, તો ખોટું લાગવાનું નથી. ગરજ પ્રગટી હશે, તો આવશો, નહિ તો નહિ આવો.

*તા. ૧૯-૧૨-૧૯૬૧*

॥ હરિઃૐ ॥

# ૭. શોધો તો જડશે

## ભુલભુલામણીમાં

આપણું જીવન બહુ સંકુલ (Complex) છે. એમાં અનેક પ્રકારની આશા, ઈચ્છા, કામના, લોભ, મોહ વગેરેના તરંગો છે. એટલે જીવનમાં મનુષ્યને શાંતિ થવી મુશ્કેલ છે. તેમ છતાં આપણે ટકી રહીએ છીએ, કેમ કે જીવનમાં રસ છે, આનંદ પણ છે. એનું કારણ આપણામાં ચેતન છે. આનંદ અને રસ એ ચેતનનું લક્ષણ છે. ચેતન હોવા છતાં આપણે એવી ભુલભુલામણીમાં પડ્યા છીએ કે આપણને તેના અસ્તિત્વનું ભાન જાગતું નથી.

તાદાત્મ્ય અને સાક્ષીપણું એ ચેતનના ગુણધર્મો છે. આપણે આશા, કામના સાથે તાદાત્મ્ય થઈએ છીએ. તેથી, આપણામાં સાક્ષીપણાનો ગુણ પ્રગટતો નથી. એટલે આપણને ચેતનની હાજરીની ખબર પડતી નથી. રસ, આનંદ અને તાદાત્મ્ય ગુણો આપણામાં પ્રગટેલા છે, પણ બીજા તટસ્થતાના અને સાક્ષીપણાના ગુણ પ્રગટ્યા નથી. તેના વિના આપણું શરીર પણ ન ટકી શકે. એટલે ચેતન ક્યારે પ્રકાશવંતું છતું થઈ શકે અને આપણે એને ખોળી કાઢીએ એવી આપણને તાલાવેલી લાગવી જોઈએ.

## તાલાવેલીનું પ્રમાણ

મારું દૃષ્ટાંત આપું. ભગવાનની કૃપાથી ૧૯૨૨માં મારું આ બાજુનું મોઢું થયું. મારા ગુરુમહારાજ પૂજ્ય બાળયોગીજીએ

મને દીક્ષિત કર્યો ત્યારથી હું કોઈ દિવસ ઘેર સૂતો નહિ. બહાર સાધના કર્યાં કરું, પણ એક વખત ગુરુમહારાજ પાસે ગયા વગર મારાથી સાધનામાં આગળ વધાય એમ ન હતું, કેમ કે મારી એક ગૂંચનો ઉકેલ મળતો ન હતો. તે વખતે ગુરુમહારાજ પાસે જવા મારી પાસે પૈસા નહિ. કોઈ પાસે માગવાનું રુચે નહિ. કોઈ પાસે માગું તો તેને મારા હેતુમાં શ્રદ્ધા હોય કે ન પણ હોય, પણ મને તો ગુરુમહારાજ પાસે જવાની તાલાવેલી જાગી હતી. આવા પ્રકારની તાલાવેલીનું લક્ષણ એ આપણને એ તરત ઉપાય સુઝાડે. નડિયાદમાં અમૃતભાઈ નામે એક સજ્જન 'અમૃતબિંદુ' નામની દવા તૈયાર કરીને વેચતા હતા. ૧૯૨૭ની સાલની આ વાત છે. ત્યારે કુંભમેળો હતો અને કુંભમેળો એ સાધુઓનું પિયર. મેં અમૃતભાઈને પૂછ્યું કે 'તમે મને મદદ કરી શકશો ?' અને બધી વિગત મેં એમને જણાવી. એમણે પૂછ્યું, 'ત્યાં જઈને તું મારું શું કામ કરીશ ?' મેં કહ્યું, 'તમે અંગ્રેજી તથા હિંદીમાં ૨૫-૩૦ હજાર જાહેરખબરના હૅન્ડબિલ છપાવીને આપો. હું ત્યાં વહેંચીશ.' એમને આ વાત ગમી. એમણે મને આવવા-જવા માટેનું ભાડું આપ્યું અને ખોરાક ભથ્થું પણ આપવા માંડ્યા, પણ મેં ના પાડી, કેમ કે ત્યાં સાધુસંતો માટેનાં અન્નક્ષેત્રો ઘણાં હોય છે. ત્યાંથી ખાવાનું મળી રહે.

## ગજવું કપાયું !

હું તો જાહેરાતના કાગળો લઈને ગયો, પણ ગાડીમાં કોકે ગજવું કાપી લીધું. એટલે ટિકિટ તથા પાછા ફરવાના પૈસા પણ ગયા. સ્ટેશન ઉપર ટિકિટ લેનારે પકડ્યો. મેં તેને

સમજાવ્યો પણ ન સમજ્યો. સ્ટેશન માસ્તર પાસે લઈ ગયો. આમ, બેત્રણ કલાક રોકાણ કર્યું, પણ આખરે સ્ટેશન માસ્તરના કહેવાથી મને જવા દીધો. આવા મોટા ઠેકાણે ક્યાં જવું એ પ્રશ્ન હતો. મારે ભિક્ષુ અખંડાનંદ સાથે પરિચય હતો. હું શોધતો શોધતો એમની પાસે ગયો. એમણે મને જમાડ્યો. મેં કહ્યું કે 'હું મારા ગુરુમહારાજને ખોળવા આવ્યો છું.'

## જાતે જ ખોળો

પેલા હૅન્ડબિલ વહેંચવાનું કામ તો મેં ચારપાંચ કલાકમાં પૂરું કર્યું. હવે, મારે ગુરુમહારાજને ક્યાં શોધવા ? મને એમ કે તેઓ ગંગાકિનારે બેઠા હશે. એમને ખોળતાં ખોળતાં ચાર દિવસ થઈ ગયા, પણ એ જડે નહિ. ચોથે દિવસે મેં એમને એક જાહેર સ્થળે જ બેઠેલા જોયા. હું તો દોડીને એમના પગે પડ્યો. પછી ખોળામાં માથું મૂકીને ખૂબ રડ્યો. પછી મેં તેમને કહ્યું, 'ચાર દિવસથી આપને શોધું છું.' એમણે કહ્યું, 'હું પણ તને ચાર દિવસથી જોયા કરતો'. મેં કહ્યું, 'આપ મને જોયા કરતા હતા તો બોલાવવો હતોને ?' તેઓ કહે, 'ના, તારે જાતે જ ખોળવા જોઈએ.'

## સંસારમાં સ્મરણ

આમાંથી મને ચાવી મળી ગઈ કે ભગવાન આપણને જોયા કરે છે, પણ આપણે તેની સામે ન જોયા કરીએ તો આપણને મદદ મળે નહિ. સંસારી લોકો પ્રવૃત્તિમાં એટલા રચ્યાપચ્યા રહે કે ભગવાન સાથે હોવા છતાં એ અંગે કશું ભાન જાગતું નથી. ઋષિમુનિઓ, સાધુસંતોએ (અનુભવીઓ) જોયું કે

સંસારમાં લોકોને ભગવાનની સામે જોવાનું પણ ધ્યાનમાં આવવાનું નથી. એટલે એમણે ભગવાનનું સ્મરણ કરવાનો સરળ ઉપાય ખોળી કાઢ્યો. ભગવાનની સ્મરણભાવના પ્રગટશે તો દરેક કોયડા-ગૂંચના ઉપાય આપમેળે મળશે.

## 'મન મારામાં પરોવ'

લોકો કહે છે કે ભક્ત લોકો ભોળા હોય છે, પણ એ વાત ખોટી છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે 'હું મારા ભક્તને બુદ્ધિયોગ આપું છું.' હૈયાસૂઝ પ્રગટે નહિ એ વાત ખોટી છે. ભાવના બધો પ્રકાશ પ્રેરે છે. ભાવના પ્રગટે તેને હૈયાસૂઝ પ્રગટે. મારા ગુરુમહારાજે મને કહ્યું, 'તારું મોં જ્યાં સુધી મારા તરફ ફરે નહિ અને એકધારું મારામાં ન રહ્યા કરે, એકધારું મનન ચિંતન મારામાં ન થાય, ત્યાં સુધી કશું વળે નહિ.' ગીતામાં પણ આ જ વાત કહી છે. 'તું મારો ભક્ત થઈ જા'. અર્જુન પહેલાં તો કહેતો હતો કે 'યુદ્ધથી વર્ણસંકર પ્રજા થાય છે.' ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે 'કર્મ તો કરવાં પડશે, પણ તારું મન મારામાં પરોવી દે અને કર્મ કર્યે જા.' કર્મને અવગણવાં એ તો ભગવાનને અવગણવા બરાબર છે. આથી, કર્મને યજ્ઞનું રૂપક આપવામાં આવ્યું છે. મતલબ કે યજ્ઞની ભાવનાથી આપણે કર્મ કરીએ. કેટલાયે આત્માઓ સંસારમાં રહીને ભગવાન સાથે રહી શક્યા.

## શ્રીમદ્ રાજચંદ્રનું દૃષ્ટાંત

મેં શ્રીમદ્ રાજચંદ્રની વાત તમને કહી હશે. છતાં એમની વાત કર્યે હું થાકતો નથી. જ્યારે સાધનાકાળ દરમિયાન આવા વિચારો ઊઠતા તે વખતે મને શ્રીમદ્ રાજચંદ્રનું જીવનવૃત્તાંત

વાંચવા મળ્યું. એમના જીવનમાંથી મને ઘણી પ્રેરણા મળી છે. કર્મ ઉત્તમ રીતે થાય એટલું જ નહિ પણ કર્મ કેવી રીતે કરીએ કે એ કર્મ પરિણામ પણ ઉત્તમ આપે. આમ તો તેઓ મોટા યોગી હતા. એક વખત તેમને સૂઝ્યું કે પોતાને કોકનું લાખ રૂપિયાનું દેવું છે. એટલે તેઓ મુંબઈ જઈ રેવાશંકર જગજીવનની પેઢીમાં વેપાર કરવા લાગ્યા. ત્યાં તેઓ આડતનો અને હીરાનો ધંધો કરતા. એમ કરતાં એમણે કોઈકની સાથે સોદો કર્યો. એની વિગત હું તમને સમજાવી શકતો નથી.

અમુક સમયે નક્કી કરેલા ભાવ પ્રમાણે પેલા વેપારીએ હીરા આપવા એવા સોદાનો એમણે કરાર કર્યો. હવે, મુકરર કરેલા દિવસે (વલણના દિવસે) એ માલના ભાવ એટલા બધા વધી ગયા કે પેલો વેપારી કરાર પ્રમાણેના ભાવે માલ આપે, તો ભારે નુકસાનીમાં ઊતરી પડે. આથી, એ રાજચંદ્ર પાસે આવીને કરગરવા લાગ્યો. શ્રીમદ્ રાજચંદ્રે કરારનો કાગળ મંગાવ્યો અને એ કશું નથી એમ ગણીને ફાડી નાખ્યો અને કહ્યું, 'ચિંતા શા માટે કરો છો ?' એમની અનાસક્તિ જુઓ. જ્યારે ચોપડામાં એક લાખ રૂપિયા એકઠા થયા કે તરત જ એ પેઢી ઉપરથી ઊતરી ગયા. એક ક્ષણની વાર પણ લગાડી નથી. તેમાંથી પત્નીને કે સગાંને કોઈને કાંઈ આપ્યું નહિ. એમણે કહ્યું, 'આ મારા પૈસા નથી.'

**મનુષ્ય ચેતનવંતો**

આપણામાં આવી પ્રચંડ ભાવના પ્રગટી નથી, પણ ચેતનનો આ એક એવો પ્રદેશ છે કે એની સામે જોઈશું અને એને ખોળીશું તો એ મળશે જ. ભગવાનનું સ્મરણ જો ભાવનાપૂર્વક

થાય, તો એવું સ્મરણ ચેતનને જાગ્રત પણ કરી શકે છે. માત્ર, પોપટની જેમ નામ રટ્યાંથી કશો ફેર પડે નહિ, કેમ કે પોપટના અને મનુષ્યના જીવનમાં ફેર છે. મનુષ્યમાં ચેતન હોવાથી મનુષ્ય સ્મરણ કરે, તો એ યંત્રવત્ ન બની શકે. મશીનરીમાં નરી જડતા હોય છે. જ્યારે મનુષ્યજીવનમાં નરી જડતા નથી. મનુષ્યમાં તામસ હોય પણ જીવનમાં એવી જડતા નથી હોતી. મનુષ્યમાં જેટલી ચેતનની શક્તિ વિકસેલી છે એટલી બીજા કોઈમાં વિકસેલી નથી હોતી. એટલે કદાચ શરૂઆતમાં ભાવના ન હોય, પણ બાર પંદર કલાક સ્મરણ કરે ત્યારે પ્રગટે ખરી.

**ભાવનાનાં લક્ષણો**

ભાવના પ્રગટે એનાં પણ લક્ષણો છે. તેનાથી સ્ફૂર્તિ આવે છે. આપણે ધરતી ઉપર ચાલવા છતાં ધરતીથી અદ્ધર ચાલતા હોઈએ એમ આપણને લાગે છે. ભાવનાથી હૈયસૂઝ પ્રગટે છે. કોઈ પ્રશ્ન વિશે ઝાઝા વિચાર કરવા પડતા નથી. જીવનમાં ઊઠતા અનેક પ્રકારના કોયડાના ઉકેલ પણ સહેલાઈથી મળી જાય છે. આડાઅવળા તર્ક ઊઠતા નથી. કોઈ પૂછે છે કે ભક્તિ કરવાથી પૈસા કમાઈ શકાય ? હું કહું છું કે ભક્તિ કરવાથી સારી આવડત આવે છે. ઘરાક સાથે વર્તવાની કળા પણ આવડશે. અનેક પ્રકારની પ્રેરણાઓ જાગશે. કર્મ કરતાં ભક્તિ પ્રગટશે તો કર્મની આવડત આવશે. એટલું જ નહિ પણ કર્મમાં આપણી દૃષ્ટિ સમતાવાળી, તટસ્થતાવાળી થશે. કશાથી આવરાઈ નહિ જવાય. હેતુનું ભાન પણ ટકશે. આપણને ઘરાકના આવવાના પ્રયોજનનું, તેના સ્વભાવ-

પ્રકૃતિનું પણ દર્શન થઈ જશે. ભાવનાથી આપણને કામ કરવાની કળા પણ પ્રાપ્ત થાય છે. સામાન્ય માણસ કામ કરે એના કરતાં અનેકગણું કામ થઈ શકે છે. આ મારા અનુભવની વાત છે. હું સવારે ચારથી રાતના દસ લગી કામ કરતો, પણ મને થાક લાગતો નહિ.

## મદદ કરવા તત્પર 'મોટા'

કેટલાક મને ગુરુ માને છે, પણ એમની આ વાતને હું માનતો નથી. ક્રોધ કે એવી બીજી કોઈ લાગણી પ્રગટે છે, તો તે જણાયા વગર રહેતી નથી, તો પછી ભાવના પ્રગટી હોય તો તેની ખબર કેમ ન પડે ? આપણે જેની સાથે સંકળાયેલા હોઈએ તેની સાથે એકસરખી રીતે રહ્યા કરતાં હોવા જોઈએ. કેટલાક કહે છે કે 'ગુરુ થયા પણ મદદ કરતા નથી.' હું તો કહું છું કે તારું મન મારામાં નથી. મદદ લેવાની તારી તૈયારી નથી. તે અંગે તારી પ્રાર્થના નથી. તારા મનમાં હું નથી પછી મદદ કેવી રીતે મળે ?

## ચેતનનિષ્ઠનાં લક્ષણો

હું સાધુસંતો સાથે બહુ ફર્યો છું. તેઓ ચેતનને અનિર્વચનીય કહે. હું એમને પ્રયોગનું પૂછું, તો કહે, 'અલ્યા, પ્રયોગ શેનો ?' મારે ગળે એ વાત ઊતરે નહિ. ચેતનમાં નિષ્ઠા પામીએ એનાં પણ લક્ષણો તો હોવાં જ જોઈએ. આપણામાં ચેતના પ્રગટતી હોય તો ખબર કેમ ન પડે ? ચેતન પ્રગટવાથી તો અનેકગણું કામ કરવાની શક્તિ પ્રગટે. ચેતનથી તેજ પ્રગટે, નમ્રતા પણ પ્રગટે, પણ એ નમ્રતા ઘેટાં જેવી નહિ, એમાં તો સિંહના જેવું તેજ પ્રગટે. નમ્રતા સાથે નિસ્પૃહા હોય છે.

ચેતનમાં નિષ્ઠા પામેલા જીવ નિસ્પૃહ પણ હોય અને સ્પૃહાવાળા પણ થાય. એ વહાલ પણ કરે અને ગુસ્સોય કરે. એ કોઈની પરવા ન કરે. એને તો ભગવાનની ઓથ હંમેશાં હોય છે. એ સદાસર્વદા નિશ્ચિંત હોય છે. જ્યારે કહેવાનું હોય ત્યારે સાફસાફ કહી દે છે. એ પોતાના વહેવાર-પ્રયોગથી સાબિત કરી બતાવે છે કે એને ધનનો લોભ નથી કે કોઈ પણ પ્રકારની ચિંતા નથી, પણ આપણું દિલ જો પ્રેમભક્તિવાળું ન પ્રગટ્યું હોય, તો એ બધું ઉપરથી ચાલ્યું જાય છે.

## 'બે ડંડા ઠોકે'

એક પણ બિંદુ એવું નથી કે જેમાં ચેતના નથી. આપણા શરીરમાં કેટલાય અણુપરમાણુનો હંમેશાં સ્ફોટ થયા કરે છે અને શક્તિ પેદા થયા કરે છે. એ શક્તિ વડે સકળ કર્મ થયા કરે છે. આપણામાં અહમ્ બુદ્ધિ પણ એ શક્તિ વડે જ થાય છે. આપણા શાસ્ત્રકારોએ કહ્યું કે ભગવાનની મરજી વિના પાંદડું પણ ન હાલે એ વાત સાચી છે, પણ આપણે સંસારીઓ અહમ્ પ્રકૃતિથી ઘેરાયેલા છીએ. એટલે આપણે એવું કહીએ એમાં દંભ રહેલો છે. તેવું કહેનારને પોતાની જાતનો તો ભરોસો હોતો નથી. પછી 'ભગવાનની મરજી' એવું કહે એ બરાબર નથી. મારા ગુરુમહારાજ તો એવું કહેનારને બે ડંડા ઠોકે.

## 'ભગવાનની મરજી' એવું બોલાય ?

સંસારમાં તો બધાં પોત પોતાની મરજી પ્રમાણે કરે છે અને એમ કહે છે કે 'ભગવાનની મરજી.' આ તો માત્ર આશ્વાસન લેવા પૂરતી રૂઢિ પ્રચલિત થયેલી છે. આપણે

સમજવું જોઈએ કે આપણી મરજી પ્રમાણે વર્તીએ તો પછી 'ભગવાનની મરજી' એવું કહીએ એ કેમ ચાલે ? તમે કોઈ પેઢીમાં કામ કરતા હો અને શેઠની મરજી કે નિયમ પ્રમાણે ન ચાલીએ તો એ ઘડી વાર પણ રાખશે ખરા ? માટે, તેનો વિચાર કરો.

## ભગવાનનો વાસ ક્યારે ?

પણ આપણામાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહમ્ વગેરે ન રહ્યા હોય અને ભગવાનની ભક્તિ સોળે કળાએ પ્રગટી હોય ત્યારે આપણે 'ભગવાનની મરજી' એવું બોલીએ તો એ બરાબર છે. આપણે દંભ તો ન જ સેવવો જોઈએ. કોઈ માણસ ભગવાનને ન માનતો હોય છતાં પણ પ્રમાણિક હોય તો ભગવાનનું નામ લેનાર કરતાં એ ચડિયાતો છે. ભગવાનનું નામ તો તટસ્થ થવા, ચિત્ત શુદ્ધ કરવા લેવાનું હોય. ચિત્ત શુદ્ધ થયા વિના ભગવાનનો વાસ આપણામાં ન હોય.

## 'સત્સંગનો મહિમા મોટો'

આ બધું સંસારમાં ક્યારે સંભવી શકે ? આ પ્રપંચકાળમાં બધું બની શકે નહિ. માટે, ઋષિમુનિઓએ ખોળી કાઢ્યું કે ભગવાનનું સ્મરણ કરવું અને એમાં સળંગતા અને અખંડતા પ્રગટે તો રૂપાંતર થવાની પ્રક્રિયા પ્રગટશે. પરિણામે આપણે આ જ માર્ગે ચાલ્યા જઈશું. આ ઉપરાંત, સત્સંગનો મહિમા પણ ગાયો છે. હું જાતે પુરુષાર્થ કરવામાં બહુ માન્યા કરું, કેમ કે સત્સંગનો મહિમા ખરો, પણ એમાં રૅશનલ (Rational) કેટલું ? સાધુ-મહાત્માઓને પૂછું તો કહે કે એમાં વળી

સમજવાનું શું ? સત્સંગ કા મહિમા ભારી, પણ મેં વિચાર્યું કે દરેકનું મૂળ હોય છે. કારણ વગર આમ વાતો ચાલે નહિ. મને વિચાર કરતાં લાગ્યું કે બધા મનુષ્ય ભગવાનનું નામ લઈ શકે નહિ, તો બીજું સાધન તો ક્યાંથી કરી શકે? પણ સત્સંગ દ્વારા શાંતિ અને હળવાશનો અનુભવ તો કરી શકે.

## ભાવનાથી સત્સંગ

સંસારમાં ભલે રગદોળાયેલા હોઈએ ત્યારે દસપંદર મિનિટ માટે પણ ચેતનમાં પ્રગટેલા મહાત્માના સંસ્કાર આપણી ભૂમિકામાં પ્રગટે, તો તે સમય પૂરતી તેમની ઉચ્ચ પ્રકારની ભૂમિકા આપણામાં પ્રવેશે અને સૂક્ષ્મમાં પણ એ સંસ્કાર પ્રગટે અને એનાથી જે ઉચ્ચ પ્રકારની ભૂમિકા થાય એનું પરિણામ પણ ઉત્તમ પ્રકારનું આવે. જ્યારે ઊર્ધ્વજીવનની ભાવનાથી અને જિજ્ઞાસાથી સત્સંગ કરવા જાય, તો ચેતનમાં નિષ્ઠા પામેલા એ મહાત્માથી આપણું ઘણું કલ્યાણ થાય. આ રીતે એમના સંસ્કાર ઉદય પામે, તો જીવનમાં ઊંચે પ્રગટી શકવાની ઘણી શક્યતા છે. ઉકેલ સમજવાની વૃત્તિ હોય, તો એવો આત્મા ઉપાય બતાવે અને એમની મદદ પણ મળે, કેમ કે એ તટસ્થ હોય છે, પણ આવી ભાવનાથી સત્સંગ કરનારા ઓછા હોય છે. આ મારા અનુભવની વાત છે. માટે, તમને કહું છું કે અહીં આશ્રમમાં નકામા ન આવશો. જિજ્ઞાસાથી અને ભાવનાની ભૂમિકાથી આવવાનું કરશો. તેનાથી કલ્યાણ થાય છે.

## ચેતનને શોધવાની જરૂર શી ?

નડિયાદમાં એક ડૉક્ટર દંપતી છે. રોજ નિયમિત સાડા છ વાગ્યે આશ્રમમાં આવે છે. એમણે પ્રશ્ન કર્યો કે ‘ચેતનને

ખોળવાની શી જરૂર છે ? આ બધું ચેતન જ છેને ? બોલીએ છીએ, સ્વાદ કરીએ છીએ, કામ કરીએ છીએ, એ બધું ચેતનને લીધે જ છેને ? તો પછી આ ખોળવાની અને બીજી બધી ધમાલ શી ?'

મેં એમને પૂછ્યું, 'સંસારવહેવારમાં ઘર્ષણ, સંતાપ, વેદના, દુઃખ, અથડામણ થાય છે કે નહિ ? છતાં સુખ જ ગમે છેને ? સુખ અનંતકાળ રહે એવું મળે તો ગમે કે નહિ ? માટે, અનંત સુખનો અનુભવ થાય, ગમે તેટલું દુઃખ હોવા છતાં એવી સ્થિતિ પ્રગટે કે સુખનો અનુભવ જાય જ નહિ. એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ઉપાય શોધવા. અસ્ખલિત સુખના અનુભવ માટે મહાત્માઓને કાળ નડ્યો. એ કાળ ટૂંકો કરવા સાધનોની ખોજ કરી. આજે પણ એ પ્રકારની સાધના છે, પણ એવી સાધના કરવાની કોઈની તૈયારી નથી, કેમ કે એ પૂર્વે એકદમ ચિત્તશુદ્ધિ થવી જોઈએ.

## જીવન ફના કરાશે ?

આપણામાં ક્રોધાદિ અનંત કાળથી છે. એનો Impact છે, એ જવો જોઈએ. અનંત કાળ લગી શાંતિ અને સુખ ટકે એ માટે ચેતનનો વિચાર આવ્યો. આમ, મેં ડૉક્ટર દંપતીને સમજાવ્યું. આ અનુભવનો વિચાર છે, તુક્કો નથી. જેને પોતાનું જીવન ફના કરવાની તૈયારી હોય એ જ એ પામી શકે. મેં એમને પૂછ્યું, 'બધાં એવું કરી શકશે ?' અને મને અનુભવથી લાગ્યું એટલે આ આશ્રમ કર્યો.

## મૌનએકાંતમાં કારણશરીરને સ્પર્શ ?

અહીં મૌનમંદિરમાં બેસો તો ભાવનામાં ઊંચા થવાય. જેઓ

મથે એને સંસ્કારો પડે. એ ક્યાં જવાના ? અંદર બેસનારને એવા અનુભવો થાય છે. તર્કની રીતે પ્રકાશનો અનુભવ થાય છે. કોઈ લાખ રૂપિયા આપે એના કરતાંય આ પ્રકાશનો અનુભવ થાય એ વિશેષ છે, કેમ કે એના સંસ્કાર છેક કારણશરીરને સ્પર્શે છે.

## આ બધું તો સમજાય

સૂક્ષ્મ શરીરને આકાર છે, પણ એને પહોળાઈ નથી, પણ કારણશરીર તો આકાર વગરનું છે. સકળ બ્રહ્માંડ સાથે એ સંકળાયેલું છે. એ બધી અનુભવની હકીકત છે. ચેતનમાં નિષ્ઠા પામેલા જીવ અહીં હોવા છતાં હજારો માઈલ અનેક ઠેકાણે હોઈ શકે છે અને જઈ શકે છે. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ તો ટૅલિપથીના પ્રયોગથી જામનગરમાં રહેતા એમના એક મિત્ર સાથે વાત કરી હતી. આપણી બુદ્ધિ પ્રકૃતિમય બનેલી છે. માટે દ્વંદ્વાત્મક છે. જો બુદ્ધિ ચેતનમય થાય અને તેમ પ્રગટે તો આ બધું સમજી શકાય અને અનુભવી શકાય.

## મૌનએકાંતથી ઉચ્ચ ગતિ

ઋષિમુનિઓએ આપણને આ સંસ્કૃતિ આપી છે, એની પાછળ જીવનનું રહસ્ય છે. એમને અનુભવે જે અમૃત લાધ્યું એ એમણે આપ્યું. આપણે એમની સાથે સંબંધમાં આવીએ, તો એમનો વારસો આપણને મળે. એમના સંબંધમાં આવવાથી બધાં પ્રત્યે સદ્ભાવ પ્રગટે, અણગમો ન પ્રગટે. મન અવગુણ જોવાનું કરે તો ઝાટકો મારીને દૂર કરીએ, તો આપણો વિકાસ થાય. ઋષિમુનિઓએ તો જોયું કે માણસ પોતાની મેળે એમ

કરી ન શકે માટે ભગવાનનું સ્મરણ એ એક જ રામબાણ ઉપાય છે. સમુદ્રનાં મોજાંથી લાકડું આમથી તેમ અથડાય એવી આપણી સ્થિતિમાં ભગવાનનું નામસ્મરણ કરાય અને જો એમાં સાતત્ય પ્રગટે, તો એ ભાવનામાં પ્રગટી રહે. ગુરુમહારાજના હુકમથી આ મૌનએકાંત મંદિરમાં જો માણસ બેસે અને મથે, તો એના સંસ્કારો એના સૂક્ષ્મ શરીર ઉપર પડે અને એવા સૂક્ષ્મ સંસ્કાર જ્યારે ઉદય પામે ત્યારે એવા જીવ ઊંચી ગતિમાં જન્મવાના છે, એ હકીકત છે.

*તા.  -૧૨-૧૯૬૨*

॥ હરિઃૐ ॥

# ૮. મૌનમંદિરમાં ધર્મસંસ્કાર

## પ્રચાર નહિ

મૌનમંદિરમાં બેસાડવાની નીતિ સાથે આ આશ્રમ સ્થપાયો, ત્યારે સુરતમાં પણ બધાંને એની જાણ ન હતી. મારી તમને બધાંને વિનંતી છે કે એ અંગે પ્રચાર કરવાની જરૂર નથી. જે કંઈ આપમેળે બને તે ઉત્તમ છે. જેની સાથે પ્રારબ્ધ યોગ જોડાયેલો છે, તે કોઈ ને કોઈ રીતે અહીં આવવાનો છે, એ નિશ્ચિત હકીકત છે. મારા વિશે કે આશ્રમ વિશે પ્રચાર કરવાની જરૂર નથી, કારણ કે પ્રચારમાં અતિશયોક્તિ થતી હોવાથી ઘણી વખત હકીકતનું ખૂન થઈ જાય છે. અહીં રહેનારને પણ વિનંતી કે ભાવનાથી કે લાગણીથી પ્રેરાઈને પણ કશી વાત કરવી નહિ. એમાં શુભને બદલે અશુભ થવાનો વધારે સંભવ છે.

## સદ્‌ભાવ રાખો

જ્યારે આશ્રમ વિશેની જાણ બધાંને ન હતી ત્યારે પહેલાં જે કુટુંબો સંકળાયેલાં હતાં, તેમાંના અનેક સભ્યોએ મૌન લેવાનું રાખ્યું હતું. હવે તો નવા નવા સંબંધો થાય છે. માટે, નવાને મૌનમાં બેસવાની તક મળે એ જોવાનું છે. જેમને મૌનમાં બેસવાનું ન મળે, તેવાઓએ આશ્રમ પ્રત્યે સદ્‌ભાવના-પ્રેમ રાખવો જોઈએ. આશ્રમના હિતનો વિચાર કરવો જોઈએ. જેટલા નવા માણસો લાભ લે તે ઉત્તમ છે. મારું શરીર નડિયાદનું હોવા છતાં નડિયાદના માણસો કરતાં ત્યાં બહારનાઓ જ આવે છે.

## સદ્ભાવથી વિચારજો

જીવનવિકાસને માટે સાનુકૂળતાવાળી આવી સગવડ બીજે કોઈ ઠેકાણે નથી. આવી મળેલી સરળતા જીવન માટે હિતકારી છે, એવું જે જીવને લાગતું હોય તેણે એવી પ્રવૃત્તિને મદદ કરવી એ તેનો ધર્મ છે. એવો જીવ કોઈ ને કોઈ રીતે મદદકર્તા થઈ પડે એ યોગ્ય છે. અમે ઘડેલી નીતિ માટે ભલે ચડભડ થાય, પણ તમે સારા ભાવથી વિચાર કરજો.

## આ ધર્મ નથી

આપણા સમાજમાં ધર્મ વિશે સાચી સમજણ પ્રગટેલી લાગતી નથી. ધર્મ એટલે શું ? બે માળા કરવી, ઘીનો દીવો કરવો, દેવદર્શને જવું, કથાવાર્તા સાંભળવી, કોઈ મહાત્મા પધાર્યા હોય, તો તેમને જોવા જવું, ભાગવત સપ્તાહ હોય, તો કથા સાંભળવી - આટલી હકીકતમાં ધર્મની સમજણ ઘટાવાય છે. મારી દૃષ્ટિએ આને ધર્મ કહેવાય નહિ. એ તો અજ્ઞાન છે. મને પોતાને ગુરુકૃપાથી સમજાયું છે, તે કહું છું.

## સાચો ધર્મ

વહેવારમાં મળેલા સંબંધોમાં, પ્રવૃત્તિમાં, કાર્યોમાં રાગદ્વેષ મોળા પાડીએ. આપણા પોતાના વિકાસના અર્થે કોઈના પ્રત્યે વેર ના થાય, ઉમળકો પ્રગટે એવી સદ્ભાવના પ્રગટે અને એમ કરતાં કેમે કરીને આ સંસારમાંથી આપણી આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, ઓછાં થાય અને તે કરવાને અંતરનું બળ જગાડવા ભગવાનના સ્મરણનો આશરો લઈએ અને એમ કરીને જીવનની ઉન્નતિ થાય એ સાચો ધર્મ કહેવાય. મળેલા

જીવો સાથેના સંબંધમાં, વાતચીતમાં, તટસ્થતા, સમતા કેળવીએ. પ્રપંચથી ન વર્તીએ. આપણો સ્વાર્થ ન રાખીએ. કોઈનું ભલું કેવી રીતે થાય, કોઈનું દિલ ન દુભાય, કોઈનું અહિત ન થાય એ રીતે પળેપળ વર્તીએ એનું નામ ધર્મ. ધર્મ એ આચરણની વિધિ છે. આવા આચરણ સાથે ભગવાનનું નામ લેવાય તો જીવનનો ઉઠાવ જલદી થાય. સારાં ફળ માટે સારી જમીન પણ જોઈએ. પથ્થરની જમીનમાં આંબા પાકે નહિ. તેવી રીતે જીવનના ઉઠાવ માટે જ્ઞાનભક્તિવાળા જીવનની ખાસ જરૂર છે. જીવનમાં સ્વાર્થ સાધી લેવાનું કરીએ, પ્રપંચથી વર્તવાનું કરીએ અને ભગવાનની માળા કરીએ અને તેમાં ઘણો સમય વિતાવીએ તેથી કલ્યાણ ન થઈ શકે.

**સજાગ બનો**

સવારે સ્મરણ કરીએ અને સાંજે કરીએ. સવારે પૂજાપાઠ અને નૈવેદ્ય કરીએ એટલાથી પત્તો ન ખાય. જીવનનિર્વાહની પ્રવૃત્તિને લીધે સમય ન મળે એ સમજાય, પણ એનાથી ઉઠાવ નહિ થાય. આપણે આપણી રોજબરોજની પ્રવૃત્તિમાં સજાગ ન બનીએ, તો જીવનમાં અર્ધો કલાક સવારસાંજ નામસ્મરણથી કશો અર્થ સરશે નહિ.

**દેશભરમાં અજોડ**

મારા ગુરુમહારાજે આ બધું શિખવાડેલું. તેઓ તો કહેતા હતા કે 'આ આયુષ્ય તો ફૂટકણિયા મોતી જેવું છે, પણ લોકોને એ સૂઝતું નથી. લોકો તો અંધારામાં છે. માટે, આવું કંઈક કર.' આ મૌનમંદિરો એટલા માટે બંધાવ્યાં કે લોકો અંદર અઢાર કલાક સળંગ સ્મરણ કરે, મથે. એના સંસ્કારો ઘણા

ઊંડા પડશે. અંદર રહેશો તેટલો વખત બહારની પ્રવૃત્તિ પણ બંધ પડશે. મારા ગુરુમહારાજે કહેલું કે 'તારી આ પ્રવૃત્તિ તારી હયાતી દરમિયાન નહિ સમજે, પણ તારું શરીર નહિ હોય ત્યારે એની કિંમત સમજાશે.' હું આખું હિંદુસ્તાન ફર્યો છું, પણ ક્યાંય એકતાન થવાની સરળતા પ્રગટે એવું જોયું નથી.

**દંભથી સાવધાન**

કેટલાંયે વર્ષોથી મારી સાથે રહેલા જીવોને જોઉં છું કે તેઓ ક્ષુલ્લક વાતોમાં અટવાયા કરે છે. કલાક-બે કલાક ભગવાનનું નામ લો એ તો દંભ છે. એનાથી ઉઠાવ નહિ થાય. કામી-ક્રોધી હોય તેની ગતિ થાય, પણ દંભીની ગતિ નહિ થાય, કારણ દંભથી એવી જાતનો પડદો રચાય છે કે જે તોડી શકાય નહિ. દંભીની ક્રિયા એટલી બધી ગહન છે કે એને દંભ હોવા છતાં પોતે સચ્ચાઈથી ચાલે છે, એવું વાતાવરણ એ ઉપજાવે છે. કામી-ક્રોધીને ભાન જાગે છે, પણ દંભીનો પડદો તૂટતો નથી.

આપણે રોજબરોજના વહેવારમાં પ્રકૃતિથી રહ્યા કરીએ છીએ. 'હું' અને 'મારું' કર્યા કરીએ અને સ્મરણ કરીએ એનો કશો અર્થ નથી. એથી કશો ફાયદો થવાનો નથી. માત્ર દંભ વધે છે. એથી આપણે સમાજને વધારે દૂષિત બનાવીએ છીએ. માટે સમજીને વિચારવું કે કેવી રીતે ભગવાનના સ્મરણનો ઉઠાવ થાય ?

**ભગવાનનો આધાર**

મારા ગુરુમહારાજનો હુકમ છે કે સાચી વાત કહેવી. અહીં આવે એને દિલથી ચાહવા. છતાં કેટલાંકનાં મન દુભાયાં પણ

છે, એ અમે જાણીએ છીએ. અમને તમારી ગરજ છે અને નથી, પણ જીવનના આટલા બધા પ્રસંગો ઉપરથી હું કહું છું કે મને મદદ કરનાર હજાર હાથવાળો ધણી છે. માનવી તો નિમિત્તમાત્ર છે.

સુરતમાં આવ્યો ત્યારે કોઈનુંય ઓળખાણ ન હતું. છતાં આટલું બધું સર્જાયું. ભગવાનની કૃપાથી આજે તો ઓળખાણ થઈ છે. બેચાર ફોન કરું તો મારી મદદે આવી શકે. સંસારમાં તો જેના વગર ચાલે નહિ તેની મદદે ઊભા રહીએ. અહીં તો મન નારાજ થાય એવી વાતો પણ કરવાની આવે. હું ગમે તેની શેહમાં તણાતો નથી અને તણાયો પણ નથી. અમારો તો એવો સ્વભાવ બની ગયો છે. આશ્રમને બહુ મદદ કરનારને પણ કહી દેવું પડે છે. આથી, કેટલાંકનાં મન નારાજ થયેલાં પણ જોયાં છે, પણ તેવાઓએ જાણવું જોઈએ કે 'મોટા' અહીં કેમ અને કેવી રીતે વર્તે છે ? તેમ જ એમના કહેવાનો શો હેતુ છે ? આ વાત બરાબર ન સમજે અને દોષ દે એ બરાબર નથી. ખુલ્લું ન કહું તો હું પણ દંભી ગણાઉં. બધાંનાં ચરણકમળમાં પ્રાર્થનાભાવે આ નિવેદન કરું છું.

*તા. ૯-૧-૧૯૬૨*

॥ હરિઃૐ ॥

# ૯. આ બધું દુઃખ શા માટે ?

## ભગવાનનું વ્યક્ત સ્વરૂપ

આ સકળ બ્રહ્માંડની દૃષ્ટિએ પૃથ્વી અને એનો સમાજ એક બિંદુ સમાન લાગે. બ્રહ્માંડને લક્ષમાં લઈએ તો આપણે કશું નથી. એ રીતે વિચારીએ તો અહમ્ રહે નહિ. બ્રહ્માંડ અને સંસાર ભગવાનનું વ્યક્ત સ્વરૂપ છે. 'તો પછી એમાં આધિ-વ્યાધિ-ઉપાધિ કેમ છે ? આવો પ્રશ્ન કરતાં મેં જોયા છે. સૂર્ય ઊગે છે. પ્રકાશ અને ગરમી સહજમેળે નીકળ્યાં કરે છે. અહીં રાત્રિ થાય છે, તે સૂર્યને કારણે થતી નથી. સૂર્ય તો પળેપળ તેજ આપે છે. છતાં રાત્રિ થાય છે. પૃથ્વીની રચનાને કારણે રાતદિવસ થાય છે. ઋતુઓ પણ એને લીધે થાય છે. દિવસ, રાત કે ઋતુઓ સૂર્ય કરતો નથી.

## ભૂમિકાની જરૂર

એ જ રીતે આપણે આ સંસારમાંથી સદા આનંદ લઈ શકતા નથી, ભગવાનની કૃપાનો લાભ લઈ શકતા નથી, કારણ કે આપણી સ્થિતિ દ્વંદ્વાત્મક અને ગુણાત્મક છે. જેમ આપણે ઘણી વાતો મોટા થઈને સમજી શકીએ છીએ, બાળકની ભૂમિકામાં સમજી શકતા નથી. માટે, આપણી ગતિ અને સ્થિતિ બદલાઈ જાય, તો ચેતનનો પ્રકાશ અને આનંદ આપમેળે અનુભવાય.

## પહેલી જરૂર

હવે, આપણી આ સ્થિતિ કેવી રીતે બદલાય ? પહેલાં તો

આપણામાં એ પરત્વેની ઈચ્છા, આશા, ઝંખના જાગવી જોઈએ. આપણને કર્મ કરવાની ઈચ્છા જાગે છે. ઈચ્છા જેટલા પ્રમાણમાં બળવત્તર-ઉત્કટ એટલા પ્રમાણમાં કર્મમાં ગતિ પ્રગટે છે, પણ આપણે દ્વંદ્વ અને ગુણની ભૂમિકામાં છીએ એટલે કર્મ પણ તેવાં જ થાય છે. અને ચેતનનો ગુણધર્મ આનંદ નથી મળતો. આપણે કપડાંને રંગ ચડાવવો હોય અને કપડું જો મેલું હોય તો પહેલાં મેલ કાઢવો પડે. એ માટે એને પહેલાં સારી પેઠે ધોવાની જરૂર. આપણે એ પહેલું કરવું પડે અથવા તો રંગારાએ એ કામ પહેલું કરવું પડે અથવા તો એ કપડું રંગેલું હોય, તો એનો પહેલાં રંગ કાઢવો પડે. આ જીવનમાં ભગવાનનો રંગ ચડાવવો હોય તો આપણી દ્વંદ્વાત્મક-ગુણાત્મક સ્થિતિ બદલવી પડે, તો જ ભગવાનની સ્થિતિનો પરમ માંગલ્યમય અનુભવ કરી શકીશું. નહિતર વેદના, દુઃખ મળે એ ભોગવ્યાં કર. દુઃખી થાય. શોક કર, પણ આ બધાંમાંથી કંઈ રાહત મળે, જીવનમાં પ્રસન્નતા મળે, એ માટે આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે ઊર્ધ્વ પ્રકારના જીવનની ઝંખના જાગવી જોઈએ, પણ એમાં ગતિ પ્રગટ્યા વિના કશું અનુભવી શકીશું નહિ. આ માર્ગ પ્રત્યે આગળ વધવું હોય તો જિજ્ઞાસા જાગવી જોઈએ, તે સિવાય કશું થઈ શકે નહિ. જ્ઞાનની સ્થિતિ અનુભવી શકીએ એનું નામ જિજ્ઞાસા.

### દુઃખથી જાગૃતિ

સંસારવહેવારનું કર્મ કરવા માટે તૃષ્ણા-લોલુપતા ઈચ્છા જાગે છે, તો એમાં પ્રવેશી શકીએ છીએ. એવી રીતે ભગવાન પ્રત્યે જિજ્ઞાસા જાગે-તાલાવેલી જાગે, તો તેમાં પણ પ્રવેશી

શકાય. સંસારમાં જે આધિ-વ્યાધિ જાગે છે, તે માણસને કોઈ ને કોઈ જાગ્રત બનાવવા માટે છે, પણ દુ:ખથી માણસ સંમૂઢ થઈ જાય છે. જે એવો થાય તે કાયર પુરુષ છે. એનાથી આ માર્ગે પગલું માંડી ન શકાય, પણ જે એનાથી જાગી જાય છે, તે સમજી શકે છે. ભક્ત લોકોએ દુ:ખ જ ભોગવેલાં છે. એને લીધે ભગવાનનો વિચાર થઈ શકે છે.

## શક્તિ પ્રગટાવવાનું સાધન

દુ:ખ તો ભોગવવાનું હોય છે. એને જો સારી રીતે ભોગવીએ તો એ પસાર થઈ જાય છે. કંટાળી જઈને દુ:ખ ભોગવ્યાં કરવાથી દુ:ખની માત્રા વધે છે. જો હાયવોય કરીને ભોગવીશું તો એ જ પ્રકારના સંસ્કાર પડશે અને એવા સંસ્કારનો ઉદય થાય ત્યારે વધારે દુ:ખ ભોગવવું પડે. આપણને દુ:ખ આવે છે, એ આપણા અનેક પ્રકારનાં કર્મને કારણે આવે છે, એમ સમજીએ અને એવી રીતે ભાવનાથી એ દુ:ખ ભોગવીએ. એવે વખતે જે ભગવાનને પ્રાર્થના કરે અને થતું હોય એ નિવેદે છે, તે દુ:ખને શક્તિમાં પ્રગટાવવાનું મોટામાં મોટું સાધન સમજે છે.

## દુ:ખનો ઉપકાર

દુ:ખમાંથી તટસ્થતા પ્રગટી શકે છે. દુ:ખ એ ઘડાવા માટે મોટામાંથી મોટી ચીજ છે, પણ દુ:ખ શાથી થાય છે, તેનો વિચાર કરતા નથી. માનવીને સંસારવહેવારમાં વિઘ્ન આવી પડે, કોયડો, મુશ્કેલી આવી પડે, તો જેની સામે પ્રેમ જાગ્યો હોય એવા વ્યવહારુ માણસ પાસે એના ઉકેલ માટે જાય છે, કારણ એને ગરજ લાગેલી હોય છે. તેમ દુ:ખ એક મોટો

કોયડો છે. એને ઉકેલવા ગરજ જાગતી નથી, પણ ગરજવાળા થઈને એવા જાણકાર પાસે જો આપણે જઈએ તો કંટાળીને કે હાયવોય કરીને આપણે દુઃખ ભોગવતા નથી. ગરજવાળા માણસને દુઃખની પળે લાગશે કે પચાસમા ભાગનું જ એ ભોગવે છે. એટલે એનો એ ઉકેલ કાઢવા મથશે. અને ઉકેલ કાઢીને ભોગવશે. સંસારમાં આવી રીતે દુઃખ ભોગવવાની કળા એ કેળવે છે. તેમાં સમતા, તટસ્થતા પ્રગટે છે. એને કારણે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેમાં સમત્વ પ્રગટે ત્યાર પછી ભગવાન સાથે યોગ થયો એમ માનવું.

## આપણું ખરું સ્વરૂપ

ખરા અર્થમાં આપણે આત્માના સ્વરૂપમાં છીએ. એટલે કે આત્મા જ છીએ, પણ મળ, વિક્ષેપ અને આવરણને કારણે પ્રકૃતિરૂપ થઈ ગયા છીએ. એટલે નિર્ભેળ રહી શકતા નથી. ચેતન તો માનવી સાથે માનવી જેવું, પશુયોનિમાં પશુ જેવું અને જળચર સાથે જળચર જેવું તાદાત્મ્યના ગુણથી થાય છે. છતાં તે સર્વથી નોખું પણ છે. એવા રહેવાની કળા આપણે શીખવાની છે. પુરુષ એ આત્માનું સ્વરૂપ છે. પ્રવૃત્તિ એ દ્વંદ્વમય છે. પુરુષ સુષુપ્ત દશામાં રહેલો છે. માનવી ઘણું કમાયો હોય, તેને બધી જાતની સુખસગવડ હોય, પણ પક્ષાઘાત થવાથી ખાટલે પડ્યો હોય, તો ગરજને કારણે ખબરઅંતર પૂછે, તેની દવા પણ કરે, પણ તેને ગણકારે નહિ. માનવી પાસે આટલું બધું હોવા છતાં પુરુષ સુષુપ્ત દશામાં છે. એવી સ્થિતિ હોવાને લીધે ચેતનની ગતિ પ્રગટતી નથી અને આપણા જીવનમાં ચેતનના ગુણધર્મ પ્રગટતા નથી. સૂર્ય સદાય

પ્રકાશમાન છે, પણ પૃથ્વી પોતાની ગતિને કારણે રાત્રિ અને દિવસ અનુભવે છે. એ જેટલી સાચી હકીકત છે. એટલી જ સાચી હકીકત આપણી પોતાની પ્રવૃત્તિ દ્વંદ્વ અને ગુણના કારણે ચેતનને સમજી શકતી નથી તે છે. આથી, આપણે ભગવાનના ગુણધર્મને-પ્રકાશને અનુભવી શકતા નથી.

**દુઃખમાંથી સુખ**

એટલે અનુભવીઓએ પોતે જે અનુભવ્યું એ આપણી સમક્ષ રજૂ કર્યું છે. હવે, તમે દુઃખી થશો તો અનેકગણું દુઃખ ઊભું કરશો. માટે, એ તમે આનંદથી ભોગવો. નહિ તો તમે વધારે દુઃખી થશો અને પછી કહેશો 'હે ભગવાન, તેં આ બધું દુઃખ શા માટે આપ્યું ?' ખરી રીતે તો આ દુઃખ આપણે પોતે જ ઊભું કરીએ છીએ અને દોષ ભગવાનને દઈએ છીએ. હવે, દુઃખ વધારે ઊભું ન કરવું હોય, તો આ સમજવાની હકીકત છે. એક કણ જેટલા દુઃખને પણ પ્રેમથી સહન કરશો, તો એ દુઃખ ગયું. પ્રેમથી એ ભોગવતાં જે સંસ્કાર ચિત્તમાં પડ્યા તેને કારણે સુખનાં બી વાવે છે. મધમાં માખીની માફક દુઃખમાં જે ડૂબી જતો નથી એને દુઃખમાંથી કેવી રીતે સુખ મેળવવું એ રીતે જીવવાની કળા આવડે છે. દુઃખ કોઈ આવકારશે નહિ. સુખ બધાંને ગમે છે, પણ માનવી એવી રીતે વર્તે છે કે એને દુઃખ જ મળે. આપણને દુઃખ મળતાં એનું ભાન જાગશે અને સમજણ ઊગશે ત્યારે દુઃખમાંથી ઊગરી જઈશું.

**દુઃખ ટાણે શું કરવું ?**

અનુભવીઓએ જોયું કે આ પણ માનવીથી બની શકવાનું નથી. એટલે એમણે ઉપાય બતાવ્યો કે ભગવાનનું સ્મરણ

કરો. દુઃખ ભલે ન મટે પણ બીજામાં દિલ લાગશે. દિલ બીજામાં લાગે તો દુઃખ હળવું થશે. દુઃખ વખતે ભાવનાભક્તિ, સ્મરણ, વાંચન, પ્રાર્થનામાં મનને લગાડશો, તો મન હળવું થશે, એના સંસ્કાર ઓછા પડશે. એટલે દુઃખ વખતે પ્રાર્થના કરો, આત્મનિવેદન કરો. એક પણ કર્મ એને સમર્પ્યા વિના ન કરો. એને ધર્યા સિવાય કશું ન કરાય.

## પૂજ્યશ્રીનો પ્રેમ

કોઈ કહેશે કે હું જીવનમાં માત્ર સત્ય જ આચરું, પણ એ પ્રમાણે એનાથી બનવાનું નથી, કારણ કે સત્ય-અસત્ય સાથે જ રહેલાં છે. માટે, આપણે અસત્ય પણ આચરવાનાં. એ બધાંમાંથી મુક્ત થવાનો ઉપાય ભગવાનનું સ્મરણ છે, પણ એ સ્મરણમાં જ્યારે અખંડતા પ્રગટે છે ત્યારે ખરું ખમીર અને તેજસ્વિતા પ્રગટે છે. એ પછી જીવનનું ઊર્ધ્વગમન થાય, જીવનનું હાર્દ ખૂલવા માંડે, સત્ત્વગુણમાં પ્રગટવાની પ્રક્રિયા શરૂ થાય અને આધ્યાત્મિક સ્થિતિમાં પ્રવર્તવાની સ્થિતિ ખુલ્લી થાય. બે પૈસા કમાવાની સૂઝ મળે ત્યારે ભગવાનનો આભાર માનીએ છીએ. એ જ પ્રમાણે દુઃખ આવે ત્યારે પણ ઉપકાર માનવા જેવું છે, કારણ કે એનાથી આપણને ઉત્તમ પ્રકારનું ભગવાનનું સ્મરણ કરતાં જીવવાની તક આપી છે. માટે, દુઃખ આવે ત્યારે કંટાળીને-ત્રાસીને ભોગવશો નહિ, કેમ કે એથી તો અનેકગણું થશે એ સમજજો. આ હું તમને બિવડાવવા માટે નથી કહેતો, પણ તમને સાચી સમજણ ઊગી જાય અને દુઃખ હજારગણું વળગે નહિ એવા ભાવથી પ્રેરાઈને એ જાતની સમજણ પ્રેરાવાને પ્રભુકૃપાથી કહી રહ્યો છું. ભડકાવવા કહેતો

નથી. પ્રેમભાવે તમારામાં દુઃખને સહન કરવાની કળા જાગી શકે એટલા માટે કહું છું.

**સત્સંગથી લાભ**

વળી, અનુભવીઓએ જોયું કે માનવી આ બધું પણ કરી શકવાનો નથી. દુઃખથી ત્રાસી ગયેલો હોય એ યોગ કરી શકે નહિ. જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગ ગ્રહી શકે નહિ. એટલે એમણે સહેલો ઉપાય બતાવવા કરુણા કરીને કહ્યું કે 'ભાઈ, સત્સંગ કરો.' પહેલાં મને પણ થતું કે તુલસીદાસજીએ તો અનેકગણી અતિશયોક્તિ કરીને સત્સંગનો મહિમા ગાયો છે. પછી મને સમજાયું કે એમની વાત તદ્દન સાચી છે. ભગવાનનું નામ સહેલાઈથી લઈ શકાય એમ છે, છતાં માનવી એ લઈ શકતો નથી. માટે, સત્સંગ કરવાથી ભાવના જરૂર કૂંણી રહેશે. ભાવના વિના તો સંસાર પણ નભી શકતો નથી. સંસારમાં પણ એકબીજા પ્રત્યે પ્રેમ રહી શકે છે, એ ભાવનાને લીધે બને છે અને ભાવના સત્સંગને લીધે કૂંણી રહ્યા કરે છે. તમે જો ભગવાનની ભાવનામાં પ્રગટી ગયેલા આત્માનો સત્સંગ કરશો, તો એમનો પ્રકાશ તમને સ્પર્શ્યા વિના રહેવાનો નથી. એ તો આપણી દ્વંદ્વાત્મક ભૂમિકાને લીધે અનુભવાતો નથી. સૂર્યનારાયણને કારણે જેમ પ્રકાશ સ્પર્શે છે, તેમ આવા મહાત્માઓના સમાગમમાં પણ પ્રકાશ મળે છે.

**સત્પુરુષના સૂક્ષ્મ સંસ્કારો**

કોઈને એમ પ્રશ્ન જાગે કે દ્વંદ્વની ભૂમિકાને લીધે આપણને પાસ ન લાગે, તો સત્સંગ કરવાનો શો અર્થ ? આપણને ત્રણ શરીર છે : (૧) સ્થૂળ શરીર (૨) સૂક્ષ્મ શરીર અને (૩)

કારણ શરીર. ત્રીજું શરીર એ કારણ શરીર જે ભાવાત્મક છે. એમાં આધારરૂપે એકલું આકાશતત્ત્વ છે. બીજા પ્રકારનાં શરીર-સૂક્ષ્મ શરીરમાં આકાશતત્ત્વ વિશેષ અને એનાથી ઊતરતા પ્રમાણમાં તેજતત્ત્વ છે. સ્થૂળ શરીરનું સ્થાન ઘરમાંના ઊમરા જેવું છે. ચેતનમાં નિષ્ઠા પામેલા જીવોનો સંસ્કાર આપણા સૂક્ષ્મ શરીરને સ્પર્શે છે, પણ આપણી ભૂમિકાને લીધે એનો ઉઠાવ થતો નથી. એમ છતાં જ્યારે શરીર ન હોય ત્યારે બીજા જન્મમાં એ સંસ્કારોનો તરત જ ઉદય થાય છે. આ રીતે સત્સંગમાંથી પરિણામ ઝટ આવી શકે છે. સત્સંગમાં તો પાસે ગયા કે સંસ્કાર પડે. પાસે જવાનું પણ દુર્લભ છે. તુલસીદાસે તો ગાયું છે કે 'ભાગ્ય વિના સત્સંગ સાંપડવો પણ મુશ્કેલ છે. ભાગ્યશાળીને જ સત્સંગ મળે છે.'

## સત્સંગનું સદ્‌ભાગ્ય

જ્યારે આ સમાજોત્થાનની પ્રવૃત્તિ શરૂ કરવાની આવી ત્યારે મેં ગુરુમહારાજને કહ્યું, 'હું માગણી તો ન કરું. બીજા માણસો પાસેથી લઉં તો કેટલું ઋણ ચડે ?' તેમણે કહ્યું, 'બધું ઋણ તારા માથે નહિ, મારે શિરે છે, કારણ કે તું આ પ્રવૃત્તિ મારા વતી કરે છે.' મેં કહ્યું, 'તમારા વચનમાં મને વિશ્વાસ છે.'

ચેતનમાં નિષ્ઠા પામેલા એવા આત્માના જીવનમાં કોઈ રીતે ઉપયોગી થઈ ગયા, તો અનેક પ્રકારની સહાય મળવાની છે. જીવનમાં ગમે તે રીતે ઉન્નતિ થવાની. સંસારમાં જીવન જીવતાં, અનેક પ્રકારનાં કોયડા, મુશ્કેલીઓ આવે ત્યારે વીજળીના ચમકારાની જેમ ઉકેલ મળે છે. તોપણ આપણાથી આવો સત્સંગ થઈ શકતો નથી. આ સરળમાં સરળ સત્સંગની

પણ મનુષ્યને પડી નથી, કેમ કે સ્વાર્થ ગરજ પણ એમને જાગેલાં નથી. આ કેવું દુર્ભાગ્ય કે ઉત્તમ પરિણામ પ્રગટાવનાર સત્સંગ પણ ન કરી શકે !

## મૌનમંદિરની રચનાનું હાર્દ

તો શું મનુષ્ય દુ:ખી રહેવાનો ? ત્યારે અનુભવીઓએ કહ્યું કે જ્યાં લગી ઝંખના ન જાગે ત્યાં સુધી તો એ એમ જ રહેવાનો. માટે, એવી ઝંખના જાગે તો જ ગતિ થાય. એટલે એવી ઝંખના જગાડવા માટે ભગવાનની કૃપાથી અને ગુરુમહારાજના હુકમથી આ મૌનમંદિરની રચના કરેલી છે. અહીં એકધારા પંદરસોળ કલાક સંસ્કાર પડે છે. એ સંસ્કાર સૂક્ષ્મ શરીરના ચિત્ત ઉપર પડે છે અને એ સંસ્કારો દ્વંદ્વાદિ ગુણના નથી. માટે, એની ઊર્ધ્વગતિ જ કરાવવાના. એ સંસ્કારો સીધા સૂક્ષ્મમાં જ પડવાના. એનો ઉદયવર્તમાન પણ જલદી થવાનો અને એ પણ અનેકગણો થવાનો. જેવી રીતે દુ:ખને હાયવોય કરીને અને ત્રાસ પામીને ભોગવીએ છીએ અને એ અનેકગણું બને છે, તેમ આ સંસ્કારોનો ઉદયવર્તમાન વહેલાં થતાં એ અનેકગણી ગતિ પ્રેરાવનાર બનવાના. મૌનમંદિરની રચના એવી રીતની છે કે જીવ એની મેળે ભગવાનનું નામ લીધા કરે છે.

*તા. ૨૩-૧-૧૯૬૨*

॥ હરિઃૐ ॥

# ૧૦. નિરંતર અભ્યાસ કેળવો

## સહજ અણમોલ ભેટ

આપણું જીવન આંતરિક સાધનોથી ચાલે છે. એ સાધનો, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ છે. આ પાંચેય કરણો માત્ર મનુષ્યયોનિમાં જ છે, પરંતુ એ સહજ રીતે મળ્યાં હોવાથી આપણને એની કિંમત નથી. એ જ પ્રમાણે જળ, હવા, અગ્નિ, તેજ પણ સહજ છે, એ પણ કેટલું કીમતી છે ! એના વિના સકળ સૃષ્ટિમાં કશું જ ચાલતું નથી. કુદરત પાસેથી આ બક્ષિસરૂપે મળેલું છે, પણ આપણને એનું ભાન નથી. હવા, તેજ, અગ્નિ બહારથી પણ મળે અને એ આપણા શરીરમાં પણ છે. શરીરમાં અગ્નિ ન હોય, તો આપણે જે ખાધું હોય છે, એ પચી ન શકે. જળ, હવા, અગ્નિ વગેરેના મહત્ત્વ અંગે આપણને સભાનતા નથી, છતાં એ મળ્યા કરે છે. એ જ પ્રમાણે ચેતન પરત્વે આપણે સભાન ન હોવા છતાં એ આપણને ભૂલતું નથી.

## આંતરિક શક્તિ

બુદ્ધિ બહુ આગળ વધી છે. એટલે પ્રશ્નો જાગે છે કે ચેતન છે કે નહિ ? ભગવાન છે કે નહિ ? પણ આપણે વિચારવું જોઈએ કે પોતાનામાં કોઈ ગતિવાહક શક્તિ રહેલી છે. તેના વડે આખું તંત્ર ચાલે છે. જોવાય, સંભળાય, સ્પર્શ અનુભવાય, હલનચલન થાય, આવી શક્તિના સ્વરૂપને સમજવા આપણને સ્વાર્થ લાગ્યો નથી. કોક કહે છે કે ચેતનને મેળવવા બહુ તપ

કરવું પડે. હવે જો આપણે જીવનનિર્વાહની પ્રવૃત્તિમાં આવતાં વિઘ્નોને પાર કરી શકીએ છીએ, એવી પ્રવૃત્તિને કેવા વળગેલા રહીએ છીએ, કારણ કે એ પ્રવૃત્તિમાં આપણો સ્વાર્થ રહેલો દેખાય છે. વળી, જીવનનિર્વાહની પ્રવૃત્તિમાં બધા ફતેહમંદ થાય છે એવું પણ નથી. કેટલાક હારી પણ જાય છે. કોક મંદ પડી જાય છે, તોપણ બધા વળગી રહે છે. એટલે ભગવાનને અનુભવવાનો માર્ગ એકલો જ અઘરો છે એવું નથી. જો ચેતન પરત્વે સ્વાર્થ લાગે તો એનું મોં આ તરફ ફરે. સ્વાર્થ લગાડવા માટે પહેલાં જિજ્ઞાસા થવી જોઈએ. બ્રહ્મની જિજ્ઞાસા જાગ્યા વિના એ પરત્વેની કોઈ પણ ગતિ થવાની નથી. એ પરત્વેની ચોટ લાગે તો લગની પણ લાગે.

**હરિદર્શન માટે ઉપક્રમ**

એ ઝંખના કેવી રીતે જાગે ? અર્જુન, ભગવાનને બહુ રીતે પૂછે છે. ભગવાન એને જ્ઞાન આપે છે, કેમ કે એ ભગવાનને બહુ જ વહાલો હતો. આ સમજવા જેવું છે. આપણે ભગવાનને વહાલા ન થઈએ ત્યાં સુધી એ જ્ઞાન આપતો નથી. હવે, જેણે ભગવાનને મેળવેલા છે, મેળવવા એટલે જોયેલું કે દર્શન થયેલું નહિ, પણ જેનામાં ચેતનના ગુણધર્મ પ્રગટેલા છે, એવા આત્મા સાથે આપણો પરિચય થાય, અને આપણે એને વહાલા થઈ પડીએ, તો તે આપણને મદદરૂપ થાય. એટલે ભગવાનની સાથે સંબંધમાં આવવા આવા ચેતનમાં જગૃત થયેલા આત્મા સાથે અનુસંધાન કરો.

**સંતોની વાત સાચી કેવી રીતે ?**

એટલે ભગવાનના પ્રતિનિધિરૂપ આવા સંતો પાસે જઈએ

ત્યારે આપણા કોયડા (જીવનરહસ્યના) ઉપર પૂરતું લક્ષ રાખીએ. એમણે આ સંસારમાં રહીને ભગવાનને જાણ્યો-અનુભવ્યો છે. એટલે ભગવાન વિશે એ જે હકીકત કહે એ આપણે સાચી માનવી. કોક પૂછે છે કે એ કહે એ સાચી વાત છે એની શી ખાતરી ? માનસશાસ્ત્રીય સિદ્ધાંત છે કે લાંબા સમય સુધી જૂઠ ટકી શકતું નથી. અનંત કાળથી ભગવાન વિશેની જે ભાવના સમાજમાં ટકી રહી છે, એ જો ખોટી હોય તો ટકી શકે નહિ. ભગવાનના અસ્તિત્વની હકીકત તો અનાદિ છે. સમાજમાં પ્રસરેલી આ હકીકતને સંતોએ જીવનમાં અનુભવીને પુરવાર કરી છે. માટે, એ હકીકત સાચી જ છે, એમ પુરવાર કરી શકાય.

## જંગલમાં મંગલ છે

કેટલાક લોકો એમ કહે છે કે 'તમારી વાત તો બુદ્ધિથી સમજાય એવી છે, પણ લોકો ભગવાનમાં માનતા નથી એનું શું ?' બ્રહ્માંડ તો અનંત અને અમાપ છે. એની આગળ આપણી બુદ્ધિની વિસાત નથી, પણ આપણી પૃથ્વી ઉપર અનેક માનવસમાજો છે. એ કોઈ ને કોઈ દૈવીશક્તિમાં માને છે. ભર જંગલમાં જઈએ તોપણ રામ કે કૃષ્ણને માનવાવાળાઓ છે. આ ખોટી વાત નથી, કેમ કે પૂજ્ય ઠક્કરબાપા સાથે ભીલોની સેવા કરતો ત્યારે ભરજંગલમાં ઘણો સમય ભીલોની વચ્ચે રહેવાનું બનેલું અને એમનો પરિચય થયેલો. આપણે એમ માનીએ છીએ કે ભીલો સુધરેલા નથી, પણ એ સમજ ખોટી છે. એ લોકોનો એક દિવસ પણ ભજનકીર્તન વિના જતો નથી. પૃથ્વી ઉપરના ઘણા સમાજના લોકો (૯૮ ટકા

જેટલા) ભગવાનને માનનારા છે. બહુ જ નજીવો ભાગ માનતો નથી, કારણ કે જીવન પ્રપંચી અને સ્વાર્થી થઈ ગયેલું છે.'હું', 'મારું' અને 'મારું કુટુંબ' સિવાયની ભાવના રાખતા નથી. સ્વાર્થમાં રમમાણ થઈ ગયેલા હોવાથી ઈશ્વરના અસ્તિત્વમાં માનતા નથી. ભરજંગલમાં રહેતા લોકોના જીવનમાં પ્રપંચ કે આંટીઘૂંટી પ્રગટેલી હોતી નથી. શહેરમાં વસતા આપણા જેવા લોકોના ટકા પણ બહુ ઓછા છે. એટલે જેના અસ્તિત્વ વિશેની શક્યતાવાળા માનવસમાજમાં બહુ જ પ્રચલિત છે, એવું કોઈ તત્ત્વ હોવું જ જોઈએ, એ નિશ્ચિત છે. આ તો બુદ્ધિથી સમજાય એવી વાત છે.

## શ્રદ્ધાનું લક્ષણ

જેમ દરેક વસ્તુનો અનુભવ કરી શકાય છે, એ જ પ્રમાણે ચેતનનો અનુભવ પણ કરી શકાય છે. એ માટે શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધા ખરી હોય તો જ્ઞાન અને ભક્તિ પ્રગટે. શ્રદ્ધાથી ઉત્સાહ, સાહસ, હિંમત, શોર્ય, પ્રગટે. શ્રદ્ધાને સહસ્રનયની કહી છે. જે વિષયમાં શ્રદ્ધા પ્રગટે તેને આપણે વળગી રહીએ.

## અભ્યાસ અનિવાર્ય

ગીતામાં ભગવાને વૈરાગ્ય અને અભ્યાસની વાત કહી છે. વૈરાગ્ય એટલે સંસાર મિથ્યા છે એમ માનીને નાસી જવાનું નહિ, પણ સકળ કર્મ કરતાં કરતાં અનાસક્ત થઈએ. અનાસક્તિ એટલે નિર્મમત્વ, નિર્મોહપણું, નિર્લોભપણું, નિરહંકારપણું વગેરેનો સરવાળો. આ સ્થિતિનું નામ વૈરાગ્ય. આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે અભ્યાસ રાખવો પડે. આમાં અભ્યાસ એ માનવીથી કેળવી શકાય એવો છે. અભ્યાસ ચાલુ

રાખીએ તો નિત્યજીવનમાં હૈયાસૂઝ પ્રગટે. જીવનવહેવારની પ્રવૃત્તિમાં આપણે અભ્યાસથી નિષ્ણાત થઈ શકીએ છીએ. એટલે અભ્યાસ થઈ શકે એવો છે.

## અભ્યાસનો ખરો હેતુ

તાત્કાલિક વૈરાગ્ય સિદ્ધ ન થાય, પણ અભ્યાસ કરતાં કરતાં સરળ થાય. હવે, જેને શ્રદ્ધા પ્રગટેલી હોય એને શંકાકુશંકા પ્રગટે નહિ, પણ બધાંમાં શ્રદ્ધા ન હોય. એટલે અભ્યાસ ચાલુ રાખવાનું ભગવાને કહ્યું. સહજ શ્રદ્ધા જન્મવી મુશ્કેલ છે. માટે, અભ્યાસ ચાલુ રાખવાથી શ્રદ્ધા જન્મી શકે. અભ્યાસથી વસ્તુનું હાર્દ પમાય છે. અભિ + આસ = અભ્યાસ. એટલે કે આસપાસ બેસવું. આપણે કોઈના પ્રથમ પરિચયમાં આવીએ ત્યારે તેના ગુણ-અવગુણની ખબર પડતી નથી, પણ પરિચય વધવાથી બધી ખબર પડે છે. એમાં આપણને સ્વાર્થ હોય, તો આપણે એના ગુણ વિચારીએ છીએ, અવગુણ વિચારતા નથી. એટલે અભ્યાસ એટલે સતત સંપર્કમાં રહીને એકધારા પરિચયમાં પ્રગટવું તે. માનવીના પરિચયમાં આવી શકીએ, પણ ભગવાન તો અદૃષ્ટ છે. એ આપણા પરિચયમાં આવી શકતો નથી, તો આપણે એના પરિચયમાં કેવી રીતે આવવું ? એટલે કહું છું કે ભગવાનના ગુણધર્મની આપણામાં વૃદ્ધિ કરવી, પણ આપણે જીવદશામાં છીએ ત્યાં લગી આપણે પ્રકૃતિથી આવરાયેલા છીએ. એટલે ભગવાનના ગુણધર્મ પ્રગટેલા છે એવાના પરિચયમાં આવવું.

## મૈત્રીથી ગુણધર્મની પ્રાપ્તિ

હવે, જેના ગુણધર્મ સરખા થાય ત્યારે મૈત્રી થાય. ગુણધર્મ સરખા કરવા માટે દિલનો મેળ કરવો. આમ તો બધાંમાં

ભગવાન છે. છતાં પાછો એ અળગો છે, બધાંથી અનાસક્ત છે. આપણે પણ સંસારમાં એવી રીતે રહેવાનો અભ્યાસ કરીએ કે બધાંમાં ભળેલા રહેવા છતાં હૃદયથી અળગા-તટસ્થ રહીએ. આવું આપણાથી સરળતાથી બને એવું નથી. માટે, કહ્યું કે ભગવાનનું સ્મરણ કરવાથી ભગવાનના ગુણધર્મ પ્રગટી શકે. તો પ્રશ્ન થશે કે માત્ર 'હરિઃૐ' કે 'રામ રામ' કરવાથી નિર્મોહ - નિરહંકારી થઈ જવાતું હશે ? હા, કેમ કે બીજાં ગૂઢ સાધનો છે. એ ચિત્તશુદ્ધિ વિના બની શકે એમ નથી.

## સ્મરણથી શાંતિ

માટે, જો સુખની ઝંખના છે અને સુખ સદાકાળ ટકે એવું ઈચ્છતા હો, તો ભગવાનના સ્મરણથી તમે એ મેળવી શકશો. ગીતામાતા કહે છે કે 'પાપીમાં પાપી કે દુરાચારી પણ મારું સ્મરણ કરે, તો એનો ઉદ્ધાર થાય છે.' બધા આ જ વાત કહે છે. માટે, ભગવાનના સ્મરણને વળગી રહો. એનાથી જીવનમાં હે પુરાશે. જીવનમાં આવતા કોયડાઓ ઉકેલવામાં મદદ થશે. શબ્દના સ્મરણથી માનસિક સ્થિતિમાં ફેરફાર થઈ શકે છે. આ માનસશાસ્ત્રની વાત છે.

## કર્મના સંસ્કારની ગાઢતા

પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયોથી જે કર્મ કરીએ એના સંસ્કારો ચિત્ત ઉપર પડે જ. અને એ સંસ્કારો જ્યારે જાગે ત્યારે આપણાથી વેગપૂર્વક એ જ પ્રમાણે વર્તાય. એટલે જે સ્મરણ કરતો નથી એની દોટ આંધળી હોય છે. તેના ગાઢા સંસ્કારો એને એમાંય ખેંચી જાય છે અને એમાં જ ડુબાડે છે.

જ્યારે બીજો જે ભગવાનનું સ્મરણ કરતાં કરતાં કર્મ કરે છે, એના ચિત્ત ઉપર કર્મના સંસ્કારો એટલા ગાઢા નથી હોતા. એટલે એ ઊગે છે ત્યારે ઉપરછલ્લા હોવાથી વહી જવાના. એ વખતે એ એમાં ખેંચાઈ જવાનો નહિ. ભગવાનના સ્મરણથી મૂળ શક્તિને આપણામાં આપણે પ્રગટાવ્યા કરીએ છીએ અને નવા દ્વંદ્વાત્મક અને ગુણાત્મક સંસ્કારો પડે છે, તેની ગાઢતા ઓછી હોય છે. બુદ્ધિ, ચેતનની સૌથી નજીકનું કરણ છે. બુદ્ધિ વડે ભગવાનના સ્મરણમાં એકધારાપણું પ્રગટે, તો એવી સ્થિતિ પ્રગટે કે જેના વડે કરીને નિર્મોહ અને નિર્મમત્વ પ્રગટાવી શકાય. બુદ્ધિ આ વાતને એકદમ સ્વીકારતી નથી.

## સમત્વની પ્રક્રિયા

ભગવાનનું સ્મરણ અખંડ પ્રગટે ત્યારે ખૂબ ધૂન પ્રગટે. ધૂનનો એક પ્રકારનો નશો હોય છે. એમાં એક પ્રકારનો લય હોય છે. આને લીધે જ્ઞાનતંતુમાં એક પ્રકારનું સમત્વ પ્રગટે છે. ગીતામાં સમત્વને 'યોગ' કહ્યો છે. સમત્વને લીધે બીજા વિચારો ઝાઝા સ્પર્શતા નથી, કેમ કે જેમાં ધૂન, નશો રહે એમાં જ ધ્યાન વધારે રહે અને ચિત્ત પણ બીજામાં પરોવાય નહિ. હવે, આ કામ કરવું કે નહિ એ તમારે વિચારવાનું છે.

શ્રદ્ધાની વાત મેં કરી. જો શ્રદ્ધામાંથી બુદ્ધિનો વિકાસ ન થાય તો એ શ્રદ્ધા નથી. ભગવાનનો ભક્ત એકધારું સ્મરણ કરે ત્યારે શ્રદ્ધા પ્રગટે છે. અને તેને ભગવાન બુદ્ધિયોગ આપે છે. બુદ્ધિયોગવાળા ધારે તો વધારે કમાઈ શકે. માટે, કહું છું કે જીવનનિર્વાહનું બહાનું ન કાઢો. જીવનનિર્વાહ તો ભગવાનના સ્મરણથી વધુ સારી રીતે ચલાવી શકાય.

ભગવાનની કૃપાશક્તિ તો એકધારી મળ્યા જ કરે છે, પણ એમાં શંકા કરે છે, એટલે પંચાત થાય છે. વેપાર કરવો હોય અને કોઈ મિત્ર ખૂબ પૈસાવાળો હોય, તો એની ઓથ રહે છે, પણ જો ભગવાનની ઓથ હોય તો ભગવાન એનું બરાબર ચલાવતો હોય છે, પણ એમાં એક જ શરત છે કે એકધારો ભગવાનનો થઈ જા. માત્ર, જીવનનિર્વાહમાં જ નહિ પણ દરેક પ્રવૃત્તિમાં ભગવાન સહાયરૂપ થશે. ભગવાનના નિરંતર સ્મરણમાં આપણું કલ્યાણ છે અને એ દરેક રીતે મદદ પૂરનારું છે.

*તા. ૬-૨-૧૯૬૨*

॥ હરિઃૐ ॥

# ૧૧. મૌનમંદિર ઉત્તમસેવા

## દુઃખ ડંખતું નથી

આ સંસારમાં મનુષ્ય તરીકે અવતાર પામેલા છીએ અને આપણે માનવી હોવાથી - જીવદશામાં હોવાથી-સંસારમાં સુખદુઃખનો અનુભવ થાય છે. જો ખરી રીતે વિચારીએ તો આપણે જન્મ લઈએ ત્યારથી સુખનો ગાળો વધારે હોય છે, પણ દુઃખ એને ગમતું નથી. સુખ ગમે, સુખમાં રહેવું ગમે. સારું લાગે. જીવન જીવવાનો લહાવો મળે. જ્યારે દુઃખ આવે ત્યારે સુખમાં ભંગ પડે. એટલે એને દુઃખ વધુ લાગે. અસલના જમાનામાં - વેદના સમય પહેલાં - જીવનના તત્ત્વજ્ઞાનીઓએ વિચાર્યું કે માનવીને સુખ વધુ ગમે છે, કારણ સુખ એ આત્માનો સ્વભાવ છે - લક્ષણ છે, અને આપણામાં આત્મા હોવાથી સુખ વધુ ગમે, કારણ આત્મા આનંદ અને સુખસ્વરૂપ છે. આપણી ઉંમર એમ કહીએ કે ૫૦ વર્ષની છે, તો તે ગાળા દરમિયાન વધુ તો સુખ હોય છે, પણ જરા દુઃખ આવે તો જીવ એકદમ હેરાન થઈ જાય છે. દુઃખ ન આવે એમ તો થવાનું જ નથી. જેમ સવારે મળત્યાગ કરીએ તેમ દુઃખ પણ આવવાનું. સુખદુઃખ તો સાથે જ છે અને એ ન આવે એમ બનવાનું નથી. એવી માન્યતા સેવવી કે દુઃખ ન આવે એ અજ્ઞાનમૂલક ભ્રમણા છે. એટલે દુઃખ પ્રગટે ત્યારે આપણે હેરાન થઈ જઈએ છીએ. 'દુઃખી ન થઈ જવાય, અને ક્લેશ ન પામીએ' એમ એ બોલે છે, વિચારે છે, પણ એની ખરેખર

વેદના એને હોતી નથી. જેમ દાંતમાં તણખલું ભરાય કે પગમાં કાંટો વાગે, તો તેને કાઢ્યા વિના માનવી બેસી રહેતો નથી, તેમ માનવીને ખરેખરું દુઃખ, વેદના વગેરે ડંખતાં નથી. જો એ ડંખે તો એનો ઉકેલ કરવાનો પ્રયત્ન કરે. એ બોલે છે ખરો, પણ સાત્ત્વિક પ્રયત્ન કે એવો કોઈ ઉકેલ કરતો નથી.

**મહાત્માનેય દુઃખ**

ગમે તેવો મહાત્મા હશે, પણ એને પણ જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી દુઃખ તો આવવાનું જ. ફક્ત એને દુઃખ લાગતું નથી. એ સમજે છે કે દુઃખ ભોગવવાનું છે. એટલે એનાથી એ દબાઈ જતો નથી.

**દુઃખમાં તરવું**

સંસારમાં પૈસા કમાવા કેટલી મથામણ કરવી પડે છે ? એ માટે એમાં ઉત્સાહ હોય છે અને ત્યાં તો ઊલટાના એમ કહીએ છીએ કે 'મુશ્કેલી તો આવે જ' અને એની ઉપાધિ અથવા સંતાપ થાય તો જ બે પૈસા કમાવાય.' તેમ દુઃખમાં જો એમ લાગી જાય તો જરૂર એનો ઉકેલ થાય. એટલે અમે કહીએ છીએ કે સંસારમાં દુઃખ તો આવવાનું જ. એને મિથ્યા કરી શકીએ એમ નથી. એટલે સંસારમાં દુઃખ, ક્લેશ, સંતાપ, ભય વગેરે તો રહેવાનાં જ. એનાથી હતાશ ન થઈ જઈએ, મક્કમ રહીએ, ભાંગી ન પડીએ, એમ થાય તો પછી એના વિશે અફસોસ ન કરતાં ટટ્ટાર રહી શકીએ. એને નિર્મૂળ કરી શકીએ એમ નથી, તો એનો ઉકેલ કરવો અને એનો ઉપાય એવો શોધવો કે આ બધું હોવા છતાં શાંતિવાળા, પ્રસન્નતાવાળા

રહી શકીએ. એની ઉપર તરતા રહી શકીએ. એવું કોઈ સાધન હોઈ શકે ખરું ? અને એની શોધ કરતાં, અનુભવીઓએ શોધી કાઢ્યું કે આ બધું થાય છે શેને લીધે ? તો મનને લીધે. મનને કેમ થાય ?

## મનની સંકળામણ

મન ચાર વસ્તુ સાથે સંકળાયેલું છે. બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ સાથે. આપણે જે બધું માનીએ, ઈચ્છીએ, કલ્પીએ, તે પ્રમાણે ન બને તો દુઃખ થાય. એટલે મન સ્વતંત્ર નથી. મનની જે બધી ઈચ્છાઓ હોય, તે ન ફળે એટલે આવું થાય. મન પ્રાણ સાથે સંકળાયેલું છે અને તે ધાર્યું ન થાય એટલે મનને દુઃખ થાય.

પછી બુદ્ધિને એમ થાય કે એમ કર્યું હોત-તેમ કર્યું હોત તો સારું. એટલે બુદ્ધિ સાચો નિર્ણય કરે નહિ અને અહમ્ એમાં જોડાય. અને એમાં એ રીતે ગતિ કરાવે. જેમ વીજળી હોય અને એને માટે ઍંજિન હોય, પણ ઍંજિન ચલાવવા માટે વીજળીનો ધક્કો જોઈએ, તેમ અહમ્‌નો ધક્કો હોય છે. ચિત્ત કશામાં કામ આવતું નથી. ચિત્તમાં સંસ્કાર જ પડે છે અને તે દરેક જાતના. એમાં બધુ એકઠું થયા કરે. એ તિજોરી છે. એમાં બધું ભરાયા જ કરે. એ ખાલી થતું નથી.

## દુઃખમાં સુખનો અનુભવ

મહાત્મા લોકોએ વિચાર્યું કે મનને દુઃખ થાય છે. જો એને કેળવીએ તો ફેર પડે. જીવદશામાં આપણો મોટામાં મોટો શત્રુ પ્રાણની શક્તિ છે. એટલે એ લોકોએ વિચાર્યું કે મનની

શુદ્ધિ કરવાની વાત બરાબર નથી. મનને જે થાય છે તે પ્રાણને લીધે થાય છે. માટે, પ્રાણની શુદ્ધિ કરો. એટલે કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે મોળા પાડીએ, પણ બુદ્ધિનું ક્ષેત્ર-મન, ચિત્ત, પ્રાણ, અહમ્ કરતાં-નિરાળું છે. બુદ્ધિનું ક્ષેત્ર સ્વતંત્ર છે. જો સંસારમાં વિચારીએ તો દરેકના સ્વભાવની સમજણ બુદ્ધિ વડે થાય છે. બુદ્ધિ એ પ્રકાશ પાડનારી, સૂક્ષ્મ ઇંદ્રિય છે. એના વડે સંસારવહેવારની સમજણ પડે છે. બધાંની સમજણ પડે છે, પણ બુદ્ધિ પ્રાણના રંગે રંગાયેલી છે. એટલે જેવાં આશા, ઇચ્છા, કામના, લોલુપતા વગેરે હોય તેવી બુદ્ધિ થતી હોય છે. એટલે દુઃખમાં સુખ અનુભવવું હોય, તો બે ઇંદ્રિયો મઠારવાની જરૂર અને તે પ્રાણ અને બુદ્ધિ.

જો કામ, ક્રોધ, આશા, તૃષ્ણા વગેરે તથા માન્યતાઓ, પૂર્વગ્રહો વગેરે મોળાં પાડીએ તો બુદ્ધિ શુદ્ધ થાય.

## પ્રાણની શુદ્ધિ

પ્રાણની શુદ્ધિ કેમ થાય ? સંસારમાં બધાં કર્મો કરવાનાં, બધાં સાથે હળવા મળવાનું થવાનું અને ઘર્ષણ થવાનું, તો ઘર્ષણ પણ નિવારી શકાય કે નહિ ? સંસાર ચલાવવાનો, નિર્વાહ ચલાવવાનો અને ઘર્ષણ ન થાય તેને વિશે વિચારીને શોધ કરી. અને એ લોકોએ અનુભવ કરીને જીવનનો નિચોડ કાઢ્યો અને કરુણા કરીને બધાંને જણાવ્યું કે પ્રાણની શુદ્ધિ મુખ્ય અને એનાથી બુદ્ધિ શુદ્ધ થાય, પણ આશા, ઇચ્છા વગર તો જીવીએ નહિ. આપણામાં બધી રચના એના વડે ચાલ્યા કરે. જો એ ન હોય તો કર્મ ચાલે નહિ. એટલે બુદ્ધિ કહે કે આશા, ઇચ્છા વગેરે તો રહેવું જોઈએ, પણ અનુભવીઓ કહે

છે કે રહે અને આપણું કામ ચાલી શકે, તો તે કેમ ? સંસારમાં પણ ભક્તો થઈ ગયા. ખરા મહાત્મા થઈ ગયા. એ લોકો સંસારમાં પોતાનો કર્મવહેવાર કરી ગયા છે.

## નિર્મમત્વનું પરિણામ

ભગવાન ગીતામાં પણ કહે છે કે 'તમે કર્મ છોડી ન શકો'. કર્મ તમને છોડે એમ નથી અને તમે કર્મ છોડવાના નથી, તો મનુષ્યને શરીર છે એટલે ખાવા તો જોઈએ જ. એટલે જીવનનિર્વાહ માટે કર્મ જરૂરનું, તો બુદ્ધિ કહે છે કે આશા, કામના, લોલુપતા વગર તો કર્મ કેવી રીતે સંભવે ? પણ એનો અનુભવીઓએ ઉકેલ કાઢ્યો કે ભાઈ, 'અનાસક્ત થાઓ અને કર્મ કરો'. દરેકમાં નિર્ભેળપણું કેળવો. નિર્મમત્વ કેળવો. એનાથી સંતોષ થાય અને બે પૈસા મળે પણ ખરા. અને જરૂરિયાત પૂરતી પ્રવૃત્તિ પ્રેમથી થઈ શકશે. દા.ત., બંગાળમાં રાજારામમોહનરાય થઈ ગયા તે વખતથી આપણા દેશમાં જીવનના ઉદયકાળની શરૂઆત થઈ. એઓ ખૂબ વૈભવશાળી હતા અને છતાં સંપૂર્ણ નિરાસકત હતા. એ વાત ૧૨૫ વર્ષ પૂર્વેની. પછી શ્રીમદ્ રાજચંદ્ર થઈ ગયા. તેઓ લાખ રૂપિયા કમાઈ ગયા અને પેઢી છોડી દીધી. એવા બીજા બેચાર ભાઈઓનાં નામ પણ જાણું છું કે જેઓ પોતાનો ધંધો કુશળ ભાવે કરે છે.

જેમ નિર્મમત્વપણું, નિર્ભેળપણું કેળવીએ તેમ બુદ્ધિ શુદ્ધ થતી જાય છે, તેજસ્વી બને છે અને આપણા પ્રશ્નો, કોયડાઓનો ઉકેલ બહુ સરસ રીતે નીવડે અને કઈ રીતે કામ કરીએ તો એનો યોગ્ય ઉકેલ આવશે એની એને સમજણ પડતી જશે

અને સામાન્ય બુદ્ધિ કરતાં વિશેષ સમજણ એનામાં પ્રગટે છે. એટલે બુદ્ધિની માન્યતા ખોટી પડે છે કે કામના, લોલુપતા વગર કર્મ નથી થઈ શકતાં.

## દુઃખમાં પ્રસન્નતા

એટલે દુઃખમાં શાંતિ, પ્રસન્નતા જળવાઈ રહે તો આનંદ રહે. સકળ બ્રહ્માંડનું મેનિફેસ્ટેશન (menifestation) - વ્યક્તવ્ય આનંદ માટે છે, આનંદ સ્વરૂપે છે. આનંદની ઝલક એ જ આત્માનું કે જીવનનું મુખ્ય લક્ષણ કે હેતુ હોય છે અને સુખનો ગાળો પણ લાંબો હોય છે. સુખ એ ચિરંજીવી સ્વરૂપ છે અને ઋષિમુનિઓએ વિચાર્યું કે સુખ એ સતત રહી શકે કે કેમ ? તો સુખનો અનેરો આનંદ ભોગવી શકીએ અને સુખ અને આનંદ અનુભવી શકાય.

## સંસારથી મોઢું ફેરવો

એટલે એ બંનેને (પ્રાણ અને બુદ્ધિને) મોળાં પાડવાં હોય, તો તમારે મોઢું સંસારમાંથી ફેરવવું પડશે. તમે ગમે તેટલી પ્રવૃત્તિ કરો, પણ મોઢું ફેરવ્યા સિવાય કશું થવાનું નથી. વિશ્વામિત્ર જેવું તપ હોય તોપણ ન થાય.

સમૃદ્ધિ વિલાસ ભોગવવાનો પ્રયત્ન કરો તોપણ સુખ કાયમ પહોંચવાનું નથી. દા.ત., અસુરોએ ખૂબ વિલાસ કર્યો. એ માટે એ લોકોએ ભારે તપ કર્યું અને વિલાસ ભોગવ્યો, પણ એ ટક્યું નહિ અને જતું રહ્યું, પણ અસુરો કરતાં ઋષિઓ મહાન હતા, કારણ એમને સુખ સતત રહેતું હતું.

## સ્વાર્થથી સંઘર્ષ

કર્મ તો જડ છે, પણ એને લીધે અનેક વ્યક્તિ સાથે સંકળાયેલા છીએ. એ (કર્મ) સ્વાર્થને કારણે કરીએ છીએ. જો એકલું કર્મ કરીએ તો ઓછું ઘર્ષણ રહે, પણ સ્વાર્થને લીધે ઘર્ષણ વધારે થાય અને એટલે અશાંતિ, વેદના રહેવાનાં જ.

## ધ્યેય જરૂરી

એટલે ઋષિમુનિઓએ વિચાર્યું કે રાગદ્વેષને મોળા પાડવા માટે ધ્યેય-કેવા થવું છે એનું નિશ્ચિતપણું-નક્કી થવું જોઈએ. એટલું ધ્યેય નિશ્ચિતપણે ન પ્રગટે ત્યાં સુધી ગમે તેટલો પ્રયત્ન કરો તોપણ એવું મઠારવાનું ન બને.

તો ધ્યેય નક્કી કરવાની કેમ સમજ પડે ? જો તે કાળે ધ્યેય પ્રમાણે ગતિ થાય અને વર્તાય તો સમજવું કે ધ્યેય પ્રગટવા માંડ્યું છે. દિલમાં લાગી જાય તો જ આ વસ્તુ બની જાય. એટલે પ્રાણ અને બુદ્ધિ જો સુધરી જાય તો બીજાં કરણો પણ સુધરે. મન એ તો બંધ અને મોક્ષનું કારણ છે. અંતઃકરણ જે કહેવામાં આવે છે, એની જો શુદ્ધિ થાય, તો બધું થાય. એટલે જીવનનું ધ્યેય બદલાય. આ બધું સુધારી શકીએ, તો આ બધું શક્ય છે.

## ધ્યેય કાજે સાધન

પણ ધ્યેય એકદમ નક્કી ન થાય, તો એનું કંઈ સાધન કરો. એ તરફ કંઈ પ્રગતિ થાય એવું કંઈ કરો, તો ભગવાનનું નામસ્મરણ એ માટે મોટું સાધન છે. નામસ્મરણની અખંડ ગતિ થઈ જાય, તો રાગદ્વેષ બધું મોળું પડશે અને ધ્યેય પણ નિશ્ચિત થઈ જશે. અને એ માટે કંઈ કહીએ એ શરમભરેલું

લાગે છે. એટલે પ્રયત્ન કરો. નદીમાં ઝંપલાવવું જ પડશે, સંસારમાં જે બધું થાય છે, તેમાંથી પણ જો રાહત મેળવવી હોય, તો ભગવાનનું સ્મરણ એક ઉત્તમ દવા છે. દુઃખ વગેરેને દબાવી ન શકો, પણ પ્રાર્થના, ભજન વગેરેથી એનો પટ બદલી કાઢો, તો તમને દુઃખ ઓછું લાગશે. ગમે તેવા અટવાઈ પડ્યા હો, તો ભગવાનનું સ્મરણ, પ્રાર્થના, નિવેદન, સદ્વાંચન કરો, તો એમાંથી કંઈક રાહત રહેશે અને એમ કરો તો સાચી સમજણ પડશે.

એટલે ધ્યેય નિશ્ચિત થયા સિવાય રાગદ્વેષ મોળા ન પડે અને ધ્યેય નિશ્ચિત કરવા ઉપર કહ્યું તેમ સ્મરણ વગેરે કરવું.

**ખરી સેવા-મૌનમંદિર**

એટલે મૂળ વાત ઉપર. સુખ કાયમ અનુભવવા માટે ઝાઝી મથામણ કરતા નથી, વિચારતા નથી. એટલે એ બનતું નથી. એટલે મારા ગુરુમહારાજે કહ્યું કે કંઈ કર. માત્ર, તું એને ઓરડામાં ધકેલી દે. એટલે એને અંદર મથામણ થશે જ અને સ્મરણ પણ કરશે. ઘેર તમે તમારા વિશે આવું વિચારી શકશો નહિ, સ્મરણ પણ એટલું થશે નહિ. આ કંઈ મારી વાત નથી, પણ બધાં કહે છે. ઘેર એ અંગે વિચારતો જ નથી, અહીં એને થાય જ છે. મારા ગુરુમહારાજે કહ્યું કે આ જ તારી સેવા. હું તો પહેલાં સેવા કરતો ત્યારે પણ ભગવાનનું સ્મરણ કરતો અને કામ કરતાં કરતાં પણ ખૂબ સ્મરણ કર્યા કરતો. એના સાક્ષીઓ છે. પરીક્ષિતભાઈ, ઠક્કરબાપા વગેરે એના જાણકાર છે. અને જે કામ એકલો કરતો હતો તેને માટે અત્યારે ૫-૭ જણ છે. નિરહંકારી, નિષ્કામભાવે કામ કરીએ,

તો કામ બધું થાય. ઘસારો ઓછો લાગે. એટલું વધુ કામ થાય અને થાક પણ ન લાગે.

**પોતા વિશે વિચારવા–**

તો ભગવાનનું શરણું લો, પ્રાર્થના કરો, સદ્વાંચન કરો, નિવેદન કરો, તો મનને શાંતિ થશે, પણ મારા ગુરુમહારાજે કહ્યું કે એનાથી પણ મગજને શાંતિ વળતી નથી. એટલે અંદર પૂરી જ દેવાનું મને તો કહ્યું. એટલે જે દર વર્ષે અંદર બેસશે તેને સંસ્કારો પડ્યા છે તે ક્યાં જશે ? પાયા વગર ઘર ન ચણાય, તેમ જીવનનો મૂળ પાયો આપણા જીવનમાં પાડેલા સંસ્કારો છે. એટલે જ્યારે એનો ઉદય થશે ત્યારે એમાં જ એ લઈ જશે. અને માનવી પોતા વિશે કદી વિચારતો નથી એટલે એને ફુરસદ આપવા અને સમજણ ઊગે એટલે અંદર પૂરી જ દેવાનું કહ્યું અને અંદર ગમે તેટલા વિચારો ઊભરાય છતાં ભગવાનનું સ્મરણ ચાલ્યા કરે છે. માણસ સંસારમાં પોતાના વિશે વિચારવાનો નથી. પોતાનું વિચારે નહિ અને એનું દર્શન કરે નહિ ત્યાં સુધી કેવી રીતે પરાઙ્મુખ થાય.

એટલે એને એકલો અંદર મૂકી દે, તો આપમેળે વિચારશે અને આવા પવિત્ર વાતાવરણમાં રહેવાથી સૂક્ષ્મમાં સંસ્કાર પડશે.

હાલના પ્રચલિત જીવનને કોઈ ઉત્તમ દશામાં ફેરવવાનો આ પ્રયોગ છે. અને જરાસરખો રાગદ્વેષ પણ કોઈકનો ઘટ્યો, તો એ રીતે આ મોટામાં મોટી સેવા છે.

**ઉત્તમ સેવા**

સેવા ત્રણ પ્રકારની : સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. ભગવાનમાં

લીન થઈ જવાય તે કારણ સેવા. અને માનવીના રાગદ્વેષ મોળા પડે, ઉત્તમ પ્રકારના સંસ્કારો પડે, એમ સૂક્ષ્મમાં અસર પડે તે સૂક્ષ્મ સેવા. અને સ્થૂળ તો, માંદો હોય તેને દવા, ભૂખ્યાંને અન્ન, એમ કોઈ પણ જાતની આપત્તિમાં રાહતરૂપ થવાય તે સ્થૂળ સેવા છે. એનાથી રાગદ્વેષ મોળા ન પણ પડે. એટલે ઉત્તમ પ્રકારની સેવા તો તે છે જેનાથી માનવીના રાગદ્વેષ મોળા પડે. એટલે મને જે તમારી સેવા કરવાની તક આપી છે, તે બદલ હું તમારો ઋણી છું. આ જીવમાં આમ કંઈ કશું છે નહિ. કોઈ આકર્ષણ પણ જન્મી શકે એવું નથી. કઠણ પણ છું અને સ્પષ્ટ કહેતાં કેટલાંકના દિલ દુભાય છે, પણ જો ગુણી હોય તો એને દુ:ખ ન થાય. એનું એમાં કલ્યાણ છે. અને આપણે ધારીએ એ કેમ બને ? પણ મારામાં એવું આકર્ષણ નથી, પણ ભગવાનની કૃપા છે. જેથી, ઘણા માનવીની સાથે સંબંધ થતાં આ બધું હું કરી શકું છું.

## પોતાનું જ દર્શન

મૂળ વાત - એટલે ધ્યેય પ્રાપ્ત કરવા ભગવાનનું સ્મરણ કરો. પ્રાર્થના, નિવેદન કરો. પ્રાર્થના, નિવેદન વગેરેથી ધ્યેય સન્મુખ થશે, પણ એ પણ ન થાય એટલે ગુરુમહારાજે આ રસ્તો બતાવ્યો કે માનવીને એકલો મૂકી દેવાથી એને પોતાનું દર્શન થશે અને એટલે આપમેળે વિચારશે. પ્રત્યક્ષ સિનેમાની ફિલ્મ જેમ અનુભવો થયેલા છે અને નિવેદન કરેલાં છે એનું એવું પ્રત્યક્ષ દર્શન થાય.

મારા એક વડીલ, જેનું મારા ઉપર બહુ ઋણ. તેને એવું તો દર્શન થયેલું કે તે કહે, ‘અલ્યા, ચૂનિયા, તારો જાદુ બંધ

કર.' તો એ બધું આમ પ્રત્યક્ષ થતાં એમાંથી એ નીકળી જાય, પ્રાયશ્ચિત્ત કરીને - ભગવાનને ચરણે નિવેદન કરીને, તો એનું કલ્યાણ થાય છે અને આવા સાધન સિવાય માનવીમાં જે જે પડેલું છે, તે ઊગી શકવાનું નથી.

માનવીના જીવનમાં એવી ફુરસદ એને નથી. અરે, જરાય ગતિ એની થાય એવી શક્તિ જ એનામાં નથી. એટલે મારા ગુરુમહારાજે ખરું સાધન મને બતાવેલું. તે વખતે બિલકુલ પૈસા નહિ અને આ કેમ બને ? તો કહે, 'મારું તને વચન છે કે જે કોઈ તને મદદ કરે, તેનું તારા માથા ઉપર ઋણ ન રહે', પણ મને એમ કે જે મને મદદ કરે તેનું શું ? તો કહે કે 'નિશ્ચિંત થા. તને જે કોઈ મળશે અને મદદ કરશે તેનું કલ્યાણ થશે.' એવું કહ્યું ત્યારે મને નિરાંત થઈ.

અને એક વખત આવો પ્રસંગ સાંપડેલો. મારા મિત્રોએ મને આશ્રમ કાઢવા પૈસા ભેગા કરી આપેલા, તે પાછા આપી દીધેલા, પણ પછી સ્પષ્ટ હુકમ થયો ત્યારે આ શરૂ કર્યું, પણ માનવી અંદરથી બહાર આવીને બધું વીસરી જાય છે. એટલે અટકી જાય છે, પણ જો અભ્યાસ ચાલુ રાખશો, તો ગતિ ઉત્તમ પ્રકારની થશે.

અનેક માનવીઓ આ જોઈ ગયા છે અને વખાણ્યું છે. શ્રીગંગેશ્વરાનંદજી પણ જોઈ ગયા છે અને એમને ગમી પણ ગયું. સૌ કોઈને પોત પોતાની રીત અલગ હોય છે. અને એ રીતે એ માનવીની અને ભગવાનની સેવા કરે છે. એટલે આ જે સાધન થયું છે, તેનો ઉત્તમ રીતે લાભ લઈએ એટલી પ્રાર્થના છે.

*તા. ૧૨-૩-૧૯૬૨*

॥ હરિઃૐ ॥

# ૧૨. ભેદમાં અભેદ

## પ્રાણીમાત્રમાં શ્રેષ્ઠ માનવી

આપણને મનુષ્યનું જીવન મળેલું છે, એનું ખરેખરું મહત્ત્વ આપણા દિલમાં સાચી રીતે ઊગી ગયેલું નથી. એ જીવનમાં અમુક પ્રકારનું વિશિષ્ટ તત્ત્વ, વિશેષપણું રહેલું છે. એ કયા પ્રકારનું વિશેષપણું છે, જેને લીધે મનુષ્યજીવન બીજાં પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ છે ? જળચર, પશુ, પંખી કે બધાંમાં બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ સરખાં નથી. બધાંમાં મન નથી, બુદ્ધિ તો બહુ ઓછામાં ઓછી. જળચર, પશુ, પંખી વગેરેમાં પ્રાણ છે. માનવીમાં મન છે. એટલે એ માનવી છે. માનવીમાં પાંચ ઇંદ્રિયો વિશેષપણે ખીલેલી હોવાથી આપણે આપણા આત્માના સત્ત્વમાં ખીલી શકીએ-આત્માના પ્રકાશમાં વ્યક્ત થઈ શકીએ. સ્થિર અને સ્થિતપ્રજ્ઞ થઈ શકીએ, એ માટે આપણી પાસે પાંચ કરણો છે અને એટલે મનુષ્યજીવન બધાં પ્રાણીમાં શ્રેષ્ઠ છે.

## અભાનપણું

પરંતુ એનું ખરું મૂલ્યાંકન બુદ્ધિએ સ્વીકારેલું નથી. જો બુદ્ધિમાં એ સાચી રીતે ઊગી જાય, તો આપણે બરાબર એનો ઉપયોગ કરીએ. પાંચ પૈસા સિલકમાં ઘટે તો જરૂર ઘડભાંજ કરીએ, પચાસ રૂપિયા ખોવાઈ જાય તો પસ્તાવોય થાય, પણ એનાથી વિશેષ કિંમત-મનુષ્યજીવન ખોવાની સ્થિતિમાં કે ખોતા જ રહીએ છીએ - તેમાં ચૂકવીએ છીએ તોપણ તેનું આપણને ભાન પ્રગટતું નથી.

## જીવનનું મૂલ્ય

જીવન કેવી રીતે ખોઈ નાખીએ છીએ ? અનેક પ્રકારના અન્યથા પ્રકારના વિચારો, રાગદ્વેષ, આઘાત, પ્રત્યાઘાત વગેરેમાં માનવી જીવન વેડફી રહ્યો છે. એક અણમૂલો હીરો આપણે વેડફીએ છીએ એવું જો ભાન જાગે, તો બહુ સારી રીતે એનું જતન કરીએ, પણ એવું સાચું ભાન પ્રગટ્યું નથી. એ ભાન પ્રગટે કેવી રીતે ? બધાંને ભાન જાગી શકશે ? તો અમે કહીએ છીએ કે ના, બધાંને એવું ભાન ન જાગે. બધાં તો ઘરેડ પ્રકારનું જીવન જ વ્યતીત કરશે. એથી વધારે ને વધારે ગૂંચવાયેલું જીવન બનાવે છે, વળી કહે છે કે દુઃખ આવ્યું, મુશ્કેલી આવી - એ રીતે દુઃખી થઈ જાય છે. રાગદ્વેષનાં કૂંડાળાં કેવી રીતે ઓછાં પ્રગટે, કેમ કરીને બધાં સાથે સદ્ભાવ પ્રગટે, સુમેળ થાય એવું કોઈ કરતાં નથી, પણ કેમ કરીને ભેદ વધે એવું થતું હું તો જોઉં છું. અને એમાં પાછાં ગુલતાન થયા કરે છે. એવા જ વિચાર અને વૃત્તિમાં માનવી અથડાય છે !

સુખી થવાનો રસ્તો તો સદ્ભાવ, સુમેળ, પ્રેમ અને સહાનુભૂતિ કેળવવાનો છે. કોઈએ દ્વેષ કર્યો હોય તોપણ તેના પરત્વે સદ્ભાવ કેળવો, સહનશક્તિ કેળવો, ઉદારતા કેળવો, આ બધું તપ છે.

## દંભનો પડદો

મનુષ્યજીવનનું ખરું મહત્ત્વ તો સમજીએ. અને એના આવા અમૃતનો સ્વાદ ચાખવો હોય, તો ભેદ ઘટાડવાથી એમ થશે, ભેદ વધારવાથી નહિ. ભેદ ઘટાડવાથી સુખ મળે. ઘણી સમજણવાળો માનવી પણ ભેદ વધારે છે. ભેદ ઘટે એ તરફ

એનું લક્ષ જ દોરાતું નથી. એ બુદ્ધિથી સમજે છે, પણ એ પ્રમાણે વર્તતો નથી. ફલાણો આમ વર્ત્યો એમ કરીને એ પણ એ જ રીતે વર્તે છે, તો એ પ્રમાણે વર્તાતું કેમ નથી ? કારણ એ સમજણ બરાબર પાકી ગયેલી કે ઊંડે ઊતરેલી નથી. એ સમજણ ઉપરછલ્લી કે દંભ જેવી છે, તો જો સુખી થવું હોય તો દંભના પડદાને ચીરવો પડશે. એટલે મનુષ્યના સુખની આડે તો મોટામાં મોટો પડદો દંભનો છે અને એને પોતે જ ચીરવો પડશે. એ માટે સમજણ જોઈએ, એ કેવી રીતે ઊગે ? આપમેળે ઊગે.

## હાર્દ સમજવા મંથન

સારી સોબતથી મનુષ્યજીવનનું મનન ચિંતવન થાય. આ દેહ બહુ મોંઘો છે અને એની દુર્લભતા વિશે સતત ચિંતવન રહ્યા કરે અને મહાપુણ્યના પ્રતાપે મળેલા આ દેહની પાછળ રહસ્ય છે, હાર્દ છે એ સમજવું જોઈએ.

## કરણોનો શંભુમેળો

પાંચ કરણો - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌માં વિકૃતિ થઈ જાય છે. ભેદને કારણે વિકૃતિ થાય છે અને ઉશ્કેરાવાને લીધે એ બધાં કરણો સમતાની સ્થિતિમાં રહેતાં નથી, અને એ સ્થિતિમાં રાગદ્વેષ જેમ વધારીએ તેમ એમાં વિક્ષેપતા વધે છે. મન કંઈ ચાલે, બુદ્ધિ કંઈ ચાલે, અહમ્ કેમ વર્તે - એમાં શંભુમેળો થઈ જાય છે. આમ તો બધાં એક છે, છતાં શંભુમેળો કેમ થાય ?

## સમતાથી પ્રસન્નતા

સંસારમાં અનેક પ્રકારની આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામના થાય. એમાં ઘડીકમાં અમુક આશા, ઈચ્છા, કામના ઊગે. એટલે એમાં તાણાતાણ થાય. એમ પ્રાણ બિચારો ખેંચતાણમાં પડ્યો અને એની પાછળ બીજાં પણ ખેંચાય. એ ખેંચનો જે અનુભવ થાય છે, એનાથી સમતુલા ઘવાય છે - Balance of power disturbs. કુદરતે આવી શક્તિ આપમેળે મૂકેલી છે, અને એ જો ન હોત તો ઘર્ષણ ચાલ્યા જ કરત. આ બધાં આઘાત પ્રત્યાઘાતોથી ઘર્ષણ વધે, જ્ઞાનતંતુ નબળા પડે અને એથી શરીરમાં રોગ વગેરે થાય અને દુઃખી થવાય. એટલે જો સુખી થવું હોય, તો સમતા, તટસ્થતા વગેરે કેળવીએ, તો બહુ સરળતા થાય. એને લીધે જ્ઞાનતંતુની સમતા જળવાય. એવા લોકો બહુ સમતા કેળવીને ગમે તેટલું દુઃખ હોવા છતાં ખૂબ પ્રસન્નતા ભોગવે છે.

## બે દૃષ્ટાંતો

શ્રીરમણ મહર્ષિનાં દર્શને હું, શ્રીનારાયણની સાથે ગયેલો. શરીરની ઘણી દુઃખી અવસ્થામાં પણ એ પ્રસન્ન રહેતા. મારા ગુરુમહારાજ-બાળયોગી મહારાજને પગે ગૂમડું થયેલું. અંદર જીવડાં પડેલાં, તે બહાર પડી જાય તેને પાછાં અંદર મૂકતા. એટલે શરીરને સાચવવાની વૃત્તિ ઘણાંને હોય છે, જ્યારે ગુરુમહારાજ તો કહેતા કે શરીર પરત્વેની ઉપેક્ષા કેળવવાનું એક સાધન મને આપમેળે મળેલું છે તેને કેમ અવગણું ? અને એમાં પણ એ પ્રસન્ન રહી શકતા, પણ એનું કારણ

એમના જ્ઞાનતંતુની પ્રબળ સ્થિતિ હતી અને તે સમતુલાને આભારી હતી.

## ભેદ કેવી રીતે ઘટાડાય ?

આપણે એમ કેવી રીતે કરી શકીએ ? આઘાત પ્રત્યાઘાતથી છંછેડાઈએ નહિ, ઉશ્કેરાઈએ નહિ, સમતા રાખીએ એટલે મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્‌માં વિક્ષેપતા ન પ્રગટે. એમ કરવા રાગદ્વેષ મોળા પાડો. ભેદ ઘટાડો. જીવનમાં મળેલાં સર્વ સાથે એ રીતે વર્તવાનો પ્રયત્ન કરીએ. એ અઘરું છે પણ પ્રયત્ન કરવો. સંસારમાં વિવિધતા છે. આંખ, કાન, નાક, મોં વગેરે દરેકને હોય છે. છતાં દરેક જુદા જુદા હોય છે. એમાં વિવિધતા છે. તાડ જુઓ. દરેક તાડ જુદા. લીમડો - દરેક જુદો છે. એમ દરેક જુદા જુદા. એમ ગાય, ભેંસ, કબૂતર વગેરે એક જાત હોવા છતાં એ દરેકમાં વિવિધતા હોય છે. એક ભૂમિકા-પરિસ્થિતિ ઉપર દરેક માણસ જુદી રીતે વિચારે. એટલે જેમ દરેક જુદી જુદી રીતે વિચારે તો એની સાથે લડી ન પડતાં બીજાનું સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. રાગદ્વેષ મોળા પાડ્યા સિવાય તમે બીજાને સમજી શકશો નહિ. જો ભેદ ઘટે તે રીતે વર્તીશું, તો જ બીજાને સમજી શકીશું કે સમજી શકવાની શક્યતામાં આવીશું.

## વિવિધતા એ જ માયા

માણસોમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એક છે, પણ દરેકની ભૂમિકા, સમજણ જુદી છે. માટે, વિવિધતા તો રહેવાની જ. એટલે એને લીધે ભેદ પણ પ્રગટે. એનું નામ આપણા આચાર્યોએ માયા પાડ્યું. આ વિવિધતાને લીધે ભેદ

પડ્યો અને એને લીધે આપણે આત્મામાંથી જીવ થઈ ગયા. માયા એટલે ભ્રમણા. જોકે બધું દેખાય તો બરાબર. વિવિધતા કોનું લક્ષણ છે? એ પણ એકમાંથી જ પ્રગટેલી છે, એવી સમજણ જો જાગે, તો તો ભેદ ન થાય. બીજો મેળ રાખે કે ન રાખે, મારે તો સુમેળ રાખવો છે, એવું જો વિચારે તો જ મનુષ્ય સુખી થઈ શકશે.

**સુખ માટે દુઃખનો ઉપાય**

ત્યારે મનુષ્યનું મહત્ત્વ, શ્રેષ્ઠતા એનામાં સહજમેળે મળેલાં છે કે જે કોઈ પણ યોનિમાં કેળવાયેલાં નથી. માનવીને સુખ ગમે છે, પણ દુઃખનો ઉપાય કરતો નથી. એને એ અંગેની તાકાત કે જિજ્ઞાસા જાગી નથી. એ ઇચ્છે છે ખરો, પણ પોતાની અનેક પ્રકારની વૃત્તિ, મડાગાંઠો, સમજણમાં બંધાયેલો છે, એમાંથી છુટાતું નથી.

**આપણે કોણ છીએ ?**

જોકે આત્માનો સ્વધર્મ પળેપળ આનંદમાં પ્રગટવાનો છે. સૂર્યમાં પ્રકાશ, અગ્નિમાં ગરમી તેમ આત્મામાં આનંદ. એ બધું એ દરેકમાં સહજ છે, તો પછી માનવી જાગતો કેમ નથી? એનો મૂળ સ્વભાવ આનંદ છે. સૂર્ય રાત્રિએ જતો નથી રહેતો, પ્રકાશ પણ જતો નથી રહેતો, પણ પરિસ્થિતિ બદલાય છે, તેમ આપણે આત્મા છીએ, ચેતન છીએ પણ જીવ થઈ ગયા છીએ. આનંદ-અરે, આનંદ કરતાં અમૃતના સાગર છીએ. અરે, કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ છીએ. સત અને અસતમાં એમ જ રહીએ છીએ. આપણી એ સ્થિતિ

હોવા છતાં વર્તમાનમાં અનુભવતા નથી, એનું કારણ આપણે જે ભેદ પાડ્યો છે તે છે. આપણે આત્માની સ્થિતિનું ભાન ભૂલ્યા છીએ. પળેપળ આત્માની સ્થિતિના ભાનમાં રહી એકધારા પ્રવર્તે તેવા લોકો માયામાં ડૂબી જતા નથી, પણ આત્માની સ્થિતિમાં પ્રવર્તે એવો જીવ નિર્વિકાર રહી શકે છે, પણ આપણે એવું અનુભવી શકતા નથી, કારણ કે આપણે ભેદમાં છીએ. આપણે આત્માનું પળેપળ ભાન રાખી શકતા નથી. આપણામાંનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ આપણને સુખ અને દુઃખની પરિસ્થિતિમાં લઈ જાય છે, તો આપણને એ કઈ ઉત્તમ સ્થિતિમાં લઈ જાય છે, તે આપણે વિચારવું. એકબીજાનું સહન કરીએ - પ્રેમથી, સદ્ભાવથી, સુમેળ રાખીએ, દરેકને સહન કરવું પડે છે - પણ ના છૂટકે કે ત્રાસીને સહન કરે છે. એટલે એમાં ભેદ વિકૃતિ વધે છે. એટલે સહન કરવાનું આવે - એનાથી કોઈ છટકવાનું નથી- તો પ્રેમથી સહન કરવાની આદત કેળવીએ, એથી જ્ઞાનતંતુ બહુ મજબૂત થશે.

## ભગવાનના નામસ્મરણનો મેળ અંતઃકરણ સાથે

ભાઈ, અનુભવ કરો, કરી જુઓ અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની સમતુલા જળવાય એમ સમતાથી વર્તો. સાત કરોડ ભગવાનનાં નામજપ લખવાથી મોક્ષ થઈ જાય એમ મેં સાધુઓને કહેતાં સાંભળ્યું છે, તે તદ્દન ખોટી વાત છે. ભગવાનના સ્મરણનો મેળ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ સાથે જોડવો પડશે. તે સિવાય ઉદ્ધાર નથી. જો ભગવાનનું સ્મરણ કરતાં, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને

અહમ્ વગેરે જેમ વહેતાં હશે, તેમ વહેવા દેશો, તો પત્તો ખાશે નહિ. એટલે ભગવાનના સ્મરણનું મન, બુદ્ધિ સાથે સંધાણ થાય એનો રસ્તો ? મુખ્ય રસ્તો, રાગદ્વેષ મોળા પાડ્યા સિવાય કોઈ ભૂમિકા થવાની નથી.

કરોડો વર્ષ ભગવાનનું નામ પણ લીધા કરો તોપણ તમને કોઈ તારી શકશે નહિ. આપણે જીવદશામાં છીએ. માટે, રાગદ્વેષમાં કાયમ ન રહીએ એ કેળવવું. એ કેળવવું બહુ અઘરું છે. એનો કોઈ ઉપાય ખરો ? હા, ભગવાનનું સ્મરણ જો અખંડ થઈ જાય તો. એ પણ અઘરું છે, તો પછી સહેલો રસ્તો ભગવાનનું સ્મરણ, પ્રાર્થના કરતાં એની મેળે આપણાં મન, બુદ્ધિ સાથે પ્રયત્ન કરતાં કરતાં ટેવ પાડીએ અને તેમ કરવા સંપ, સુમેળ અને સદ્ભાવથી મળેલા જીવો સાથે વર્તીએ. એનાથી સહેવાનું ઘણું આવશે તે ખાસ લક્ષમાં રાખશો, પણ ભાવનાથી કરીને વર્તેલું તમને સુખની સ્થિતિમાં રાખશે, એ નિશ્ચિત છે એ જાણજો.

*તા. ૨૦-૩-૧૯૬૨*

॥ હરિઃૐ ॥

# ૧૩. શબ્દનું આધ્યાત્મિક વિજ્ઞાન

## શબ્દનો અવિર્ભાવ ?

આ પૃથ્વી ઉપર જ્યારે મનુષ્યની હસ્તી લાખો વર્ષ પહેલાં હશે, ત્યારે મનુષ્યના શરીરના જે વિજ્ઞાનશાસ્ત્રીઓ છે, તે લોકોનું એમ માનવું છે કે, જેને આપણે વાણી કે શબ્દ કહીએ છીએ તે પ્રચલિત ન હતો. ત્યારે મનુષ્યો ઈશારાથી પોતાનો વહેવાર ચલાવતા. તેવા કાળમાં શબ્દનું કેવી રીતે Menifesatation-વ્યક્તવ્ય=બહાર પડવું થયું, તે વિશે ઘણા મતભેદ છે.

## આપણાં શાસ્ત્રો

એમ કહે છે કે વાણી હતી પણ કયા પ્રકારની, તેનું સંશોધન થયું નથી. બીજા કેટલાક કહે છે કે ભાષા ન હતી. આપણી સંસ્કૃતિમાં Prevedic timesમાં લખવાની પદ્ધતિ ન હતી, પણ સાંભળીને, સ્મરણમાં રાખીને કે કંઠસ્થ કરવાની પદ્ધતિ હતી. શ્રુતિ એટલે સાંભળીને અને સ્મૃતિ એટલે મગજમાં જેનું સ્મરણ થયા કરે તે. એ રીતે આપણાં શાસ્ત્રો શ્રુતિ અને સ્મૃતિ તરીકે ઓળખાયાં છે.

## હૃદયનો ભાવ હૃદયમાં

વેદનું જ્ઞાન શ્રુતિમાં છે, તે પછીથી વિકાસ પામીને સ્મૃતિ થઈ. હવે, જ્યારે સ્મૃતિની સ્થિતિ હતી, તે પહેલાંના કાળમાં, જે શબ્દનું જ્ઞાન હતું તે હૃદયસ્થ હતું. જેમ કે, માણસને અત્યંત આનંદ થાય છે ત્યારે હૃદયનો ભાવ હૃદયમાં રહે છે. તેમ

બહુ આઘાત થાય ત્યારે માણસ બોલી શકતો નથી. ત્યારે આપણે રડાવવાનો પ્રયત્ન કરીએ છીએ કે જેથી એનો ડૂમો હળવો થાય. એનું કારણ એ છે કે શરીરના કોઈ કરણ ઉપર અસર થતી અટકે.

## વેદકાળ પૂર્વે આત્મજ્ઞાન

એટલે જ્ઞાનની જ્યારે ઉન્નત સ્થિતિ હોય ત્યારે વાણીનો લય થઈ જાય. સાધનામાં પણ જ્યારે સાધક ભગવાનમાં એકાકાર થઈ જાય ત્યારે વાણી લય પામી જાય. એટલે પહેલાંના કાળમાં જ્ઞાન ન હતું, લોકો મૂઢ હતા એવું જે કહેવાય છે તેવું આપણે ત્યાં ન હતું, કારણ કે આપણે ત્યાં વેદ પ્રગટ્યા તે પહેલાં આવી મૂઢતા હોઈ ન શકે. વેદના પ્રાગટ્ય જેવી - આવી જ્ઞાનની ભારેમાં ભારે સ્થિતિ હોય, તેની પહેલાંની સ્થિતિ અજ્ઞાનવાળી કેવી રીતે હોઈ શકે ? પશ્ચિમના લોકો કહે છે કે લાખો વર્ષ પહેલાં મનુષ્યો બોલતા ન હતા, ત્યારે અજ્ઞાન કે મૂઢ હતા, પણ આપણે ત્યાં ઋગ્વેદ વગેરે પ્રગટ્યા તે પહેલાં ઊંચા પ્રકારની ભૂમિકા હોવી જોઈએ. નહિ તો એવી ભૂમિકા વગર વેદ પ્રગટે નહિ. એટલે એવી સ્થિતિ થયા પહેલાં ભૂમિકા ઊંચી હોવી જ જોઈએ.

## ભારતની આદિપ્રજામાં આત્મજ્ઞાની

અત્યારે પણ જ્ઞાન એકદમ થઈ જતું નથી. એવી ભૂમિકા કે સ્થિતિ પ્રગટે તો જ જ્ઞાન થાય. એટલે આપણે આપણી સંસ્કૃતિ પ્રમાણે વિચારીએ, તો એક મત પ્રમાણે હિંદમાં જે આર્ય પ્રજા આવી તે અમુક જગ્યાએ વસતી હતી, અને ક્યાંથી તે આવી તેનું ચોક્કસ ઠેકાણું નથી. એ પ્રજામાંથી પણ ચારપાંચ

ફાંટા પડીને જુદે જુદે ઠેકાણે વસ્યા. એ સંસ્કૃતિનાં મૂળ હતાં. તેની જે અસરો ફેલાઈ તેમાં ઘણું સામ્ય નીકળે છે કે મળે છે. એટલે એ ઉપરથી અનુમાન કરી શકાય કે જે મૂળ ટોળીવાળા હતા, તે લોકોની પાસે અમુક પ્રકારનું જ્ઞાન હતું. તેમ છતાં એ લોકો ચોક્કસ અનુમાન ઉપર આવતા નથી કે જે પ્રજાને જ્ઞાન હતું, તે મૂળમાં કેવી રીતે અજ્ઞાની કે મૂર્ખ હોઈ શકે ?

જ્યારે ભક્તને જ્ઞાનની ઉન્નત અવસ્થા પ્રગટે, ત્યારે એની વાણી લય પામી જાય છે. એટલે ત્યારે જે હશે તેમાંથી અમુક વ્યક્તિ એવી પ્રગટી હોય કે તેમાંથી કોઈ સાધુ થયા હોય અને તેઓ આવી રીતે જ્ઞાનની દશામાં હોય, પણ બધા જ મૂઢ હોય એ શક્ય નથી.

## ચેષ્ટાઓ છતાંય શબ્દ ?

ત્યારે સમાજનું શું ? તે વિશે કોઈ નિર્ણય કરી શકતા નથી. એટલે બુદ્ધિથી વિચારીએ તો સમજાય છે કે ત્યારે વહેવાર તો ચાલતો જ હશેને ! તો તે ઈશારાથી ચાલતો હશે અને એમ કોઈક ને કોઈક શબ્દ તો નીકળી પડતો હશે. આપણી સંસ્કૃતિ કહે છે કે ભાષા તો હતી અને સૌથી પહેલો જે શબ્દ હતો તે 'ૐ' નીકળેલો. એનું કોઈ પ્રમાણ નથી, પણ આપણા લોકોએ વિચાર્યું કે શબ્દ ત્રણ ઠેકાણેથી નીકળે - નાભિ, કંઠ અને મૂર્ધન્ય. નાભિ અને કંઠમાંથી જે નીકળે તે કાને સાંભળીએ અને મૂર્ધન્યમાંથી જે શબ્દ નીકળે તે સાંભળી શકતા નથી. મૂર્ધન્ય એટલે માથાનો વચલો ભાગ. શબ્દનું સ્ફોટ થવું એ પણ માથાના વચલા ભાગમાંથી થાય છે. કાન સાંભળી શકે તે પણ કાનમાં એવી જ્ઞાનતંતુની રચના છે કે તે બધા જ્ઞાનતંતુ

મગજની અંદર જાય છે અને અંદરની રચનાને બહારનાં આંદોલનો સ્પર્શ કરે અને પછી અંદરની રચના બહારનાં આંદોલનોને પકડીને શબ્દને સાંભળી શકીએ, અને એમ શબ્દનું માથાના વચલા ભાગમાં પણ સ્થળ છે.

## ત્રણ કેંદ્રોની સમતામાંથી 'ૐ'

એટલે શબ્દના ત્રણ સ્થળને લીધે શબ્દ સંભળાતો હશે એમ બધાંએ વિચાર્યું. અને જ્યારે માણસ ભગવાનની સાથેના સંબંધમાં હોય ત્યારે આમ તો ત્રણે સ્થળોમાં સમતા કે સરખાપણું હોય, એ પળે જે શબ્દ નીકળે તેમાં એમણે અનુભવ કર્યો તો તે ૐ ઉચ્ચાર થાય. એમ ૐ આપણી સંસ્કૃતિનો મૂળ શબ્દ છે. એમ દરેક સંસ્કૃતિમાં મૂળ શબ્દની ઉપાસના થાય છે. મુસલમાનોમાં અલ્લા, તેમ જ ખ્રિસ્તી, જૈન ધર્મમાં પણ આવી ઉપાસના છે. એટલે નાભિ, કંઠ અને મૂર્ધન્યમાંના સરખાપણાથી જે શબ્દ નીકળે તેનો સંબંધ શ્વાસમાં હોવાથી અને શબ્દમાં સમ હોવાથી શ્વાસમાં પણ સમ પ્રગટે છે. અને એમ એ શબ્દ પ્રગટે ત્યારે શ્વાસ પણ સમ હોય છે. એટલે આવી ભાવનાવાળી સ્થિતિમાંથી શબ્દ નીકળે ત્યારે શ્વાસમાં સમ પ્રગટે અને બંને - સૂર્ય ચંદ્ર-નાડીમાંથી સરખા પ્રકારનો - એટલે કે કંપ વગરનો - એકબીજામાં જરા પણ જોશ નથી એવો શ્વાસ વહે છે. તેનો આપણા શાસ્ત્રકારોએ વિચાર કર્યો. શ્વાસનું સમ પ્રમાણમાં વહન થાય, તો તેની શી અસર થાય? એનું જ નામ પ્રાણાયામ. એટલે જ્યારે પ્રાણાયામ પ્રગટે ત્યારે આશા, તૃષ્ણા વગેરે મોળાં પડે, સાથે સાથે લાગણી, ઊર્મિ, ભાવના પણ શ્વાસ સાથે પ્રગટે અને એટલે શાંતિ, પ્રસન્નતા

લાગે છે. અને આપણો પ્રાણ, આશા, ઈચ્છા, તૃષ્ણા વગેરે જેનું Function (પ્રાણનો ધર્મ) છે તે પ્રાણ - જ્યારે ભાવ પ્રગટે ત્યારે સ્થિર થઈ શકે છે અને એ બધાં તે કાળ પૂરતાં શાંત થઈ જાય છે. આવી સ્થિતિમાં જ્યારે શબ્દ નીકળે અને તે પાછો ભાવનાવાળો પ્રગટે ત્યારે શ્વાસ એવા પ્રકારનો ચાલે, તેની સાથે બુદ્ધિ પણ સમ પ્રકારની થાય છે અને તેની સાથે સમગ્ર રીતે આપણામાં સમતા પ્રગટતી હોય છે.

**'ઉપાસના' એટલે ?**

ઉપાસનાનો અર્થ પાસે બેસવું. લોકોની પાસે બેસવું ? તો કહે ના. બ્રહ્મ કે ભગવાનની પાસે બેસવું. એમ આપણામાં એકધારી ભાવના પ્રગટે એટલે એનું નામ ઉપાસના.

એવી ભાવના પ્રગટે ત્યારે પ્રયત્ન નથી કરવો પડતો અને તેવે વખતે મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્‌ની શુદ્ધિ થયા કરે છે. અને એવી જ રીતે જેમ જેમ ભાવ ઉન્નતપણે પ્રગટ્યા કરે, ત્યારે એની અસર આપણાં શ્વાસોશ્વાસ અને ફેફસાં ઉપર અસર કરીને આપમેળે પ્રાણાયામની અસર કરે અને એમ શુદ્ધિ થાય છે.

**શબ્દની ઉપાસના**

આમ, શબ્દની ઉપાસનાથી આપણાં કરણોની વિશુદ્ધિ થઈ શકે છે, તે આપણે જોયું. એટલે સારા થવાની પ્રક્રિયા ભગવાનના નામની ઉપાસના છે એમ મેં તમને સમજાવ્યું. પછી તમને જે નામ વહાલું લાગતું હોય તેની ઉપાસના તમારા ધ્યેયને સન્મુખ રાખીને કરો, તો મન, બુદ્ધિ, પ્રાણ વગેરેની

વિશુદ્ધિ થયા કરે છે અને તેમ તેમ રાગદ્વેષ મોળા પડતા જાય છે. આ માટે જો શ્રદ્ધા પ્રગટેલી હોય તો જ બને. ગીતામાતાએ પ્રમાણ મૂક્યું છે કે 'શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ્'. એટલે આપણે વેપાર કરવો હોય તો મૂડી જોઈએ. એકલી મૂડી નહિ પણ આવડત, હૈયાઉકલત, સાહસ, હિંમત વગેરે જોઈએ. એકલી મૂડીથી ન ચાલે. ગમે તેવાં ગ્રાહક આવે તેની સાથે પણ પ્રેમથી સોદો કરો તો વેપાર ચાલે. વળી, વાણી પણ મધુર જોઈશે.

તેવી જ રીતે મનુષ્યે ચેતનને અનુભવવું હોય, તો સરળ અને સહજ પદ્ધતિ જે શોધી કાઢી છે, તે શબ્દની ઉપાસના. આ મેં તમને ખૂબ ચોખવટથી સમજાવ્યું. સ્મરણથી આપણાં કરણો કેમ વિશુદ્ધ થઈ શકે, તે પણ ભગવાનની કૃપાથી મેં સમજાવ્યું.

**નામસ્મરણની રીત**

આ શબ્દનો ઉચ્ચાર એ માત્ર બોલવાનો જ નથી, પણ એ બોલવાથી આપણાં કરણોની વિશુદ્ધિ થાય એવી રીતની સભાનતાથી ભગવાનના સ્મરણમાં જ્યારે અખંડતા પ્રગટે ત્યારથી સાચી સાધનાની શરૂઆત થાય છે. એટલે સાધનાની ખરી શરૂઆત માટે શબ્દની અખંડતાની મૂળ જરૂરિયાત. એટલે શબ્દની ઉપાસના એ પહેલાંના કાળમાં પણ (માનવી) બીજી સાધના કરી શકે એવી સ્થિતિ ન હતી ત્યારે આપણા ઋષિમુનિઓએ આપણા ઉપર કૃપા કરી, કરુણા કરીને, આપણને આ સ્મરણનું સહેલું સાધન આપ્યું છે.

સંસારમાં માનવીને સંતાપ, દુઃખ ભોગવવાં પડે છે અને એમાં શાંતિ પ્રગટાવવા ભગવાનનું સ્મરણ, ભજન, પ્રાર્થના વગેરે એ માટેના ઉત્તમમાં ઉત્તમ પ્રકારનાં સાધન છે. કરી જુઓ તો ખબર પડે.

## ગરજ પ્રગટાવો

માણસને જ્યારે પૈસાની જરૂર પડે અને એની પાસે ન હોય તો ઉછીના પણ લાવીને ચલાવે છે. એટલે જ્યારે ગરજ પડે ત્યારે બુદ્ધિ જાગ્રત થઈ જાય છે. એટલે ખરી ગરજ પ્રગટે તો બુદ્ધિ તે વિષયમાં કામ કરતી થઈ જાય છે. તેવી જ રીતે આ ભગવાનના નામમાં એવી ગરજ પ્રગટે, તો કામ થાય. એટલે શબ્દની ઉપાસના કરવાથી કામ સરે.

આપણે આ સંસારવહેવારમાં દુઃખ, અથડામણો ભોગવીએ છીએ, મૂંઝાઈએ છીએ. તેવે વખતે શાંતિ પામવાનું જો ખરું સાધન હોય તો સ્મરણ છે. એને માટે આપણને એમ થાય ખરું કે શાંતિ થાય તો સારું. દુઃખ, મુશ્કેલીઓ તો સંસારમાં આવવાનાં જ. અને આપણું મન જો એમાં જ પરોવાઈ રહેતું હોય, તો તેમાંથી મનને નોખું પ્રગટાવવાને માટે જો કોઈ સાધન હોય તો ભગવાનનું સ્મરણ છે. ભાઈ, કરી તો જુઓ.

## અનુભવીઓની શોધ - નામસ્મરણની ગોળી

અમેરિકામાં આજે એટલું બધું સંઘર્ષણ છે અને ગતિ થઈ છે કે, ત્યાં ટ્રાન્કવીલાઈઝર્સની શોધ થઈ છે. એ લોકોએ સ્થૂળ રીતે મન શાંત થાય એને માટે સ્થૂળ દવાઓ શોધી, અને એની માઠી અસર થાય છે, તે પણ શોધી કાઢ્યું છે. સંસારવહેવારના ઝઘડાઓમાંથી જે ટેન્શન જન્મે છે, તેને માટે અનુભવીઓએ કહ્યું છે કે શબ્દની ઉપાસના કરો. આ હકીકત પ્રયોગાત્મક છે. પ્રયોગ કરીને એ લોકોએ કહ્યું છે. ત્યારે માનવી, આ પોતાને ત્યાં, કે સંસારમાં કરી શકતો નથી, કારણ એને પોતાની જાત વિશે વિચારવાને માટે અવકાશ

મળતો નથી. એટલે ગુરુમહારાજના હુકમથી આમ કર્યું છે અને જે અંદર બેસશે એનાથી ભગવાનનું નામ લેવાયા જ કરાશે. અને સાથે એની વૃત્તિઓ પણ બધી ઊભરાય છે, પણ એમાંથી નિવૃત્ત કે પરાઙ્મુખ થવાની તૈયારી નથી, કારણ અભ્યાસ ચાલુ રાખતો નથી. અમેરિકામાં ટ્રાન્કવીલાઈઝર્સની ગોળીઓ ખાય છે, પણ સ્થૂળ ઉપાય છે, એ યોગ્ય નથી. માટે, જો આપણે આટલા વિક્ષિપ્ત થઈ જઈએ, તો ભગવાનને પ્રાર્થના, નિવેદન કર્યા કરો. બધાં કહે છે કે એ રોટલા આપી દેવાનો છે ? તો અમે કહીએ છીએ કે રોટલાનો આપનારો તો ભગવાન જ છે.

### કેવી રીતે અહમ્ મોળું પડે ?

આપણે સંસારમાં કમાઈએ છીએ તે બુદ્ધિ વડેને ? તો કહે કે હા. તો બુદ્ધિ એ ભગવાનની આપેલી છે, અને ચેતનની નજીકમાં નજીકનું કોઈ તત્ત્વ હોય તો તે બુદ્ધિ છે, અને તેના વડે કમાઈએ છીએ એટલે ભગવાન જ રોટલા આપે છે અને આપણે સાંભળીએ, સ્પર્શીએ કે જે કંઈ અનુભવીએ તે ભગવાનની ચેતના વડે કરીને. અને એ બરાબર સમજાઈ જાય તો આપણું અહમ્ મોળું પડી જાય. અહમ્ મોળું પડી જાય તો પછી બીજાં કરણોની શુદ્ધિ થાય અને એનાથી પણ ભગવાનની તરફ મન વળે.

### ઉત્તમ ઔષધ-શબ્દઉપાસના

શબ્દની ઉપાસના એ માત્ર બોલવા કરવાની પદ્ધતિ નથી, પણ હૃદયને વિશુદ્ધ કરવાની અમૃત સંજીવની છે. અને ક્લેશ

પામેલા જીવને શાંતિ પ્રગટાવવા, તે ઉત્તમમાં ઉત્તમ પ્રકારની દવા છે. અનેક પ્રકારે આપણે ફેંકાઈ ગયેલા હોઈએ, ત્રાસ પામેલા હોઈએ, મૂંઝાયેલા હોઈએ, ત્યારે પ્રાર્થના, નિવેદન કર્યાં કરો અને પછી જુઓ તો ખરા કે તમને તેમાં ફેર લાગે છે કે નહિ. સંસારમાં દુઃખ, મુશ્કેલી તો આવવાનાં જ. એનાથી તનાવ (Tension) અને સંઘર્ષણ પણ થવાનાં જ, તો તેવી સ્થિતિમાં ભગવાનની ઉપાસના એ ઉત્તમમાં ઉત્તમ દવા છે. તે આપણે બધાં સમજીને કરીએ એવી મારી તમને પ્રાર્થના છે.

*તા. ૩-૪-૧૯૬૨*

॥ હરિઃૐ ॥

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર ૭ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**શ્રીમોટા**

*‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ.૪૩૧*